અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ મે ૨૦૨૪, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ સુદ ૧

વર્ષ : ૧૫
અંક : ૨૭૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886





વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેલંગાણાના કરીમનગરમાં શ્રી રાજા રાજેશ્વરા સ્વામી મંદિરની મુલાકાત લીધી હતી.

### યોગી આદિત્યનાથે પાકિસ્તાન પર કર્યા આકરા પ્રહાર

## પાકના સમર્થનમાં હોય તે ત્યાં જ જઇને રહે ભારત પર બોજ ના બને : યોગી

### બહરાઈચના નાનપરામાં લોકસભાના ઉમેદવાર આનંદ ગૌર માટે મત માંગવા આવેલા યોગીના આકરા પ્રહારો

। (એજન્સી) લખનૌ, તા.૮ ।

યુપીના બહરાઈચના નાનપરામાં ચૂંટણી જાહેર સભામાં સીએમ યોગી આદિત્યનાથે ઈન્ડિયા ગઠબંધન પર જોરદાર નિશાન સાધ્યું. પાકિસ્તાન પર પ્રહાર કરતા સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે જે લોકો પાકિસ્તાનના નારા લગાવે છે તેમની સાથે મહારાજા સોહેલ દેવે સૈયદ સલાર મસૂદ ગાઝી સાથે જેવો વ્યવહાર કર્યો હતો તેવો જ વ્યવહાર કરવામાં આવશે. આવા લોકોને કહો કે જો તમે પેલા ભિખારી પાકિસ્તાનના નારા લગાવો તો ત્યાં રહે અને ભારત પર બોજ ન બનો.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીની સરકારમાં વિસ્ફોટ થતા હતા. જ્યારે જનતા પ્રશ્નો પૂછતી ત્યારે સપા અને કોંગ્રેસના લોકો કહેતા કે આ ઘટનાઓ સરહદ પારથી થઈ રહી છે. આજે જ્યારે આતંકવાદની વાત આવે છે ત્યારે પાકિસ્તાન સ્પષ્ટતા કરે છે કે અમે કંઈ કર્યું નથી. ભારત પોતાની બાજુથી કોઈને



ચીડતું નથી, પરંતુ જો કોઈ ભારતને ચીડવે તો તેને પણ છોડતું નથી. સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે સમાજવાદી પાર્ટીની સરકાર વખતે યુવાનોના હાથમાં પિસ્તોલ હતી. તેમની સરકારમાં ગુંડાઓ અને માફિયાઓ વિવિધ જગ્યાએ બોમ્બ વિસ્ફોટ કરતા હતા, પરંતુ ભાજપ સરકારમાં માફિયાઓ અને ગુંડાઓ જાણે છે કે આમ કરવાથી તેમની અંતિમ યાત્રા નિકળશે. સીએમ યોગી બહરાઈચના નાનપરામાં નાનપારા સઆદત ઈન્ટર કોલેજમાં બહરાઈચ લોકસભાના ઉમેદવાર આનંદ ગૌરના સમર્થનમાં વોટ માંગવા પહોંચ્યા હતા.

## તેલંગાણામાં જનસભાને સંબોધતા વડાપ્રધાનનો શહેજાદા રાહુલને સવાલ

# શા માટે ચૂંટણી જાહેર થઈ પછી અંબાણી-અદાણીને ગાળો આપવાનું બંધ કર્યું ?

। (એજન્સી) કરીમનગર, તા.૮ ।

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન પૂરું થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેલંગાણા અને આંધ્રપ્રદેશના પ્રવાસે આવ્યા છે. વડાપ્રધાન મોદીએ તેલંગાણાના કરીમનગર જિલ્લામાં જનસભાને સંબોધિત કરતા કોંગ્રેસ પર શાબ્દિક પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે ગઈકાલે દેશમાં ત્રીજા તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે અને કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનનો ત્રીજો ફ્યુઝ ઉડી ગયો છે. ‘તમે જોયું હશે કે કોંગ્રેસના શહેજાદા છેલ્લાં પાંચ વર્ષથી ઉઠીને ‘પાંચ ઉદ્યોગપતિ, પાંચ ઉદ્યોગપતિ’ની માળા જપતા હતા. જો કે તેમનો રાફેલવાળો કેસ ગ્રાઉન્ડેડ થઈ ગયો ત્યારે તેમણે નવી માળા જપવાની શરૂઆત કરી, અંબાણી-અદાણી, અંબાણી-અદાણી, અંબાણી-અદાણી. હવે જ્યારથી ચૂંટણી જાહેર થઈ છે ત્યારથી તેમણે અંબાણી-અદાણીને ગાળો આપવાનું બંધ કરી દીધું છે. હવે શહેજાદા જાહેર કરે કે, તેમણે અંબાણી-અદાણી પાસેથી કેટલો માલ ઉઠાવ્યો છે?’ તેલંગાણાના કરીમ નગરમાં આયોજિત એક ચૂંટણી સભામાં વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધી પર આ ગંભીર આરોપ લગાવ્યા હતા.

વડાપ્રધાન મોદી આ આરોપ લગાવ્યા પછી અટક્યા ન હતા. તેમણે કહ્યું કે, ‘રાહુલ ગાંધી જાહેર કરે કે, તેમણે ચૂંટણીમાં અંબાણી-અદાણી પાસેથી કેટલો માલ ઉઠાવ્યો છે કાળાં નાણાંના કેટલા બોરા ભરીને નાણાં લીધા છે? શું ટેમ્પો ભરીને કોંગ્રેસને કાળું નાણું પહોંચ્યું છે? એવો કયો સોદો થયો કે, તેમણે રાતોરાત અંબાણી-અદાણીને ગાળો આપવાનું બંધ કરી દીધું? જરૂર દાળમાં કંઈક કાળું છે. પાંચ વર્ષ સુધી અંબાણી-અદાણીને



ગાળો આપી અને પછી રાતોરાત ગાળો આપવાનું બંધ કરી દીધું. તેનો અર્થ એ છે કે, જરૂર કોઈ ને કોઈ ચોરીનો માલ ટેમ્પો ભરી ભરીને તમે મેળવ્યો છે. તમારે દેશને જવાબ આપવો પડશે.’ જો કે વડાપ્રધાન મોદીના આ નિવેદન અને આટલા ગંભીર આરોપ પછી એવો સવાલ થાય છે કે, અંબાણી-અદાણી વિરુદ્ધ મોદી સરકાર કોઈ કાર્યવાહી કેમ નથી કરતી? જો રાહુલ ગાંધીએ કાળાં નાણાંનો કોઈ સોદો કર્યો હોય અને વડાપ્રધાન મોદી પાસે તેની થોડી ઘણી પણ માહિતી હોય તો સરકાર ચૂપ કેમ છે? શું આ ગંભીર આરોપ છે કે ફક્ત ચૂંટણી પ્રચારની વ્યૂહનીતિ? એટલું જ નહીં, સવાલ તો એ પણ છે કે શું ઈડી ફક્ત સામાન્ય લોકોની જ તપાસ કરશે કે પછી આ પ્રકારના આરોપોને પણ ગંભીરતાથી લઈને કાર્યવાહી કરશે? વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ‘તેલંગાણાની સ્થાપના સમયે અહીંના લોકોએ ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) પર વિશ્વાસ કર્યો હતો, પરંતુ તેમણે લોકોના સપનાં તોડી નાખ્યા. કોંગ્રેસનો પણ ઈતિહાસ આવો જ છે. આઝાદી પછી કોંગ્રેસે પણ એવું જ કર્યું હતું. દેશ ડૂબી જાય તો ડૂબી જાય, પણ તેના પરિવારને કોઈ ફરક પડતો નથી. ફેમિલી ફર્સ્ટની નીતિને કારણે કોંગ્રેસે પી.વી. નરસિમ્હા રાવનું અપમાન કર્યું. તેમના મૃત્યુ બાદ તેમના પાર્થિવ દેહને કોંગ્રેસ કાર્યાલયમાં પ્રવેશવા પણ ના દેવાયો. જો કે ભાજપ સરકારે પી. વી. નરસિમ્હા રાવને ભારત રત્નથી સન્માનિત કર્યા હતા. વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે કોંગ્રેસ પાર્ટી એસસી, એસટી અને દલિતોનો અનામતનો અધિકાર છીનવી લેવા માંગે છે. કોંગ્રેસ મુસ્લિમ સમુદાયને તેમનું આરક્ષણ આપવા માંગે છે. કલ્યાણ સુનિશ્ચિત કરવું એ ન તો કોંગ્રેસનું વિઝન છે કે ન તો તેમનો એજન્ડા. કોંગ્રેસ માત્ર પોતાની વોટ બેંકને બચાવવા માંગે છે. આ ભ્રષ્ટ પક્ષ તુષ્ટિકરણની નીતિમાં સંપૂર્ણપણ ડૂબેલો છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો અગાઉ ગુજરાતના બનાસકાંઠાની એક ચૂંટણી રેલીમાં કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર શાબ્દિક પ્રહારો કર્યા હતા અને તેમને શહેનશાહ કહ્યાં હતા. જ્યારે રાહુલ ગાંધીએ ૪,૦૦૦ કિલોમીટર પગપાળા યાત્રા કરીને ખેડૂતો, ગરીબો સહિતના વિવિધ લોકોનો પ્રશ્નોને સાંભળ્યા હતા.

### નરેન્દ્ર મોદી ચૂંટણી જીતે તેમ અમેરિકાના ભારતીયોની ઈચ્છા

। વોશિંગ્ટન, તા.૮ ।

ભારતીય અમેરિકન સમાજના વડા અજય જૈન ભટૂરિયાએ કહ્યું કે, અમેરિકાના વસતા ભારતીયો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખૂબ પસંદ કરે છે. મોટાભાગના ભારતીય મૂળના લોકો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ત્રીજો કાર્યકાળ જોવા ઈચ્છે છે. આ ઉપરાંત જ્યારે ભારત વિશ્વભરમાં ચમકે છે, ત્યારે તેઓ ગર્વ અનુભવે છે, તેથી જ મોટાભાગના ભારતીયો દેશમાં વડાપ્રધાન મોદીને ફરી વડાપ્રધાન બનતા જોવા માંગે છે. ભારતીય-અમેરિકન ડમોક્રેટિક ફંડરાઈજર ભટૂરિયાએ કહ્યું કે, અમેરિકાની આર્થિક વૃદ્ધિમાં ભારતીયોનું મોટું યોગદાન છે. ભારતીયો સંયુક્ત રાજ્ય અમેરિકાની આર્થિક વૃદ્ધિ વધારવા અથાગ મહેનત કરી રહ્યા છે. ભારતનો આર્થિક વિકાસ લગભગ છથી સાત ટકાની ગતિએ આગળ વધી રહ્યો છે. ડેટા મુજબ આ વર્ષના અંત સુધીમાં ભારત જાપાનને પછાડી વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. ત્યારબાદ કદાચ ૨૦૨૭ સુધીમાં ભારત અમેરિકા અને ચીન પછી ત્રીજી મોટી અર્થવ્યસ્થા બની જશે.

### હવામાન વિભાગે પાંચ દિવસ માટે કરી આગાહી

## દેશભરના ઘણા રાજ્યોમાં વરસાદ, આંધીની સંભાવના

### જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશમાં ૯-૧૨ મે વચ્ચે હળવાથી મધ્યમ વરસાદ થવાની વકી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ઉત્તર પ્રદેશ સહિત દેશભરના ઘણા રાજ્યોમાં વરસાદ, આંધી તોફાનની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તેનાથી ગરમીમાં રાહત મળવાની આશા છે. પરંતુ રાજસ્થાન અને પશ્ચિમી મધ્ય પ્રદેશના વિસ્તારમાં આઠથી ૧૦ મે વચ્ચે હીટવેવ યથાવત રહેવાની છે. જ્યારે દક્ષિણના રાજ્યોમાં હીટવેવથી રાહત મળશે. પૂર્વી અને દક્ષિણ ભારતમાં ૧૧ મે સુધી ઘણા રાજ્યોમાં વરસાદ થઈ શકે છે. છેલ્લા ૨૪ કલાકના હવામાનની વાત કરીએ તો તમિલનાડુ, તેલંગણામાં હીટવેવની સ્થિતિ જોવા મળી. તમિલનાડુ, સમુદ્રી આંધ્ર પ્રદેશ, તેલંગણા, રાયલસીમામાં વરસાદ થયો. તો પૂર્વી મધ્ય પ્રદેશ, વિદર્ભ, નોર્થઈસ્ટ ઉત્તર પ્રદેશમાં ઓલા પડશે.

પાછલા દિવસોમાં સૌથી વધુ તાપમાન પશ્ચિમી રાજસ્થાનના બાડમેરમાં રેકોર્ડ થયું, જ્યાં ૪૫.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. હવામાન વિભાગ અનુસાર પશ્ચિમ બંગાળ, સિક્કિમમાં ૯-૧૧ મે, બિહાર, ઝારખંડ, ઓડિશામાં ૯-૧૨ મે વચ્ચે હળવાથી મધ્યમ વરસાદ થશે. પૂર્વી મધ્ય પ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં ૯-૧૩ મે વચ્ચે વરસાદ અને આંધી તોફાનની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તો અરૂણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં આગામી સાત દિવસ સુધી વરસાદ પડશે. તો પૂર્વી મધ્ય પ્રદેશ, વિદર્ભના વિસ્તારમાં આઠ અને નવ મેએ આંધીની આગાહી છે. દક્ષિણ ભારતના રાજ્યોની વાત કરીએ તો તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, આંધ્ર પ્રદેશ, યમન, રાયલસીમા, તેલંગણામાં ૯-૧૨ મે વચ્ચે હળવાથી મધ્યમ વરસાદ થવાનો છે.

### માલદીવને મોટો ઝટકો...

## માલદીવ પહોંચનારા પ્રવાસીઓની સંખ્યામાં ૪૨ ટકાનો ઘટાડો થયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારત સાથેના તણાવને કારણે માલદીવના પ્રવાસન પર અસર પડી રહી છે. માલદીવ પહોંચનારા ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં ચાર મહિનામાં ૪૦ ટકાથી વધુનો ઘટાડો થયો છે. દરમિયાન માલદીવે ભારતીય પ્રવાસીઓને ત્યાં આવવાની અપીલ કરી છે.માલદીવના પ્રવાસન મંત્રી ઈબ્રાહિમ ફૈસલે ભારત અને માલદીવ વચ્ચેના ઐતિહાસિક સંબંધો પર ભાર મૂકતા કહ્યું કે અમારી સરકાર ભારત સાથે મળીને કામ કરવા માંગે છે. અમારા લોકો અને અમારી સરકાર માલદીવમાં આવનારા ભારતીયોનું ઉષ્માભર્યું સ્વાગત કરશે. પ્રવાસન મંત્રી તરીકે હું ભારતીયોને માલદીવ આવવા કહેવા માંગુ છું. આપણું અર્થતંત્ર વાસ્તવમાં પ્રવાસન પર આધારિત છે.તમને જણાવી દઈએ કે માલદીવના પર્યટન મંત્રીની આ અપીલ એવા સમયે આવી છે જ્યારે ભારત સાથે તેના સંબંધોમાં તણાવ છે.

### નીરવ મોદી વિરુદ્ધ ત્રણ ગુનાહિત કેસ પેન્ડિંગ છે

## નીરવ મોદીને બ્રિટનની કોર્ટમાંથી આંચકો પમી વખત જામીન અરજી ફગાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

પાંચ વર્ષથી લંડનની જેલમાં રહેલા ભાગેડુ બિઝનેસમેન નીરવ મોદીએ મંગળવારે નવી જામીન અરજી દાખલ કરી હતી. પરંતુ બ્રિટિશ ન્યાયાધીશે તેને ફગાવી દીધો હતો. આ પાંચમી વખત છે જ્યારે કોર્ટે નીરવ મોદીની જામીન અરજી ફગાવી છે. ન્યાયાધીશે કહ્યું કે તે હજુ પણ ન્યાયથી છટકી જવાનું ‘નોંધપાત્ર જોખમ‘ ધરાવે છે. નીરવ મોદી, જે ભારતમાં પ્રત્યાર્પણ સામે પોતાનો કેસ હારી ચૂક્યો છે, તે ભારતમાં છેતરપિંડી અને મની લોન્ડરિંગના આરોપોનો સામનો કરી રહ્યો છે.લંડનમાં જામીનની સુનાવણી દરમિયાન ૫૨ વર્ષીય હીરા વેપારી હાજર થયો ન હતો. તેમનો દીકરો અને બે દીકરીઓ ગેલેરીમાં હાજર હતા. જિલ્લા ન્યાયાધીશ જ્હોન જાનીએ નીરવ મોદીની કાનૂની ટીમની દલીલ સ્વીકારી હતી કે અગાઉની જામીન અરજી લગભગ સાડા ત્રણ વર્ષ પહેલા દાખલ કરવામાં આવી હતી.

### મોદીના નિવેદન પર ખડગેનો વળતો પ્રહાર

## વડાપ્રધાન પોતાના જ મિત્રો પર હુમલાખોર બન્યા છે તે દર્શાવે છે કે મોદીજીની ખુરશી હલી રહી છે

### સમય બદલાઈ રહ્યો છે, મિત્ર હવે મિત્ર નથી રહ્યો : ખડગે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અદાણી-અંબાણી પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદન પર વળતો પ્રહાર કર્યો છે. ખડગેએ ટ્વીટ કરીને કહ્યું, સમય બદલાઈ રહ્યો છે. મિત્ર હવે મિત્ર નથી રહ્યો! વાસ્તવમાં પીએમ મોદીએ તેલંગાણામાં રેલીને સંબોધિત કરતા રાહુલ ગાંધી પર પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું હતું કે ૫ વર્ષ સુધી શહેજાદા અદાણી-અંબાણીનાં નામ જપતા હતા, પરંતુ જ્યારથી ચૂંટણી શરૂ થઈ ત્યારથી તેમણે નામ લેવાનું બંધ કરી દીધું.

ખડગેએ ટ્વીટ કરીને કહ્યું, સમય બદલાઈ રહ્યો છે. મિત્ર હવે મિત્ર નથી રહ્યોપ! ચૂંટણીના ત્રણ તબક્કા પૂર્ણ થયા બાદ આજે વડાપ્રધાન પોતાના જ મિત્રો પર હુમલાખોર બન્યા છે તે દર્શાવે છે કે મોદીજીની ખુરશી હલી રહી છે. આ પરિણામોનું વાસ્તવિક વલણ છે.

બુધવારે તેલંગાણાના કરીમનગરમાં ચૂંટણી રેલીને સંબોધતા પીએમ મોદીએ કોંગ્રેસને ૫ છ્યું કે લોકસભા ચૂંટણીની તારીખ જાહેર થયા પછી અંબાણી અને અદાણીનું નામ લેવાનું કેમ બંધ કર્યું? પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી માટે તે ઉદ્યોગપતિઓ પાસેથી કેટલા પૈસા મેળવ્યા છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોંગ્રેસના શહજાદા છેલ્લા ૫ વર્ષથી સવારે ઉઠતાની સાથે જ માળાનો જાપ શરૂ કરી દેતા હતા. જ્યારથી તેમનું રાફેલ વિમાન ગ્રાઉન્ડેડ થયું છે. ત્યારથી



તેણે નવી માળાનો જાપ શરૂ કર્યો. ૫ વર્ષ સુધી એક જ માળા જપતા, ’૫ ઉદ્યોગપતિ’, પછી ધીમે ધીમે ’અંબાણી’, ’અદાણી’ કહેવા લાગ્યા.

પીએમ મોદીએ કહ્યું, "પરંતુ જ્યારથી ચૂંટણી જાહેર થઈ ગઈ છે, તેઓએ અંબાણી અને અદાણીને ગાળો આપવાનું બંધ કરી દીધું છે." આજે હું તેલંગાણાની ધરતીને પૂછવા માગું છું? હું કોંગ્રેસના શહેજાદાને પૂછવા માંગુ છું કે, તેમને અદાણી અને અંબાણી પાસેથી કેટલો માલ મળ્યો છે? કાળામાણાના કોથળા ભરીને રુપિયા લીધા છે? એવી કઈ ડીલ થઈ છે કે તમે રાતોરાત અંબાણી અને અદાણીને ગાળો આપવાનું બંધ કરી દીધું? દાળમાં ચોક્કસપણે કંઈક કાળું છે.

# ગુજરાતમાં આગામી ત્રણ દિવસ હવામાન શુષ્ક રહેશે



। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે હવામાન વિભાગે દઝાળે તેવી ગરમી સાથે કમોસમી વરસાદની પણ આગાહી કરી છે.

અમદાવાદમાં ૪૩.૩ ડિગ્રી જ્યારે ભુજમાં ૪૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. હવામાન વિભાગનીનઆગાહી પ્રમાણે, હીટવેવ અને વરસાદ બંનેની આગાહી આગામી સાત દિવસ માટે આપવામાં આવી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના અભિમન્યુ ચૌહાણે, ગુજરાતના હવામાન અંગે આજથી સાત દિવસનું અનુમાન જણાવ્યુ છે. ગુજરાતમાં પાંચ દિવસ હવામાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૩.૩ ડિગ્રી તાપમાન અને ગાંધીનગરમાં ૪૨.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. જયારે રાજ્યમાં સૌથી વધારે તાપમાન ભુજમાં ૪૩.૫ ડિગ્રી નોંધાયુ છે.

આ સાથે તેમણે આગામી ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૩ ડિગ્રી તાપમાન રહેશે. તે બાદ અમદાવાદનું તાપમાન ૪૨ ડિગ્રી રહેશે. જ્યારે ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી તાપમાન રહેવાની આગાહી કરવામાં આવી છે. હીટવેવની વાત કરતા કચ્છમાં તાપમાન વધતા હીટવેવ વોર્નિંગ આપવામાં આવી છે તેમ જણાવ્યુ છે. કચ્છમાં વધતા તાપમાનને કારણે યલો એલર્ટની શક્યતા દર્શાવવામાં આવી છે.

અભિમન્યુ ચૌહાણે વરસાદ અંગેની આગાહી આપતા જણાવ્યુ છે કે, ગુજરાતમાં આગામી ત્રણ દિવસ હવામાન શુષ્ક રહેશે. જ્યારે ચોથાથી છઠ્ઠા દિવસમાં દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદની આગાહી આપી છે. તેમણે જણાવ્યુ કે, ચોથા, પાંચમા અને છઠ્ઠા દિવસે વરસાદની દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં શક્યતા છે. ચોથા દિવસે ડાંગ જિલ્લામાં વરસાદ થવાની આગાહી છે. જ્યારે ૧૨ અને ૧૩ તારીખે દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગો જેમકે નર્મદા, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણમાં સામાન્ય વરસાદ થવાની આગાહી છે.

દરિયાકાંઠાના હવામાન અંગેની આગાહીમાં તેમણે જણાવ્યુ છે કે, દરિયા કાંઠે પવન દક્ષિણ પશ્ચિમી તથા પશ્ચિમી દિશાથી ફૂંકાશે. પવનની ગતિ ૧૫થી ૨૦ નોડ્સની રહેશે. આગામી પાંચ દિવસ દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાન હોટ એન્ડ હ્યુમિડ રહેશે. જેના કારણે ડિસકમ્ફર્ટની સ્થિતિ સર્જાશે. હવામાન વિભાગ દ્વારા દરિયાકાંઠાના વિસ્તારોમાં યલો વોર્નિંગ આપવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### તાપીમાં ચાર વર્ષીય બાળકીનો દીપડાએ ભોગ લીધો

। (એજન્સી) તાપી, તા.૮ ।

તાપી જિલ્લામાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી જેમાં, એક નાની ચાર વર્ષીય બાળકીનો દીપડાએ ભોગ લીધો હતો. કુકરમુંડાના પિશાવર ગામની સીમમાં આ કરુણ ઘટના બનવા પામી હતી. બાજરાના ખેતરમાંથી દીપડો નાની બાળકીને ખેંચી ગયો હતો. આ રીતે બાળકને દીપડો ખેંચી જતાં ચિંતાનું વાતાવરણ સર્જાયું છે. આ ચાર વર્ષની બાળકી નું નામ દિવ્યાશી પાડવી હતું, આ બાળકીના મૃત્યુ ના સમાચાર આવતાજ આખા ગામમાં શોકનો માહોલ સર્જાયો હતો. દીપડાના હુમલો વનવિભાગ માટે એક ચિંતાનો વિષય છે. વનવિભાગે તરત જ દીપડાને પકડવા માટેની તજવીજ આરંભી હતી. દીપડાના હુમલાના લીધે ગામના લોકોમાં ચિંતાનું વાતાવરણ ફેલાઈ ગયું છે. હવે કોઈપણ આગામી સમયમાં તેમના બાળકને ખેતરમાં આ રીતે છૂટુ રમવા દે કે કેમ તેની સામે સવાલ છે.

### ફરજનો સમય પૂરો થયા બાદ રસ્તા પર ખોવાઈ ગયેલી ત્રણ વર્ષની બાળકીની વહારે આવી પરિવારે સાથે મિલન કરાવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદના ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ખુબજ સરાહનીય કિસ્સો જોવા મળ્યો હતો જેમાં સ્પષ્ટ રીતે જોવા મળ્યું હતુ કે સમાજ નો ખરો મિત્ર પોલીસ છે તે સાર્થક કરી બતાવ્યું હતું. લોકસભા ચૂંટણી ની સતત ૪૮ કલાકની ફરજ બજાવ્યા બાદ રાત્રે નવ વાગ્યા આસપાસ ઈસનપુર પોલીસ સ્ટેશન ના એક પોલીસકર્મી પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા જે દરમ્યાન મણિનગર ભૈરવનાથ રોડ પાસે મનોકામેશ્વર મહાદેવ મંદિર નજીકમાં એક માસૂમ, નાની ત્રણ વર્ષની બાળકી ને રડતા જોઈ પોલીસકર્મી પોતાની ફરજના કલાકો નહિ પરંતુ પોલીસ તરીકેની સમાજ પ્રત્યેની પોતાની ફરજને પ્રાધાન્ય આપી ઘરે જવાને બદલે બાળકીને પોતાની સાથે ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયા હતા ત્યાં જઈ પોલીસ ઈન્સ્પેક્ટરને જાણ કરી પોલીસ સ્ટેશન નજીકના રહીશોની મદદ મેળવી બાળકીને પોલીસ વેનમાં બેસાડી આજુ બાજુના વિસ્તાર માં ફરી મસ્જિદોમાં બાળકી ગુમ થયા બાબતનું એલાન કરાવી ઈસનપુર સોનીના ખેતરમાં રહેતા બિહાર રાજ્યના મજુર વર્ગના પરિવારને તેમની ત્રણ વર્ષની બાળકી સુરક્ષિત પરત સોપી સમાજનો ખરો મિત્ર પોલીસ ની વાત સાર્થક કરાતી કામગીરી કરી હતી.

### દીકરા માટે હચમચાવી દેતી સ્યૂસાઈડ નોટ છોડી

## દીકરાએ કેનેડા જઈ સંબંધો તોડતા ગુજરાતી દંપતીએ આપઘાત કર્યો

**કેનેડા સ્થાયી થયેલા પુત્રનું ૪૦ લાખનું દેવું ચૂકવ્યું છતાં સંભાળ ન રાખતાં સુરતના વૃદ્ધ માતા-પિતાએ આપઘાત કર્યો**

। (એજન્સી) સાવરકુંડલા, તા.૮ ।

આજકાલ દરેક બીજા યુવાને વિદેશ જવાનું ઘેલુ લાગ્યું છે. કેનેડા, યુકે, અમેરિકા, ઓસ્ટ્રિલા, જર્મની જવા માટે ગુજરાતી યુવા તલપાપડ બન્યા છે. માતાપિતા પણ દેવું કરીને સંતાનોને વિદેશ મોકલે છે. ત્યારે વિદેશ મોકલતા આવા કિસ્સામાં હચમચાવી દેતી ઘટના સામે આવી છે. સુરતના એક દીકરાએ કેનેડા સેટલ્ડ થઈ ગયા બાદ માતાપિતા સાથે સંબંધ તડી નાંખતા હતાશ થયેલા માતા પિતાએ આત્મહત્યા કરીને મોત વ્હાલું કર્યું છે. આ ઘટના દરેક એ માતાપિતા માટે લાલબત્તી સમાન છે, જેઓ લોન લઈને પણ સંતાનોને વિદેશ ભણવા મોકલે છે. પરંતું અહીં તો ઉલટું થયું. દીકરાએ કેનેડા જઈને માતાપિતા સાથે સંબંધ જ તોડી નાંખ્યા. મૂળ સાવરકુંડલાના વતની અને સરથાણા મીરા એવન્યુ ખાતે રહેતા ૬૬ વર્ષીય ચુનીભાઈ ગેડીયા અને તેમના ૬૪ વર્ષીય પત્ની મુક્તાબેને એક સાથે પંખા સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું. આ ઘટના બે દિવસ પહેલાની છે. બન્યું એમ હતું કે, ચુનીભાઈના નાના પુત્ર પિયુષને ૨ વર્ષ પહેલા ફાયનાન્સના ધંધામાં નુકસાન થતા ૪૦ લાખનું દેવુ થયુ હતું. ચુનીભાઈએ સંબંધીઓ પાસેથી નાણા લાવીને પિયુષનું દેવું ચૂકવ્યું હતું. બાદમાં પિયુષ કેનેડા જઈ ત્યાંજ સ્થાઈ ગયો. જોકે પિતાએ લોકો પાસેથી રૂપિયા લાવીને દેવુ ચૂકવ્યા છતા પિયુષ કેનેડાથી કોઈ મદદ કરતો ન હતો તેમજ તેમને પુછતો પણ ન હતો. પુત્ર માટે દેવું કરી રૂપિયા લાવ્યા હતા અને પુત્રએ જ મોઢું ફેરવી લેતા વૃદ્ધ દંપતીએ માટે આ આઘાત સહન કરી શકાય તેમ ન હતો. ચુનીભાઈ ગેડિયાએ પોતાના પુત્ર પિયુષને દેવું ચૂકવ્યુ હતું અને તેને કેનેડા મોકલ્યો હતો. આ તમામમાં ૩૮ લાખનો ખર્ચો થયો હતો. પરંતુ કેનેડા જઈને પુત્ર એ મોઢું ફેરવી લીધું દેવું પણ ચૂક્યું નહીં.

### દુર્ઘટના બાદ આસપાસના લોકો અહીં દોડી આવ્યા

## યુવાને ટ્રેન નીચે પડતું મૂકીને ટૂંકાવ્યુ જીવન, કારણ અકબંધ

**ધાનેરા પોલીસ અને રેલ્વે પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે**

। (એજન્સી) બનાસકાંઠા, તા.૮ ।

ધાનેરામાં ઘણો જ કરૂણ અકસ્માત સામે આવ્યો છે. ધાનેરાના માલોકરા ફાટક નજીક અગમ્ય કારણોસર યુવક ટ્રેન નીચે આવી જતા મોત નિપજ્યુ છે. ધાનેરા પોલીસ અને રેલ્વે પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે. હાલ આ યુવાન પાસેથી કોઈ અંતિમ ચિઠ્ઠી મળી હોવાનું સામે આવ્યું નથી. હાલ ધાનેરા પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આ દુર્ઘટના બાદ આસપાસના લોકો અહીં દોડી આવ્યા હતા. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, બનાસકાંઠાના ધાનેરામાં એક અજાણ્યા યુવાને ટ્રેન નીચે પડતુ મુકી જીવન ટૂંકાવ્યુ છે. ધાનેરાના માલોતરા ફાટક નજીક અગમ્ય કારણોસર યુવક ટ્રેન નીચે આવી જતા મોત નિપજ્યુ છે. ધાનેરા પોલીસ અને રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યાં તપાસ હાથ ધરી હતી. મૃતક યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ધાનેરા પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. મૃતક વ્યક્તિ ક્યાનો છે અને ક્યાંથી આવ્યો છે તે અંગેની હાલ તપાસ ચાલી રહી છે. પોલીસ આગળની કાર્યવાહીમાં સીસીટીવી ફૂટેજની પણ મદદ લઈ શકે છે. આ વ્યક્તિ પાસેથી હજી કોઈ અંતિમ ચિઠ્ઠી મળી નથી આવી જેથી તેના મોત પાછળનું ચોક્કસ કારણ પણ સામે આવી નથી રહ્યુ.થોડા સમય પહેલા બોટાદના નિગાળા રેલવે મથક પર એક જ પરિવારના ચાર સભ્યોએ ટ્રેન નીચે પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. આપઘાત કરનારામાં બે યુવતી અને બે પુરૂષો હોવાનું સામે આવ્યું છે. ચારેય મૃતકોએ ભાવનગર-ગાંધીગ્રામ ટ્રેન નીચે કૂદીને મોતને વ્હાલુ કર્યું હતું. ઘટનાની જાણ થતા બોટાદ રેલવે વિભાગના અધિકારીઓ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી.

### ગુજરાતની હોટ બેઠકો પર મતદાન ઘટ્યું

## ગુજરાતમાં ૨૦૧૯ની સરખામણીમાં પાંચ ટકા ઓછું મતદાન થયું

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ગુજરાતની ૨૫ સીટો પર ૫૯.૫૧ ટકા મતદાન થયું છે. લોકસભાની ૨૫ બેઠકોમાં સૌથી વધુ મતદાન વલસાડ લોકસભા બેઠક પર જ્યારે સૌથી ઓછું મતદાન અમરેલી લોકસભા બેઠક પર નોંધાયું છે. સમગ્ર ગુજરાતમાં બનાસકાંઠા લોકસભા બેઠક એવી છે જ્યાં ૨૦૧૯ની સરખામણીમાં ૩.૭૬ ટકા વધુ મતદાન થયું છે. બનાસકાંઠામાં કુલ ૬૮.૪૪ મતદાન થયું હતું. ૨૦૧૯માં ૬૪.૬૮ ટકા મતદાન થયું હતું. ગુજરાતમાં લોકસભાની ચૂંટણી દરમિયાન ક્ષત્રિય આંદોલનનો દબદબો રહ્યો હતો. ક્ષત્રિય આંદોલનની સંકલન સમિતિએ દાવો કર્યો છે કે સમાજના ૮૦ ટકા લોકોએ મતદાન કર્યું છે. આવી સ્થિતિમાં ભાજપને સાત બેઠકો પર નુકસાન થઈ શકે છે, જોકે ભાજપને ફરી એકવાર વિશ્વાસ છે કે તે રાજ્યમાં ક્લીન સ્વીપની હેટ્રિક કરશે. ગુજરાતમાં ગત લોકસભા ચૂંટણીની સરખામણીમાં પાંચ ટકા ઓછું મતદાન થયું હતું. એક અંદાજ મુજબ ૧.૯૦ કરોડ ગુજરાતીઓએ મતદાન કર્યું નથી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગાંધીનગરથી ચૂંટણી લડવાના કારણે આ બેઠક ગુજરાતમાં ચર્ચામાં હતી. આ બેઠક પર ૫૮.૦૮ ટકા મતદાન થયું હતું જ્યારે રાજ્યના પ્રમુખ સી.આર.પાટીલની નવસારી બેઠક પર ૫૫.૭૯ ટકા મતદાન થયું હતું. ક્ષત્રિય વિવાદ બાદ ચર્ચામાં આવેલી રાજકોટ બેઠકમાં ૫૮.૨૮ ટકા મતદાન થયું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાની પોરબંદર બેઠકમાં પણ ૫૧.૭૬ ટકા મતદાન થયું છે. પોરબંદરમાં કોંગ્રેસે મનસુખ માંડવિયા સામે સ્થાનિક નેતા લલિત વસોયાને મેદાનમાં ઉતાર્યા હતા. માંડવીયા ગુજરાતના ભાવનગરના છે.ગુજરાતમાં માત્ર બે જ લોકસભા બેઠકો એવી હતી કે જ્યાં વોટ ટકાવારી વધુ હતી. આદિવાસી પ્રભુત્વ ધરાવતી વલસાડ લોકસભા બેઠકને સમગ્ર રાજ્યમાં સૌથી વધુ મત મળ્યા હતા. અહીં ૭૨.૨૪% મતદાન થયું હતું. આ બેઠક પર કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલ અને ભાજપના ઉમેદવાર ધવલ પટેલ વચ્ચે જંગ છે. આ બેઠક પર કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ બેઠક યોજી હતી. બનાસકાંઠા એ ગુજરાતની બેઠક રહી છે જે મતદાનની ટકાવારીમાં બીજા ક્રમે છે. ગુજરાતમાં આ એકમાત્ર બેઠક હતી. જ્યાં કોંગ્રેસ કે ભાજપે મહિલાઓને મેદાનમાં ઉતાર્યા ન હતા. કોંગ્રેસના ગેનીબેન ઠાકોર અને ભાજપના રેખાબેન ચૌધરી વચ્ચેની ટક્કરને કારણે ચર્ચામાં આવેલી આ બેઠક પર પીએમ મોદી અને પ્રિયંકા ગાંધી બંનેએ રેલીઓ યોજી હતી. આ બેઠક પર કુલ ૬૮.૪૪ મત પ ડ્યા હતા.

### નરોડા નવયુગ કેનાલ નજીકનો બનાવ

## પુત્રને સળિયો મારતા ધારિયા ઉછળ્યા, પિતાએ ફાયરિંગ કર્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

નરોડા નવયુગ કેનાલ પર એક સગીર તેના મિત્રો સાથે બેઠો હતો ત્યારે એક શખ્સે ત્યાં આવીને સગીરને અહીં કેમ બેઠો છે કહીને લોખંડનો સળિયો માર્યો હતો. સગીરે આ બાબતે તેના પિતાને જાણ કરતા પિતા પુત્ર કેનાલ પર આ શખ્સને ઠપકો આપવા ગયા ત્યારે ત્યાં ચાર શખ્સોએ ભેગા થઈને પિતા પુત્ર સહિત ચાર લોકોને માર મારીને ધારિયા વડે હુમલો કર્યો હતો. સગીરના પિતાએ સ્વબચાવમાં લાઈસન્સવાળા હથિયારથી હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કરતા નાસભાગ મચી હતી. આ મામલે નરોડા પોલીસે બે ફરિયાદ નોંધી છે. જેમાં ધારિયા વડે હુમલો કરનાર ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. બીજી તરફ ફાયરિંગ કરનાર વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો છે. મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ નરોડા શ્યામવિહાર સોસાયટીમાં રહેતા રાઘવેન્દ્રસિંહ ચૌહાણ હિંગળાજ ફાયનાન્સ નામની ઓફિસ ધરાવીને ફાયનાન્સનો ધંધો કરે છે. ધંધાના કારણે તેમણે લાઈસન્સ વાળી ઓટોમેટિક પિસ્ટલ વસાવી હતી. રવિવારે રાત્રે રાઘવેન્દ્રસિંહનો સગીર પુત્ર નવયુગ કેનાલ પાસે મિત્રો સાથે બેઠો હતો ત્યારે વિશ્વજિતસિંહ નામના શખ્સે આવીને સગીરને અહીં કેમ બેઠો છે તેમ કહીને ગાળાગાળી કરીને ઝઘડો કર્યો હતો. સગીર અને તેના મિત્રોએ ગાળો ન બોલવાનું કહેતા વિશ્વજિતસિંહે લોખંડનો સળિયો સગીરને માર્યો હતો. આ બાબતે સગીરે તેના પિતાને જાણ કરતા રાઘવેન્દ્રસિંહ સગીર પુત્ર અને બે ભત્રીજાને લઈને વિશ્વજિતના ઘરે જતા હતા ત્યારે રસ્તામાં જ વિશ્વજિતસિંગ ઠાકુર, તેના પિતા અજયસિંહ ઠાકુર તથા લાલા ઠાકુર અને પંગુ મરાઠી મળી ગયા હતા. સગીરના પિતાએ તેમના દીકરાને કેમ માર માર્યો તેમ પૂછતા વિશ્વજિત સહિતના ચારેય શખ્સોએ ગાળાગાળી કરીને ઝઘડો કર્યો હતો અને વિશ્વજિતસિંહે ધારિયાથી રાઘવેન્દ્રસિંહને માથામાં એક ઘા મારી દીધો હતો. આ દરમિયાન સ્વ બચાવ માટે રાઘવેન્દ્રસિંહે તેમની પાસે રહેલી લાઈસન્સવાળી પિસ્ટલથી હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું. ફાયરિંગ કરતા ચારેય શખ્સોએ રાઘવેન્દ્રસિંહને વધુ માર માર્યો હતો.

### કુબેર ભંડારીના દર્શન પરત ફરી રહેલ મિત્રોને નડ્યો અકસ્માત

## દર્શન પરત ફરી રહેલ મિત્રોને નડ્યો અકસ્માત, એકનું મોત

। (એજન્સી) ડભોઈ, તા.૮ ।

રાજ્યમાં અકસ્માતનો સિલસિલો વણથંભ્યો છે. વડોદરાના ડભોઈમાં કરનાળી કુબેર ભંડારી દર્શન પરત ફરી રહેલ મિત્રોને ધરમપુરી નજીક અકસ્માત નડ્યો હતો. સ્કોર્પિયો ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા સાઈડમાં ઉભેલી હાઈવા ટ્રક સાથે અથડાઈ હતી. બનાવમાં ડભોઈ ઝારોલા વાગા વિસ્તારમાં રહેતી કેયુરી રાજુભાઈ ધોબીનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું, જયારે કાર ચાલકને પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ડભોઈ પોલીસે મૃતદેહ પી.એમ અર્થે મોકલી આપી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી, જ્યારે ઈજાગ્રસ્ત કાર ચાલકને વડોદરા સારવાર અર્થે ખસેડાયો હતો. સયાજીગંજ વિસ્તારના હોટલમાં રોકાયેલા અમદાવાદના યુવાને હોટલની રૂમની બારી પર દોરડા વડે લટકી જઈ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવાને અંતિમ ચિઠ્ઠીમાં આવું પગલું ભરવા બદલ માતા - પિતાની માફી માંગી પોતાના માથે કોઈ દેવું નહીં હોવાનું જણાવ્યું હતું. અમદાવાદ સરદાર નગર રમેશ દત્ત કોલોનીમાં રહેતા હેમંત નારાયણપુરી ગોસ્વામી (ઉં.વ.૩૯ ત્રણ દિવસ પહેલા સયાજીગંજ અપ્સરા હોટલના રૂમ નંબર - ૭ માં રોકાયો હતો. સવારે રૂમ સર્વિસ બોય આવ્યો હતો. તેણે બારણું ખખડાવ્યું પણ હેમંતે દરવાજો ખોલ્યો નહતો. રૂમ સર્વિસ બોયને લાગ્યું કે, હેમંત મોડી રાત સુધી જાગતો હતો. જેથી, તે ઊંઘતો હશે. હેમંતને ડિસ્ટર્બ નહીં કરવાનું વિચારી તે જતો રહ્યો હતો. પરંતુ, સાંજ સુધી રૂમમાંથી કોઈ હિલચાલ નહીં જણાતા હોટલના સ્ટાફે બારીમાંથી જોયું તો હેમંતે રૂમની બારીના સળિયા સાથે દોરડું બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. જે અંગે સયાજીગંજ પોલીસને જાણ કરવામાં આવી હતી. સયાજીગંજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડી.વી. પાટિલે સ્થળ પર જઈને તપાસ હાથ ધરતા હેમંતના પેન્ટના ખિસ્સામાંથી એક ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં તેણે પત્ની, પુત્રના નામ અને નંબર લખ્યા હતા.તેણે આવું પગલું ભરવા બદલ માતા - પિતાની માફી માંગી હતી. તેણે લખ્યું હતું કે, મારા પર કોઈ દેવું નથી. આ પગલું ભરવા પાછળ કોઈનો હાથ નથી. મને માફ કરજો. તેણે પોતાના પરિવારના તમામ સભ્યોના નામ અને નંબરો લખ્યા હતા. જેના આધારે પોલીસે તેના પરિવારનો સંપર્ક કરતા તેઓ વડોદરા આવી પહોંચ્યા હતા. પરિવારજનોએ પોલીસને જણાવ્યું હતું કે, હેમંત પાસે છેલ્લા કેટલાક સમયથી કોઈ કામ ધંધો નહતો.પરંતુ, તેને આર્થિક સંકડામણ પણ નહતી.

# ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડવા માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્યની નવીન પહેલ

### "પ્રણાલીગત અને બિન પ્રણાલીગત કારકિર્દીના પંથ પર ભોમિયા સાથે ભ્રમણ" કાર્યક્રમ અંતર્ગત વિડિયો લોન્ચ કરાયો

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

ટૂંક સમયમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓનું પરિણામ જાહેર થશે. ધોરણ ૧૦ અને ૧૨ના વિધાર્થીઓને જરૂરી કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડવા માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા નવીન પહેલ હાથ ધરવામાં આવી છે.

આ પહેલ અંતર્ગત અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે "પ્રણાલી ગત અને બિન પ્રણાલી ગત કારકિર્દીના પંથ પર ભોમિયા સાથે ભ્રમણ" કાર્યક્રમ અંતર્ગત વિડીયો લોન્ચ કરવામાં આવ્યો છે.

આ વીડિયોમાં વિદ્યાર્થીઓ દ્વારા લાઈવ પૂછાયેલા વિવિધ પ્રશ્નો સહિત કારકિર્દીની પસંદગી કેવી રીતે કરવી, ધો ૧૦ અને ૧૨ પછીના પ્રણાલી ગત અભ્યાસ ક્રમની સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ ગ્રામ્યની યૂટ્યુબ ચેનલ પર આ વીડિયો અપલોડ કરવામાં આવ્યો છે. જેને https:// youtube.com/watch?v=-VYa_ TVVbxM&feature=shared લીંક પર ક્લિક કરીને જોઈ શકાય છે.

આ ઉપરાંત, જો કોઈ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ કે ૧૨ માં સફળ થયા નથી અથવા ઓછા ટકા મેળવેલ છે, તો તેઓને પણ અભ્યાસ ચાલુ રાખી રોજગારીની તકો પૂરી પાડતા વિવિધ કોર્ષની માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કે જેમની પાસે ઓછા સંસાધનો ઉપલબ્ધ છે, તેમને યોગ્ય કારકિર્દી માર્ગદર્શન મળે અને કેટલાંક બિન પ્રણાલી ગત કોર્ષ જેવા કે ડ્રોન પાયલોટ કોર્ષ, જ્વેલરી ડિઝાઈનર કોર્ષ, ડાયમંડ વિષયક કોર્ષ કે જેઓ પૂરતી રોજગારી આપે છે તેનાથી વિદ્યાર્થીઓને અવગત કરવાનો પણ આ કાર્યક્રમનો હેતુ રહ્યો છે. સાથે જ, વીડિયો લિંકમાં મૂકવામાં આવેલ Descriptionમાં વિદ્યાર્થીઓ પોતાની મૂંઝવણો રજૂ કરી શકશે તેમજ પ્રશ્નો પૂછી શકશે. આ પ્રશ્નો અને મૂંઝવણો અંગે કારકિર્દીના ભોમિયાઓ(નિષ્ણાતો) દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને કારકીર્દી માટે ઉપયોગી ડિજિટલ માર્ગદર્શિકા, વિવિધ યોજનાઓ, વેબસાઈટ, ગુજરાત યુનિવર્સિટીના ક્ષ્ઠીજ પોર્ટલની માહિતી પણ Descriptionમાં મૂકવા આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શિક્ષણ વિભાગ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની પ્રેરણાથી શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડતો આ આ નવીન ઉપક્રમ હાથ ધરવામાં આવ્યો છે.

**ન્યૂઝ બ્રિફ**

## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને કર્ણાટક પોલીસનું તેડું

। (એજન્સી) બેંગલુરુ, તા.૮ ।

કર્ણાટક પોલીસે બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા અને આઈટી સેલના અમિત માલવિયાને સમન્સ પાઠવ્યું છે. પોલીસે તેમને બેંગલુરુ હાઈગ્રાન્ડ પીએસ સમક્ષ સાત દિવસની હાજર થવા કહ્યું છે. ઉલ્લેખનીય છે કે કોંગસ અને મુસ્લિમોને ટાર્ગેટ કરીને ટ પર એક પોસ્ટ કરવામાં આવી હતી. ચૂંટણી પંચે મંગળવારે ટને નિર્દેશ આપ્યો હતો કે તેઓ બીજેપી દ્વારા કોંગ્રેસ અને મુસ્લિમોને ટાર્ગેટ કરતો વીડિયો હટાવી લે. બીજી તરફ કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેએ બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ખુરશી ખતરામાં હોવા અંગેની ટિપ્પણી કરી હતી. ખડગેએ આ અંગે સોશિયલ મીડિયા ટ પર ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના જ મિત્રો પર ટિપ્પણી કરવા લાગ્યા છે.

## એક વખતમાં વ્યક્તિ બદલી શકે ૨૦ નોટો જેની કિંમત ૫૦૦૦થી વધુ ન હોય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

બજારમાં ખરીદી કરતી વેળાએ કેટલીય વાર આપણી પાસે એવી કરન્સી નોટ આવી જતી હોય છે જેનો કોઈપણ વ્યક્તિ સ્વીકાર કરતો નથી. પછી ભલે એ દુકાનદાર, પેટ્રોલ પંપ પર અથવા બસ કન્ડક્ટર હોય ,કોઈ તેને પાછી લેવા તૈયાર હોતું નથી. એવા સમયે દરેકને પ્રશ્ન થાય છે કે હવે આ નોટનું શું થશે ? કેટલીક વાર લોકો જાત જાતની સલાહ પણ આપે છે જેમાંથી કોઈ તમને બૅંકમાં બદલાવાનુ પણ સૂચન કરે છે પરંતુ ફાટેલી અથવા નંબર ગયેલી નોટ બેંક પાછી લે છે ? તેવો પ્રશ્ન આપણને ચોક્કસ થશે. તો રિઝર્વ બૅંકે ચલણી નોટો બદલી આપવા અંગે કેટલાક નિયમો બનાવ્યા છે, જે મુજબ જો તમારી પાસે એવી નોટ આવી ગઈ હોય જેનો સિરિયલ નંબર પણ ના દેખાતો તો એવી નોટ બદલી શકાય. આવી ખરાબ નોટો માટે બેંક દ્વારા નોટો બદલવાના કેટલાક માપદંડો બનાવ્યા છે. બેંક એવી જ નોટો બદલી આપે છે જેમાં કેટલાક સિક્યોરિટી સાઈન સહી સલામત હોય છે. તેમાં RBIના ગવર્નરની સહી, મહાત્મા ગાંધીનું વોટરમાર્ક, નોટનો સિરિયલ નંબર સહી સલામત હોવું જોઈએ. જો તમારી નોટમાં આ વસ્તુઓ ન હોય તો બેંક તમારી ફાટેલી નોટ બદલવાનો ઈનકાર કરી શકે છે. તમારી તેવી નોટો નહીં બદલી આપવામાં આવે જેમાં RBIના ગવર્નરની સહી, મહાત્મા ગાંધીનું વોટરમાર્ક, નોટનો સિરિયલ નંબર નહીં હોય. આ ઉપરાંત RBIએ ફાટેલી નોટ બદલી આપવાની લિમિટ પણ નક્કી કરી છે. એક વખતમાં એક વ્યક્તિ,૨૦ નોટો જ બદલી શકે છે જેની કીંમત વધુમાં વધું ૫૦૦૦ રૂપિયા જ હોવી જોઈએ.

### મોના પટેલના ડેબ્યૂ લુકે લાઇમ લાઇટ ચોરી લીધી હતી

# મેટ ગાલા ઈવેન્ટમાં મૂળ ગુજરાતની સૌથી ચર્ચિત મોના પટેલ છવાઈ ગઈ

### મોનાએ ઓફ-વ્હાઇટ અને ગોલ્ડન ‘મિકેનિકલ બટરફ્લાય’ ડ્રેસ પહેર્યો હતો

। (એજન્સી) ન્યુયોર્ક, તા.૮ ।

મેટ ગાલા ઈવેન્ટમાં ભારતીય સુંદરીઓએ તેમના ગ્લેમરસ દેખાવ અને સ્ટાઈલ સ્ટેટમેન્ટથી હલચલ મચાવી હતી. પછી તે અભિનેત્રી હોય કે બિઝનેસ વુમન, દરેકની સુંદરતા જોવા જેવી હતી. ભારતીય માનુનીઓએ વિદેશી ધરતી પર પોતાના દેખાવ અને સ્ટાઈલથી ગ્લેમરની દુનિયાને આંજી દીધા હતા, પરંતુ ગુજરાતની સૌથી ચર્ચિત ફેશન ઉદ્યોગસાહસિકે દરેકને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ફેશન જગતની આ પ્રસિદ્ધ ઈવેન્ટનું આયોજન દર વર્ષએ મે મહિનામાં પહેલા સોમવારે



કરવામાં આવે છે, જે ‘MET MONDAY’તરીકે ઓળખાય છે. અહીં લોકો બોલિવૂડ અભિનેત્રીના લુકની રાહ જોઈ રહ્યા હતા અને કેટલાક લોકો કઈ બિઝનેસ વુમન એન્ટ્રી લેશે તે જાણવા ઉત્સાહિત હતા. એ સમયે ગૂજરાતી મોના પટેલની એન્ટ્રી થઈ હતી. આલિયા ભટ્ટ અને ઈશા અંબાણીની જેમ તે પણ મેટ ગાલામાં છવાઈ ગઈ હતી. મોના પટેલના ડેબ્યૂ લુકે લાઈમ લાઈટ ચોરી લીધી હતી. મેટ ગાલા ૨૦૨૪ ઈવેન્ટમાં ગુજરાતી બિઝનેસવુમન મોના પટેલે ઑફ-વ્હાઈટ અને ગોલ્ડન ‘મિકેનિકલ બટરફ્લાય’ ડ્રેસ પહેર્યો હતો. આઈરિસ વેન હર્પેને આ સુંદર ડ્રેસ ડિઝાઈન કર્યો છે. જે ‘ધ ગાર્ડન ઓફ ટાઈમ’ની થીમ સાથે સંપૂર્ણ રીતે મેળ ખાતો હતો. મોના પટેલના આઉટફિટને પોપ્યુલર સ્ટાઈલિશ લો રોચે સ્ટાઈલ કર્યો હતો. તેમના આ ડ્રેસે મેટ ગાલાના ઉત્સાહીઓ અને નેટીઝન્સ બંનેના દિલ જીતી લીધા હતા.

### ભ્રામક જાહેરાતોને લઈને સુપ્રીમ કોર્ટનું મોટું નિવેદન

# ભ્રામક જાહેરાતો માટે સેલિબ્રિટી અને ઈન્ફ્લુએન્સર પણ જવાબદાર

### IMA અધ્યક્ષના વિવાદીત નિવેદનનો માંગ્યો જવાબ સુપ્રીમ કોર્ટે પતંજલિની સાથે સાથે IMA ને કરી ટકોર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભ્રામક જાહેરાતોને લઈને સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ટકોર કરતા કહ્યું હતું કે સેલિબ્રિટી અને મીડિયા ઈન્ફ્લુએંસર જે કોઈ ભ્રામક જાહેરાતો કરતા હોય તો તેઓ પણ એટલા જ જવાબદાર ગણાય. સાથે જ જાહેરાતો આપનારે અને એજન્સીઓ કે એન્ડોર્સર આવી જાહેરાતો માટે સરખા જવાબદાર ગણાશે. આઈએમએ અધ્યક્ષના વિવાદિત નિવેદન પર નોટિસ પણ પાઠવી છે અને ૧૪મી મે સુધીમાં



જવાબ માગ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે બ્રોડકાસ્ટર્સને કોઈપણ જાહેરાત આપતા પહેલાં સ્વ-ઘોષણાપત્ર દાખલ કરવું જોઈએ. જેમાં એવુ આશ્વાસન આપવામાં આવે કે તેના પ્લેટફોર્મ પર પ્રકાશિત કે પ્રસારિત થનારી જાહેરાતો કેબલ નેટવર્ક નિયમો, જાહેરાત કોડ વગેરેનું પાલન કરે છે. એક ઉપાયના રૂપે અમે આ આદેશ આપ વાનું યોગ્ય સમજીએ છીએ કે કોઈ પણ જાહેરાતને અનુમતી આપતા પહેલા એક સ્વ-ઘોષણા પ્રાપ્ત કરવામાં આવે. ૧૯૯૪ના કેબલ ટીવી નેટવર્કના નિયમો, જાહેરાત સંહિતા વગેરેના આધાર પર જાહેરાતો માટે સ્વ-ઘોષણા પ્રાપ્ત કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટમાં પતંજલિની ભ્રામક જાહેરાતો અને બાબા રામદેવના કેસની સુનાવણી ચાલી રહી છે.



મંડીમાં લોકસભા ચૂંટણી માટે બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સાથે હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી જયરામ ઠાકુર અને બીજેપીના પ્રદેશ અધ્યક્ષ ડો. રાજીવ બિંદલ અને પાર્ટીના ઉમેદવાર કંગના રનૌત સાથે સંબોધતા જોવા મળ્યા.

### પોર્ન સ્ટાર સાથે ટ્રમ્પના સંબંધોની માહિતી બહાર આવી હતી

# પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરીવાર વિવાદોમાં ઘેરાયા

। વોશિંગ્ટન, તા.૮ ।

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એક વખત વિવાદોમાંા ઘેરાયા છે. મુદ્દો એ છે કે પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સ અને અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેના સંબંધોને લઈને અમેરિકાના રાજકીય વર્તુળોમાં ઘણી વાતો સાંભળવા મળે છે. વર્ષ ૨૦૧૬માં એક પોર્ન સ્ટાર સાથે ટ્રમ્પના સંબંધોની માહિતી બહાર આવી હતી અને તેને છુપાવવા માટે તેમણે સ્ટોર્મીને ૧ લાખ ૩૦ હજાર



અમેરિકન ડોલર ચૂકવ્યા હતા. આજ કેસમાં આજે સ્ટોર્મી ડેનિયલ્સે અમેરિકની એક કોર્ટમાં જુબાની આપી હતી. પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સે મંગળવારે કોર્ટમાં શારીરિક સંબંધો અને પૈસા લેવાના મામલા અંગે વિગતે માહિતી આપી હતી. તેણે જુબાની દરમિયાન ટ્રમ્પ સાથે ગાળેલી એક સાંજનું સંપૂર્ણ વર્ણન કર્યું હતું.

### જૈન સમાજનો ઐતિહાસિક ઇમારત પર દાવો

# ખ્વાજા ગરીબ નવાઝની દરગાહ પાસે સ્થિત અઢી દિવસની ઝુંપડી પર દાવો

### મહારાજ સુનિલ સાગર ઐતિહાસિક અઢી દિવસની ઝુંપડી પર પહોંચ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

જૈન સમુદાયે રાજસ્થાનના અજમેરમાં ખ્વાજા ગરીબ નવાઝની દરગાહ પાસે સ્થિત અઢી દિવસની ઝુંપડી પર પોતાનો દાવો રજૂ કર્યો છે. પહેલા હિંદુઓ દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે અહીં સંસ્કૃત કોલેજ છે અને હવે જૈન સમુદાયના સુનીલ સાગર મહારાજે દાવો કર્યો છે કે તે જૈન સ્થળ છે. મંગળવારે જૈન સમાજના મહારાજ સુનિલ સાગર ફાઉન્ટેન સર્કલથી દરગાહ



બજાર થઈને અઢી દિવસની ઝુંપડી પર પહોંચ્યા હતા. જૈન સમાજના જણાવ્યા અનુસાર અઢી દિવસની ઝૂંપડી અગાઉ જૈન મંદિર કે સ્થળ હતું તે પહેલા પણ સંસ્કૃત પાઠશાળા હતી જેના વિશે તેઓએ આજે પુરાવા એકત્ર કર્યા છે. આ ઐતિહાસિક અઢી દિવસના ઝૂંપડામાં પણ પ્રતિમાઓ જોવા મળી હતી. જૈન સંત સુનિલ સાગરજી મહારાજે જણાવ્યું હતું કે ઈતિહાસ સમયાંતરે બદલાતો રહે છે, તેથી દરેકે ઉદાર બનવું જોઈએ. અઢી દિવસની ઝૂંપડી નહીં પણ ઐતિહાસિક સ્થાપત્ય અને મહેલનું સ્થળ હતું. પરંતુ અત્યારે તે મસ્જિદના રૂપમાં દેખાય છે. અહીં ઘણી ઐતિહાસિક મૂર્તિઓ પણ સ્થાપિત કરવામાં આવી હતી.

### કોરોનાની રસી લીધા બાદ થયેલી આડ અસરને લીધે નિર્ણય

# કોરોનાની રસી બનાવનાર એસ્ટ્રાઝેનેકા કંપની હવે કોવિડ-૧૯ રસી પાછી ખેંચી લેશે

### કંપનીએ કોર્ટમાં સ્વીકાર્યું કે વેક્સિનના પગલે બ્લડ ક્લોટિંગ અને બ્લડ પેલેટલેટ્સ કાઉન્ટ્સ ઓછા થવા સહિતની આડ અસર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

વિશ્વભરમાં તેની કોવિડ-૧૯ રસી પાછી ખેંચી લેશે. ૭ મે ૨૦૨૪ બ્રિટિશ-સ્વીડિશ બહુરાષ્ટ્રીય ફાર્માસ્યુટિકલ અને બાયોટેકનોલોજી કંપનીએ માહિતી આપી કે તેણે રસી પાછી ખેંચવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ન્યૂઝ એજન્સી રોઈટર્સના રિપોર્ટમાં કંપનીને ટાંકીને એવું પણ કહેવામાં આવ્યું છે કે માંગમાં ઘટાડાને કારણે તેણે આ પગલું ભરવું પડ્યું છે. AZN લિમિટેડ એ પણ માહિતી આપી હતી કે તે યુરોપમાં વેક્સઝેવરિયા રસીની માર્કેટિંગ અધિકૃતતા પાછી ખેંચી લેશે. કંપનીના નિવેદન અનુસાર, “કોરોના રોગચાળા પછી ઘણી કોવિડ -૧૯ રસી બનાવવામાં આવી છે. આવી સ્થિતિમાં, અપડેટેડ રસી પણ બજારોમાં ઉપલબ્ધ છે.” એસ્ટ્રાઝેનેકાએ એમ પણ કહ્યું કે આ કારણોસર તેની વેક્સજાવરિયા રસીની માંગમાં ઘટાડો થયો છે. આ જ કારણ છે કે હવે તેનું ઉત્પાદન કે સપ્લાય કરવામાં આવી રહ્યું નથી. કોવિડ-૧૯ રસી બનાવતી કંપની દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે, થોડા દિવસો પહેલા, એસ્ટ્રાઝેનેકાએ કોર્ટના દસ્તાવેજોમાં પ્રથમ વખત સ્વીકાર્યું હતું કે ઓક્સફર્ડ યુનિવર્સિટી સાથે ભાગીદારીમાં વિકસિત તેની રસી દુર્લભ અને ગંભીર લોહી ગંઠાવાનું જોખમ ઊભું કરી શકે છે. છે.

### સામ પિત્રોડાના નિવેદન મુદ્દે વડાપ્રધાન મોદીના પ્રહાર

# શહેજાદાના ગાઈડ પર ગુસ્સે છું, કાળા લોકોને ગાળ આપી

### મોદીએ વધુમાં જણાવ્યું કે, શહેજાદાના એક અંકલ અમેરિકામાં રહે છે : આ અંકલ શહેજાદાના ફિલોસોફિકલ ગાઈડ છે

। (એજન્સી) વારંગલ, તા.૮ ।

કોંગ્રેસ નેતા સામ પિત્રોડાએ થોડા દિવસો પહેલા ‘વારસાગત ટેક્સ’ને લઈને એક ટિપ્પણી કરી હતી. જેના પર ખૂબ વિવાદ થયો હતો. આ વિવાદ હજુ પુરો થયો નથી, ત્યા હવે કોંગ્રેસ નેતાએ ભારતીય લોકોના દેખાવને લઈને એક નિવેદન આપ્યું છે. જેના પર પણ વિવાદ થયો છે. ત્યારે હવે વડાપ્રધાન મોદીએ પણ પિત્રોડાના નિવેદનને લઈને કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા છે. તેલંગાણાના વારંગલમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સામ પિત્રોડાના નિવેદન પર કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ‘આજે હું ખૂબ ગુસ્સામાં છું. શહેજાદાના એક અંકલે આજે એવા અપશબ્દ કહ્યા કે જેનાથી મને ગુસ્સો આવી ગયો. જે લોકો બંધારણને માથે રાખે છે તેઓ દેશની ચામડીનું અપમાન કરી રહ્યા છે.’ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ



વધુમાં જણાવ્યું કે, ’શહેજાદાના એક અંકલ અમેરિકામાં રહે છે. આ અંકલ શહેજાદાના ફિલોસોફિકલ ગાઈડ છે, જે ક્રિકેટમાં થર્ડ અમ્પાયર હોય છે, અને જો કોઈ મૂંઝવણ હોય તો અમ્પાયરને પૂછે છે, તેવી જ રીતે જ્યારે શહેજાદાને કોઈ મૂંઝવણ હોય ત્યારે તે થર્ડ પ્લેયર પાસેથી સલાહ લે છે. શહેજાદાના અંકલે એક મોટું રહસ્ય ખોલ્યું છે. આ અંકલે કહ્યું છે કે ‘જેમની ચામડીનો રંગ કાળો છે, તે બધા આફ્રિકાના છે. આ ઉપરાંત વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુનો ઉલ્લેખ કરતા વધુમાં કહ્યું હતું કે અમારા કાર્યકાળમાં અમે આદિવાસી દીકરી દ્રૌપદી મુર્મુને રાષ્ટ્રપતિ બનાવી પરંતુ કોંગ્રેસે આનો જોરદાર વિરોધ કર્યો.

### ઘણા બધા ક્રુ મેમ્બર્સ છેલ્લી ઘડી બીમાર પડ્યા

# એર ઇન્ડીયા એક્સપ્રેસે ક્રુ મેમ્બર્સ બીમાર પડતા અચાનક પોતાની ૭૮ ફ્લાઇટ રદ કરી

### એર ઇન્ડીયા અને એર ઇન્ડીયા એક્સપ્રેસમાં વિલય થવાનું છે જેનો કર્મચારીઓ સતત વિરોધ કરી રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

જો તમે આજે હવાઈ મુસાફરી કરવાના છો તો તમારા માટે મોટા સમાચાર છે. એર ઈન્ડીયા અને એર ઈન્ડીયા એક્સપ્રેસ એરલાઈન્સને અચાનક પોતાની ૭૮ ફ્લાઈટ રદ કરવી પડી છે તેનું મોટું કારણ છે કર્મચારીઓની ઘટ જોકે એરલાઈન્સના ક્રૂ મેંબર્સ સામૂહિક રૂપથી બિમારીની રજા પર જતા રહ્યા છે, જેના લીધે કંપનીને આ પગલું ભરવું પડ્યું છે. ખાસ વાત એ છે કે આ કર્મચારીઓને લીવ માટે કોઈ નોટિસ પણ આપી નથી. એર ઈન્ડીયા એક્સપ્રેસે એ જણાવ્યું કે સીનિયર ક્રૂ મેમ્બર્સ અચાનક નોટિસ લીવ પર જતાં આંતરાષ્ટ્રીય અને સ્થાનિક ઉડાનો પર અસર પડી છે. મંગળવારે રાત્રે આ વિરોધે મોટું રૂપ ધારણ કરી લીધું. જેનાથી એરલાઈન્સને ૭૮ થી વધુ ફ્લાઈટ કેન્સલ કરવી પડી છે. તેમાંથી સૌથી વધુ ફ્લાઈટો મિડલ ઈસ્ટ અને ગલ્ફ દેશો માટે છે. સાથે ઘણી ફ્લાઈટમાં મોડું થયું છે.



સમાચાર છે કે એર ઈન્ડીયા અને એર ઈન્ડીયા એક્સપ્રેસમાં વિલય થવાનું છે. જેનો કર્મચારીઓ સતત વિરોધ કરી રહ્યા છે. બંને એરલાઈન્સના પાયલોટ અને કેબિન ક્રૂને લાગે છે કે તેમની જોબ ખતરામાં છે. એર ઈન્ડીયા એક્સપ્રેસે એક નિવેદન જાહેર કરી કહ્યું કે ‘અમારા સિનિયર કેબિન ક્રૂના એક વર્ગે ગઈકાલે રાત્રે છેલ્લી મિનિટમાં બિમાર હોવાની સૂચના આપી છે. જેના કારણે ઉડાનમાં મોડું અથવા ઘણી ફ્લાઈટો રદ કરી દીધી છે. અમે આ ઘટનાઓ પાછળના કારણોને સમજવા માટે ક્રૂ મેમ્બર્સ સાથે વાત કરી રહ્યા છીએ. તો બીજી તરફ ટીમ યાત્રીઓને થનાર અસુવિધાને ઓછી કરવા માટે ઝડપથી કામ કરી રહી છે. તમને જણાવી દઈએ કે, સિવિલ એવિએશન ઓથોરિટી આ મામલાની તપાસ કરી રહી છે. એરલાઈન્સનું કહેવું છે કે અસરગ્રસ્ત મુસાફરોને સંપૂર્ણ રિફંડ આપવામાં આવશે અથવા તેમની પાસે તેમની ફ્લાઈટને બીજી તારીખે શેડ્યૂલ કરવાનો વિકલ્પ હશે. એર ઈન્ડિયા એક્સપ્રેસે મુસાફરોને સલાહ આપી છે કે તેઓ એરપોર્ટ પર જતા પહેલા તેમની ફ્લાઈટનું સ્ટેટસ ચેક કરે. એર ઈન્ડીયાની ફ્લાઈટ્સ અચાનક કેન્સલ થતાં તમામ મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે અને તેમાંથી ઘણા સોશિયલ મીડિયા પર પોતાની ફરિયાદ વિશે જાણકારી આપી છે. કેટલાક લખ્યું ‘તેમને ફ્લાઈટ કેન્સલ થવાની કોઈ માહિતી આપવામાં આવી ન હતી અને આ ખૂબ જ નિરાશાજનક છે.’ જો કે, એર ઈન્ડિયા એક્સપ્રેસે તેના ટ્વિટર પર લખ્યું (X) લખ્યું ‘કોઈ પણ અસુવિધા માટે ખેદ છે.

### સેમ પિત્રોડાનું વિવાદાસ્પદ નિવેદન

# ઉત્તર પૂર્વના લોકો ચીન દક્ષિણ આફ્રિકા જેવા લાગે છે: સેમ પિત્રોડા

### તાજેતરમાં સામ પિત્રોડાએ વારસાગત કર પર ટિપ્પણી કરી હતી, પિત્રોડાના તે નિવેદન પર ઘણો વિવાદ થયો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારતની વિવિધતા વિશે વાત કરતા સામ પિત્રોડાએ કહ્યું કે ભારતમાં પૂર્વના લોકો ચાઈનીઝ જેવા દેખાય છે જ્યારે દક્ષિણના લોકો આફ્રિકન જેવા દેખાય છે. પશ્ચિમમાં રહેતા લોકો આરબો જેવા દેખાય છે. કોંગ્રેસના નેતા સામ પિત્રોડાએ ફરી એકવાર કંઈક એવું કહ્યું છે જેનાથી વિવાદ છેડાઈ ગયો છે. વાસ્તવમાં, ભારતની વિવિધતા વિશે વાત કરતી વખતે, સામ પિત્રોડાએ કહ્યું હતું કે ભારતમાં, પૂર્વના લોકો ચાઈનીઝ જેવા દેખાય છે જ્યારે દક્ષિણના લોકો આફ્રિકન જેવા દેખાય છે. જ્યારે પશ્ચિમના લોકો અરબી અને ઉત્તર ભારતીયો ગોરા દેખાય છે. તાજેતરમાં સામ પિત્રોડાએ વારસાગત કર પર ટિપ્પણી કરી હતી, પિત્રોડાના તે નિવેદન પર ઘણો વિવાદ થયો હતો. સેમ પિત્રોડાએ આપેલા ઈન્ટરવ્યુમાં આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું, ‘આપણે ભારત જેવા વૈવિધ્યસભર દેશને સાથે રાખી શકીએ છીએ, જ્યાં પૂર્વના લોકો ચાઈનીઝ જેવા દેખાય છે, પશ્ચિમના લોકો આરબ જેવા દેખાય છે, ઉત્તરના લોકો ગોરા જેવા દેખાય છે અને દક્ષિણ ભારતીયો



આફ્રિકન જેવા દેખાય છે. કોઈ વાંધો નથી, આપણે બધા બહેનો અને ભાઈઓ છીએ. પિત્રોડાએ જણાવ્યું હતું કે ભારતમાં વિવિધ પ્રદેશોના લોકોના રીતરિવાજો, ખોરાક, ધર્મ, ભાષા અલગ અલગ છે, પરંતુ ભારતના લોકો એકબીજાને માન આપે છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે દેશના લોકો ૭૫ વર્ષથી ખુશહાલ વાતાવરણમાં જીવ્યા છે, થોડી લડાઈઓને છોડીને લોકો સાથે રહી શકે છે. ભાજપના નેતાઓએ પણ સામ પિત્રોડાના નિવેદન પર નિશાન સાધવાનું શરૂ કર્યું છે. પિત્રોડાના નિવેદન પર નિશાન સાધતા આસામના સીએમ હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, ‘સામ ભાઈ, હું નોર્થ ઈસ્ટથી છું અને હું ભારતીય જેવો દેખાઉં છું. આપણે વૈવિધ્યસભર દેશ છીએ.

## તંત્રી લેખ...

# ગુરુ તેમને કહેવાય જેમને જોવાથી શિશ ઝુકી જાય

ગુરુ પ્રત્યક્ષ છે, તેથી સાધક તેમને મનુષ્ય માનીને, તેમનાં વચનોને વાક્ય માનીને અને તેમની કૃપાને સ્વભાવ માનીને મોટાભાગે અવજ્ઞા પણ કરી દે છે. જ્યારથી સૌથી કઠિન સાધના અને સૌથી સરળ સાધન એ જ છે કે જે પ્રત્યક્ષ ઉપલબ્ધ છે તેમાં જ અપ્રત્યક્ષ, નિર્ગુણ તત્ત્વને શિરોધાર્ય કરવામાં આવે. તેનાથી જ્ઞાન અને ભક્તિની એકરૂપતા અનાયાસ જ સિદ્ધ થઈ જાય છે. ગુરુનું સ્મરણ કરીને એકાગ્ર થઈ શકાય છે. વાણીની સાધના ગુરુની સ્તુતિ કરીને કરવી જોઈએ. ગુરુને નમન કરીને વિનમ્રતાનો અભ્યાસ કરવો જોઈએ. તેમના ગુણોને ગીત બનાવીને એ જ ગુણોનું ગાયન કરવાથી બ્રહ્મરૂપ અગુણ અને ભગવાન રૂપ સગુણની સાધનામાં દિવ્યતા આવી જાય છે. જોતાંની સાથે જ આપણું મસ્તક નમી જાય, એનું નામ ગુરુ. એટલે ગુરુ હોય તો વિરાટ સ્વરૂપ હોવા જોઈએ. તો આપણી મુક્તિ થાય, નહીં તો મુક્તિ ના થાય. જલેબીમાં મીઠાશ અને સાકર અલગ-અલગ નથી હોતા. આ લોક પૈણે છે તે છોકરીઓ જો જો કરે છે, તે શું જુએ છે એ ? છોકરી આંખમાં સમાય એવી ખોળે છે. જો જાડી હોય તો એનાં વજનમાં જોર લાગે, આંખમાં જ જોર પડે, વજન લાગે ! પાતળી હોય તો એને દુઃખ થાય, આંખમાં જોતાં જ સમજાય. તે 'ગુરુ આંખમાં સમાય એવા' એટલે શું ? કે આપણી આંખને બધી રીતે ફીટ થાય, એમની વાણી ફીટ થાય, એમનું વર્તન ફીટ થાય, એવા ગુરુ કરજે ! જો ગુરુ કદી આપણને દિલમાં વસે એવા હોય, એમની કહેલી વાત આપણને બધી ગમતી હોય, તો એમનો એ આશ્રિત થઈ જાય. પછી એને દુઃખ ના હોય. ગુરુ, એ તો બહુ મોટી વસ્તુ છે. આપણું દિલ ઠરે એવું લાગવું જોઈએ, આપણને જગત ભૂલાવડાવે એને ગુરુ કરવા. જોતાંની સાથે આપણે જગત ભૂલી જઈએ, જગત વિસ્મૃત થઈ જાય આપણને, તો તેને ગુરુ કરવા. નહીં તો ગુરુનું માહાત્મ્ય જ ના હોય ને !મીઠાશ સાકરને જ સિદ્ધ કરે છે. એ જ રીતે ગુરુમાં અગુણ અને સગુણ બંને પરિવ્યાપ્ત હોય છે. આપણે આપણી માન્યતાઓ અને અપેક્ષાઓને વશીભૂત થવાને કારણે ગુરુના સગુણ સ્વરૂપમાં ભેદરહિત વ્યાવહારિક રૂપે દેખાતી ભિન્નતામાં ભેદભાવ માનીને ગુરુથી જ વિભક્ત થઈ જઈએ છીએ, તેથી ના તો આપણે સગુણોપાસના કરી શકીએ છીએ કે ના નિર્ગુણની ઉપાસના કરી શકીએ છીએ. સાધકના અંતઃકરણમાં કોઈ વસ્તુને કઠિનાઈ અને પુરુષાર્થથી પ્રાપ્ત કરવા પર તેનો અહંકાર જ તુષ્ટ થાય છે કે મેં કેટલી મહેનત અને પોતાના બળે આ ઉપલબ્ધિ પ્રાપ્ત કરી છે. આ જ કારણે એ સહજતા અને સરળતાથી ઉપલબ્ધિને તાત્વિક નથી માની શકતો.

## સરોવરોમાં પર્યાવરણ પરિવર્તન જળવાયુની સાથે જ હવામાન માટે મોટો પડકાર

આજે હિમાલય પોતાના અસ્તિત્વના સંકટ સામે ઝઝૂમી રહ્યો છે. એક તરફ તે તાપમાનમાં વધારાથી થઈ રહેલ હવામાનમાં આવેલા બદલાવ સામે ઝઝૂમી રહ્યો છે, એને કારણે દુકાળના સંકટનો સામનો કરી રહ્યો છે, ત્યાં જ જળવાયુ પરિવર્તનના દુષ્પ્રભાવને કારણે પશ્ચિમી વિક્ષોભથી વરસાદ, બરફવર્ષા અને ઠંડી ઓછી થવાના પડકારનો સામનો કરી રહ્યો છે, જ્યારે પર્યટનને કારણે વાયુપ્રદૂષણનો માર પણ વેઠી રહ્યો છે. એમાં સતત પહોળી થઈ રહેલી સડકો અને પર્યટનને કારણે વધતી ગાડીઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. હિમાલયના જટિલ અને પ્રાચીન ભૂભાગ પર કાર્બન યુક્ત એરોસોલના અધ્યયનમાં એ પર્દાફાશ થયો છે કે હિમાલયમાં વાયુ પ્રદૂષણ પર જીવાશ્મ ઈંધણ બળવાની વધુ અસર પડી રહી છે. હિમાલયમાં ગાડીઓની બેફામ વધારો હવામાં જીવાશ્મ ઈંધણની હિસ્સેદારીનું મુખ્ય કારણ છે. સાથે જ હિમાલય વસ્તીઓ અને શહેરોના બોજથી હવે હાંફવા લાગ્યો છે. ગ્લોબલ વોર્મિંગને કારણે ઝડપથી ગ્લેશિયર પીગળીને બનેલા સરોવરો જળપ્રલયને આમંત્રણ આપી રહ્યા છે. એમાં બેમત નહીં કે દુનિયાના ગ્લેશિયર જે ઝડપથી પીગળી રહ્યા છે અથવા એમ કહો કે ખતમ થઈ રહ્યા છે, તે ભયાવહ આપદાઓનો સંકેત છે. એકલા ૨૦૧૦માં જ ૨૦ અબજ ટન બરફ હિમાલયના ગ્લેશિયરોથી પીગળે છે. જો એવું જ રહ્યું તો તેનાં ગંભીર દુષ્પરિણામ ભવિષ્યમાં જોવા મળશે. સંયુક્ત રાષ્ટ્રના જળવાયુ પરિવર્તન પર અંતર સરકારી પેનલ એટલેકે આઈપીસીસીના રિપોર્ટે લગભગ પાંચ વર્ષ પહેલાં જ કહી દીધું હતું કે જળવાયુ પરિવર્તનને કારણે જો સીધી કોઈ મોટી અસર પડશે તો તે હિમાલય ક્ષેત્રો પર પડશે. હવે એ અસરો દેખાવા પણ લાગી છે. એ કડવું સત્ય છેકે આપણે દુનિયાના ઘણા ગ્લેશિયરોને ગુમાવતા જઈએ છીએ. દુઃખ એ વાતનું છે કે આ ખતરા પ્રત્યે આપણું મૌન સમજની બહાર છે. જ્યારે આપણી પાસે ગ્લેશિયરો પીગળવાથી રોકવાની ક્ષમતા છે. હિમાલયી ગ્લેશિયરો વિશે ઈસરોનું હાલનું અધ્યયન ચોંકાવનારું છે કે ગ્લોબલ વોર્મિંગને કારણે ઝડપથી પીગળી રહેલા ગ્લેશિયરોને કારણે જળપ્રલયની આશંકાને નકારી ન શકાય. ઈસરોના અધ્યયનનું માનીએ તો ઉપગ્રહ તસવીરોથી ખબર પડે છે કે હિમાલયી ગ્લેશિયર પીગળીને મોટા-મોટા સરોવરોનું રૂપ લઈ રહ્યા છે. જો ૧૯૮૪થી ૨૦૨૩ સુધી હિમાલય ક્ષેત્રાં બનેલા સરોવરોનો તાગ કાઢે તો ખબર પડે કે ૨૪૩૧ સરોવરો આકારમાં ૧૦ હેક્ટરથી પણ વધુ મોટા છે. ૧૯૮૪ બાદથી અત્યાર સુધી ૬૭૬ સરોવરોના ક્ષેત્રફળનો વિસ્તાર થયો છે અને તેમાંથી લગભગ છસો એવા છે જેમનો આકાર બે વાર બદલાઈ ચૂક્યો છે. એક અધ્યયન અનુસાર હિમાલયી ગ્લેશિયરોને ૨૦૦૦થી ૨૦૨૦ દરમ્યાન ૨.૭ ગીગાટનનું નુકસાન થયું છે. બ્રિટન અને અમેરિકાની અધ્યયન ટીમ અનુસાર, પાછલાં આકલનોમાં બૃહદ હિમાલયી ક્ષેત્રમાં પીગળીને તૂટી રહેલા ગ્લેશિયરોના નુકસાનને ૬.૫ ટકા ઓછું કરીને આંકવામાં આવ્યું હતું. જ્યારે આ નુકસાનનો આંકડો ૨.૭ ગીગાટનથી પણ વધારે હતો. હિમાલયી ક્ષેત્રમાં ગ્લેશિયરોના અધ્યયન બાદ ખબર પડી કે અહીં વિભિન્ન વિસ્તારોમાં મોટાભાગના ગ્લેશિયર અલગ-અલગ દરે પીગળી રહ્યા છે. સરકારે પણ માન્યું છે કે જળવાયુ પરિવર્તનને કારણે હિમાલયી ગ્લેશિયરોના પીગળવાનું ન માત્ર હિમાલયની નદી પ્રણાલીના વહેણ પર પ્રતિકૂળ ગંભીર પ્રભાવ પડશે, બલ્કે તેને કારણે પ્રાકૃતિક આપદાઓમાં પણ વધારો થશે, જેનો જનમાનસ પર વ્યાપક દુષ્પ્રભાવ પડશે. સરકારે તેનો પર્દાફાશ ગ્લેશિયરોનું પ્રબંધન જોનારી સંસદની સ્થાયી સમિતિને કર્યું છે. સંસદના આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સંરક્ષણ વિભાગે હિમાલયમાં ગ્લેશિયરો પીગળવા, તેના પાછળ ખસવા અને ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણમાં ગ્લેશિયરોના દ્રવ્યમાન સંતુલનમાં એ જોવા મળ્યું છે કે આ હિમાલય અંચલમાં ગ્લેશિયર વિભિન્ન ક્ષેત્રોમાં અલગ-અલગ દરે પીગળી રહ્યા છે. એનાથી આ અંચલમાં હિમાલયી નદી પ્રણાલીનો પ્રવાહ ગંભીર રૂપે

---

**આમ પણ જ્યારે નિશાળમાં ભણતા ત્યારે બહુ સ્વાભાવિક રીતે જ આપણું બાળપણ હોય એટલે કોઈ જવાબદારી હોય નહીં**

# હમ કો મન કી શક્તિ દેના! એ પ્રાર્થના થકી સ્વયંમાં શુદ્ધિની સિદ્ધિ પ્રાપ્ત કરીને, સર્વનો સ્વીકાર કરીએ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આપણે તેને મળવાની ઈચ્છા કરીએ, અને તેનું દ્વાર ખખડાવવાનું ચાલું રાખીએ, તો એક દિવસ એ દરવાજો તમારા માટે અવશય ઉઘડી જશે, આવા ભરોસો સાથે જો પ્રાર્થના કરવામાં આવે તો પ્રાર્થનાથી સત્ય, પ્રેમ, અને કરુણા પ્રાપ્ત થાય છે.**

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં હમણાં ઉપરા ઉપરી બાપુ દર્શનનો અલભ્ય લાભ મળ્યો! જીવ ની ચેતના પરમ ચૈતન્યનુ સાનિધ્ય સાંપડી આનંદિત થઈ ગઈ. દર્શનથી દર વખત જેમ આત્મ વિશ્વાસ અને બીજા માટે હજી કંઈક વધુ કરવાની ભાવના અતિશય પ્રબળ બને છે એ જીવે નોંધ્યું. આજે ગુરુવાર એટલે પ્રાર્થના !પ્રાર્થના થકી આપણે બ્રહ્માંડની એક વિરાટ શક્તિ સાથે એકાકાર થઈએ છીએ, અને માનવ આત્મા એક નિરંતર પ્રેમ વરસાવતા પ્રેમી અને અચળ આત્મા સાથે જોડાય છે. પ્રાર્થના અગાઉ કહ્યું તેમ શારિરીક ને માનસિક બળ વધારનાર છે, અને જીવનને હકારાત્મક અભિગમ શીખવે છે. આપણે જાણીએ છીએ કે પ્રાર્થના એ કોઈ માંગણી કે માત્ર રજુઆતનું માધ્યમ નથી. પરંતુ પ્રાર્થના એ એક આધ્યાત્મિક ખોરાક છે,અને તેનાથી બળ બુદ્ધિ ને જ્ઞાન વધે છે, હદયમાં સંવેદના વધે છે, અને જીવન સંતોષને શાંતી તરફ ગતિ કરે છે. ઈશ્વર પાસે આ બધું માંગવાનું ચાલુ રાખો તો એ તમને આપશે, અને જો તમે ઈશ્વરને શોધવાનું ચાલું રાખો,તો એ તમને એ જડશે. આપણે તેને મળવાની ઈચ્છા કરીએ, અને તેનું દ્વાર ખખડાવવાનું ચાલું રાખીએ, તો એક દિવસ એ દરવાજો તમારા માટે અવશય ઉઘડી જશે, આવા ભરોસો સાથે જો પ્રાર્થના કરવામાં આવે તો પ્રાર્થનાથી સત્ય, પ્રેમ, અને કરુણા પ્રાપ્ત થાય છે. આમ પણ જ્યારે નિશાળમાં ભણતા ત્યારે બહુ સ્વાભાવિક રીતે જ આપણું બાળપણ હોય એટલે કોઈ જવાબદારી હોય નહીં, એટલે આપણે કોઈ ભૌતિક સુખની કે અન્ય કોઈ સુખ સમૃદ્ધિની માંગ કરી ન્હોય, પણ બળ બુદ્ધિ ને ચતુરાઈ માગ્યું હોય, વિદ્યાના વરદાન આપો એવું ઈચ્છ્યું હોય, વધીને તેજસ્વીતાની ચાહ કરી હોય, અને તેનું પ્રમાણ છે કે પ્રાર્થના લખનાર આ બધા કવિ ઓની નિખાલસતા. તેમની ઉંમરના જે પણ મુકામ પર આ રચના થઈ હોય, એટલે કે ઘણા કવિ તો ઉંમરના ઉતરાર્ધમાં કવિતા લખી હશે, તો પણ ઈશ્વર પાસે આ સિવાય કોઈ માંગ નહીં!! આજે આપણે પણ એક એવી જ પ્રાર્થના વિશે વાત કરીશું.

**હમકો મન કી શકિત**
**દેના....**
**હમકો મનકી શક્તિ દેના,**
**મન વિજય કરે**
**દૂસરોંકી જયસે પહેલે**
**ખૂદકો જય કરેં**
**ભેદભાવ અપને દિલસે**
**સાફ કર સકે**
**દોસ્તોસે ભૂલ હો તો માફ**
**કર સકે**
**જૂઠસે બચેં રહે, સચકા**
**દમ ભરેં**
**દૂસરોંકી જયસે પહેલેં**
**ખૂદકો જય કરેં**
**મુશ્કીલેં પડે તો હમ પે,**
**ઈતના કર્મ કર**
**સાથ હૈં તો ધર્મકા ચલેં તો**
**ધર્મ પર**
**ખુદ પે હોંસલા રહે બદીસે**
**ના ડરેં**
**દૂસરોંકી જયસે પહેલે**
**ખૂદકો જય કરેં.**

શ્રી રામકૃષ્ણ મિશનમાં નિયમિત તરીકે ગવાતી આ પ્રાર્થના આમ તો ગુડ્ડી પિક્ચરમાં પીક્ચરાઈઝસ કરવામાં આવી હતી, અને અભિનેત્રી જ્યાં બચ્ચન( ભાદુડી) એ એમાં અભિનય કરેલો. આ પ્રાર્થના લગભગ દરેકે શાળામાં કરવામાં આવતી હશે, અને સૌની પ્રિય પણ હશે. અત્યારના પ્રમાણમાં આપણે ભાર વગરનું ભણતર ભણ્યા છીએ, અને પાછાં મોટેભાગે ગુજરાતી માધ્યમમાં! એટલે આ બધી પ્રાર્થના આપણા જીવનનો હિસ્સો બની રહેતી. આમ તો આ રચના પણ અજ્ઞાત છે, પરંતુ એક જગ્યાએ સ્વામી જગદાત્માનંદ રચીત આધ્યાત્મ યોગ નામના પુસ્તકમાં આ રચના છે, એટલે એ નામે આ રચના છે એવું લખાયેલું દેખાયું,પણ આ વાત બહુ સ્પષ્ટ રીતે લખી નથી. કવિ પોતે સંન્યાસી હોય એવું સ્પષ્ટ દેખાઈ આવે છે. સમાજ કે સંસારમાં ખોટી ખોટી બીજાની વાહ વાહી કરવી નહીં, કે સસત સ્પર્ધામાં જીવવું નહીં, ને અન્ય સાથે સ્પર્ધા કરવા કરતાં ખુદ સાથે હંમેશા સ્પર્ધા કરીને પોતાની જાત પર સંયમથી જીત હાંસલ કરો, અથવા આત્મ વિશ્વાસમાં વધારો કરો, જેથી જીવનમાં ક્યાંય હાર મળે તો નિરાશા ન આવે. આમ તો ચિંતનમાં પણ આપણે રોજ આ જ કેકડો ઘૂંટીએ છીએ! કે સુધારો સ્વયં માં અને સ્વીકાર સર્વનો! સ્વયં ને સિદ્ધ કરવા જેટલું અઘરું બીજું કંઈ નથી, પરંતુ અહીં અહમની વાત નથી, થતી એ યાદ રાખવું. નાના-મોટા કે જાતિ પાતિના કે કાળા-ગોરા ના કોઈપણ જાતના ભેદભાવ મારા દિલમાંથી સાફ કરી શકું અને મિત્રોથી ક્યાંય પણ કોઈ જાતની ભૂલ થાય તો, તેને માફ કરી શકું તેવી બુદ્ધિ આપજો. જીવનમાં અસત્યથી દૂર રહીએ, અને સત્યને સાથ આપી શકીએ, અથવા તો સત્યનો જીવનમાં શ્વાસ રહે, બીજા લોકો ગમે તે કહે પણ સત્યનો પંથ મારો છૂટે નહીં, અનીતિ અને દુરાચાર કે ભ્રષ્ટાચારના રાહ પર ક્યારેય પણ મારા પગલા પડે નહીં, એ વાતનું ધ્યાન રાખજો.અમારી ઉપર જ્યારે જ્યારે મુશ્કેલીઓ પડે, ત્યારે ઈશ્વર તું એટલું કર્મ કરજે, કે અમને અમારા કર્મોના ફળ છે, તે વાત હંમેશા યાદ રહે, અને છતાં ધર્મના માર્ગ પરથી અમારા ડગલા હટે નહીં તેનું ધ્યાન રાખજો.જીવનમાં કોઈપણ દોરાહા ઉપર હોઉં તો મારી જાત પરનો વિશ્વાસ ક્યારેય છૂટે નહીં, અને હંમેશા આત્મવિશ્વાસના બળે, અનીતિ કે અસત્ય સામે ડર્યા વગર જીવનમાં અઘરામાં અઘરા નિર્ણયો લઈ, અને જીવન પથ પર આગળ ડગલાં ભરું. કવિ જાણે છે કે સંસાર રૂપી ભવ સાગર તરવા માટે આત્મ વિશ્વાસ રૂપી શક્તિની જરૂર પડશે, એટલે તે ઈશ્વર પાસે એ જ માંગે છે.ઈશ્વરમાં શ્રદ્ધા અને પોતાનામાં વિશ્વાસ હોય તો જ સારું જીવન જીવી શકાય છે, બાકી તો પછી અન્ય જીવ ની જેમ જન્મીને મૃત્યુ સુધી અહીં તહીં ભટકવાનું જ હોય. જન્મ-મૃત્યુ એ દરેકે દરેક જીવ નું સનાતન સત્ય છે, અને લગભગ બધાને એટલું જ્ઞાન તો છે જ, છતાં કોઈ પોતાના રૂપથી મોહિત છે, કોઈ પોતાની વિદ્યા થી, કોઈ પોતાના ધનથી, કોઈ પોતાના જ્ઞાતિથી, અને આ અતિશયના મોહ મમતા એ એક એવુ બંધન છે જેનાથી જીવનમાં અહમ રૂપી દુર્ગુણ નો પ્રવેશ થાય છે, અને જીવન પતન તરફ જાય છે.જીવન ને સફળ બનાવવો હોય કે પ્રકાશિત કરવું હોય કે પછી અન્ય માટે પણ પ્રેરણા રૂપ જીવન જીવવું હોય તો મીણબતી કે દીવાની જેમ ક્ષણ ક્ષણ બળવું કે જલવું પડે, તો માર્ગ પ્રકાશિત થાય, સંસારમાં નિયમ છે કે સુવર્ણ જેવું કોઈ દેખાય એટલે કે તેની સારાઈ કે ભલાઈનો જરાક પરિચય થાય, એટલે તેને સતત આગમાં તપવું પડે તો જ તે સુવર્ણ સિદ્ધ થાય, સૂર્ય પણ સતત તપે છે ત્યારે અજવાળા પથરાય છે.આમ તો સદગુરુ એ ભગવાન આપણને સૌને નિત્ય આવાં ઉત્તમ બોધ આપીને રામરાજ્યની નીવ મુકી દીધી છે, બસ આપણે સૌ આત્મ વિશ્વાસથી એ શુદ્ધ આચરણ કરી એ તરફ ડગ ભરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**જીવ જ્યારે ચારે બાજુથી નિરા ધાર બને છે ત્યારે તે પ્રભુને શરણે જાય છે, પૂર્વજન્મોના સંસ્કારો અને સત્કર્મો હોય તો પ્રભુનું શરણ સૂઝે છે**

# જન્મની સાથે જ માણસ કાળને લઇને આવેલો છે, કાળ આવે છે ત્યારે પગને પહેલાં પકડે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**દ્રૌપદીએ મોઢાથી સાડીનો છેડો પકડેલો ત્યાં સુધી દ્વારિકાનાથ વ્હારે ધાતા નથી પણ જે ઘડીએ દ્રૌપદીએ છેડો છોડી દીધોને શ્રી કૃષ્ણને બોલાવ્યા તે જ ઘડીએ પ્રભુ વહારે ધાય છે, જીવ મૃત્યુ પથારીમાં એકલો પડે છે ત્યારે તેની દશા ગજેન્દ્ર જેવી થાય છે.**

વૈશાખી વાયરા આજથી શરૂ થઈ જશે. આજે એકમનો ક્ષય છે તેથી બીજ અને આવતીકાલે વૈશાખી ત્રીજ અખાત્રીજ છે એટલે ભગવાન પરશુરામ જયંતિ અને અખાત્રીજ વિશે જોઈશું આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનનમાં જે સંસારસરોવરમાં મનુષ્ય ક્રીડા કરે છે ત્યાં જ કાળ રહે છે. જન્મની સાથે જ માણસ કાળને લઈને આવેલો છે. કાળ આવે છે ત્યારે પગને પહેલાં પકડે છે. પગની શક્તિ ક્ષીણ થાય ત્યારે માનજો કે કાળે પકડયા છે. પરંતુ ગભરાશો નહીં. એનો પણ ઉપાય છે. ગજેન્દ્રે બતાવ્યો છે તે ભાગવત-સ્મરણમાં લાગી જવું. કાળ જ્યારે પકડે ત્યારે કાળની પકડમાંથી સ્ત્રી કે પુત્ર કોઈ છોડાવી શકે નહીં. સ્ત્રી અને પુત્રની સાથે સંસારસમુદ્રમાં રમવા રહ્યા ને ભાન ભૂલ્યા એટલે તો કાળ-મગરે પગ પકડ્યો. હવે એ સ્ત્રી-પુત્ર કેમ કરી છોડાવી શકે? એ તો ઊલટા દૂર ભાગી જાય છે. હાથીનું સંકટ જોઈ હાથણીઓ ભયથી આઘી ખસી ગઈ. હાથી એકલપંડે લડે છે. હાથી-મગરનું આ યુદ્ધ કેવું ચાલ્યું! એટલે કે ખૂબ લાંબું ચાલ્યું. આ બતાવે છે કે, વાસના જીતવી બહુ અઘરી છે.તે એકદમ હરિના શરણે મનને જવા દેતી નથી.પોતાનાજોરે તે જીતવા માગે છે, પણ તે તો હવે ગજેન્દ્ર એકલો પડયો. એકલો પડે ત્યારે જ્ઞાન જાગ્રત થાય છે. હવે એને ભાન થયું કે, વાસના કેવળ ફસાવે છે. તેના ટેકે રહેવાય નહીં. જીવ નિર્બળ બને છે ત્યારે તે ઈશ્વરને શરણે જાય છે. નિર્બળ કે બળ રામ છે. દ્રૌપદીએ મોઢાથી સાડીનો છેડો પકડેલો ત્યાં સુધી દ્વારિકાનાથ વ્હારે ધાતા નથી પણ જે ઘડીએ દ્રૌપદીએ છેડો છોડી દીધોને શ્રી કૃષ્ણને બોલાવ્યા તે જ ઘડીએ પ્રભુ વહારે ધાય છે. જીવ મૃત્યુ પથારીમાં એકલો પડે છે ત્યારે તેની દશા ગજેન્દ્ર જેવી થાય છે. અંતકાળે મનુષ્ય ગભરાય છે કે મારું શું થશે? જ્યાં ગયા પછી પાછું આવવાનું છે,તેવી મુસાફરીની મનુષ્ય પારાવાર તૈયારી કરે છે. પણ જ્યાં ગયા પછી પાછું આવવાનું જ નથી,તેવી મોટી મુસાફરીની કોઈ અગાઉથી તૈયારી કરતું નથી. એ પરમ આશ્ચર્યની વાત છે. મૃત્યુ પથારી ઉપર પડેલો મનુષ્ય હાય હાય કરે છે. હાય હાય કરે હવે શું વળવાનું? હરિ હરિ કરો તો કાંઈ વળે? કાંઈ શું, બધું વળે! ખરા દિલથી હરિ હરિ કરો તો! ગજેન્દ્ર એકલો પડયો ત્યારે તેને ખાતરી થઈ કે, ઈશ્વર વિના મારું કોઈ નથી. સગાંસંબંધી બધાં કહેવાનાં છે. જે બધાને માટે આખી જિંદગી ભોગ આપ્યો તે સર્વ છોડીને ચાલ્યા જાય છે. એટલે હવે ગજેન્દ્ર ઈશ્વરની સ્તુતિ કરે છે.આ ગજેન્દ્રસ્તુતિ અને ગજેન્દ્ર મોક્ષનો પાઠ રોજ કરવા જેવો છે, જેથી અજ્ઞાનનો નાશ થાય અને મરણ સુધરે. કાળ-મગર મને પકડવા ટાંપી રહ્યો છે એમ સમજી આ સ્તુતિ કરવી. જીવ જ્યારે ચારે બાજુથી નિરા ધાર બને છે ત્યારે તે પ્રભુને શરણે જાય છે. પૂર્વજન્મોના સંસ્કારો અને સત્કર્મો હોય તો પ્રભુનું શરણ સૂઝે છે. ગજેન્દ્ર પ્રાર્થના કરે છે કે, હે વિવિધ રૂપવાળા, અજ્ઞેય ચરિત્ર વાળા પ્રભુ, મારી રક્ષા કરો! હે પ્રભુ, તમે અવિદ્યાના ફાંસામાં ફસાયેલ જીવને જો તે શરણે આવે તો ફાંસો કાપી નાખી બચાવો છો. તમે અત્યંત દયાળુ છો ને દયા કરવામાં કદી આળસ કરતા નથી. જીવમાત્રના તમે અંતર્યામી છો. તમે સર્વના નિયંતા છો. તમને હું પ્રણામ કરું છું. હું પશુ છું. કાળના પાશમાં ફસાયો છું. મને કાળથી બચાવો. જ્યાં કાળ ન હોય ત્યાં મને લઈ જાવ. જ્યાં કાળનો પ્રવેશ નથી એવા તમારા ધામમાં મને લઈ જાઓ. હે પ્રભુ, હું જાણું છું કે, આપની કૃપા અને આપનું શરણ એ જ બચવાનો એક માત્ર ઉપાય છે. હે નાથ, મારી ઉપર કૃપા કરો. તમે શરણાગતનું રક્ષણ કરનાર છો. તમે મારી રક્ષા કરો! હું તમારે શરણે છું. ગજેન્દ્ર આ પ્રમાણે દુઃખથી આદ્ર બનીને શ્રીહરિની સ્તુતિ કરે છે.આ સ્તુતિનો પાઠ મનુષ્યને સંકટમાં થી મુક્ત કરે છે.તમે જ ગજેન્દ્ર છો ને કાળ-મગરના જડબામાં પડ્યા છો એમ સમજી પાઠ કરશો તો તેનો ચમત્કાર તરત દેખાશે. આ સ્તુતિ નો પાઠ કરનારને ખરાબ વિચારો નહીં આવે.ગજેન્દ્ર પ્રાર્થના કરે છે કે, હવે નાશ ન થાય તેવું દિવ્ય શરીર મને આપો.કારણ કે આ નાશવંત-લૌકિક શરીર કેવળ બોજારૂપ છે ને વ્યર્થ છે. માટે કૃપા કરી મને અવિનાશી તેજોમય શરીર આપો.હેગોવિંદ,હે નારાયણ હું દીન તમારી પ્રાર્થના કરું છું. કાળના મુખમાંથી મને છોડાવો. હવે પરમાત્માને ઉતાવળ થઈ. તે દોડતા આવ્યા. ગજરાજને બચાવવાની ભગવાન સિવાય કોઈની તાકાત નથી. દેવો ત્યાં લાચાર છે. નિરાધારનો આધાર ભગવાન છે. ગજેન્દ્રે જોયું કે, ભગવાન દોડતા આવ્યા છે. ગજેન્દ્રે સરોવરમાંથી એક કમળ ઊંચકી તે ભગવાનને અર્પણ કર્યું. તુલસી અને કમળ પરમાત્માને પ્રિય છે. પરમાત્માની નાભિમાંથી કમળ નીકળ્યું છે. કમળ બ્રહ્માજીની સૃષ્ટિનું નથી. તે કમળનો પ્રભુએ સ્વીકાર કર્યો. સુદર્શન ચક્રથી ભગવાને મગરને માર્યો. સુદર્શન ચક્ર એટલે જ્ઞાનચક્ર. કાળનો નાશ જ્ઞાન ચક્રથી જ થાય છે. એવું જ્ઞાન કે સર્વમાં ભગવાન દેખાય. જેને બ્રહ્મ દૃષ્ટિ પ્રાપ્ત થાય છેતે જ્યાં જાય ત્યાં તેને પરમાત્મા નાં દર્શન થાય છે. બ્રહ્મજ્ઞાની ઘણા મળશે, પણ શુકદેવજી જેવી બ્રહ્મદૃષ્ટિ રાખનાર ઓછા મળશે. આવા જ્ઞાનીને સંસાર બાધક થતો નથી. અજ્ઞાનીને સંસાર બાધક થાય છે. આ જ્ઞાન એટલે ચોપડીનું જ્ઞાન નહીં, પણ અંતરમાં ઊગેલું જ્ઞાન. આ જ્ઞાન તમને અજ્ઞાનમાંથી છોડાવશે. અજ્ઞાનની પકડમાંથી છૂટવાનું છે. સર્વમાં ભગવદ્દર્શન તેજ સુદર્શન. ભગવાન સિવાય જગતમાં જેના દર્શન કરવા પ્રિય થાવું એવું સુદર્શન કોણ છે? એનો બીજો અર્થએ પણ થાય કે,તમારી દૃષ્ટિ સુદર્શન થશે;સારી થશે એટલે સર્વમાં તમને ભગવાન દેખાશે, તો તમે કાળના મુખમાંથી છૂટી જશો. સર્વમાં શ્રીકૃષ્ણનાં દર્શન કરો તો કાળ મારી શકશે નહીં. ભગવાને ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો, તેમ જે જીવ ભગવાનને શરણે જશે તેનો ઉદ્ધાર થશે. પૂર્વજન્મમાં આ ગજેન્દ્ર ઈન્દ્રધુમ્ન નામનો રાજા હતો. રાજા ધ્યાનમાં બેઠો હતો. ત્યાં અગસ્ત્ય મુનિ આવ્યા. ઊભા થઈ રાજાએ મુનિનો સત્કાર કર્યો નહીં. તેથી મુનિને લાગ્યું કે, રાજા મારું અપમાન કરે છે ભગવાન કરતાં પણ ભગવાનના ભક્તોનો વધારે માન રાખજો પથ્થરની મૂર્તિમાં સદભાવ રાખવાથી ચેતન થાય છે તો ચેતનમાં સદભાવ રાખવાથી ઈશ્વરની પ્રાપ્તિ કેમ ન થાય અગત્સ્ય મહારાજને ખોટું લાગ્યુ તેમણે શાપ આપ્યો કે તું જડ જેમ બેસી રહ્યો તેથી તને પશુનો જડ અવતાર મળો પૂર્વ જન્મમાં ગજેન્દ્રે ખૂબ ભજન કરેલું એટલે ગજેન્દ્ર યોનીમાં તેને પ્રભુ યાદ આવ્યા. એક જન્મમાં જે સંસ્કાર મનમાં દૃઢ થાય તે બીજા જન્મમાં સ્વભાવ બની પ્રગટ થાય છે. ગજેન્દ્રની ગત જન્મની ભક્તિ આ જન્મે શ્રદ્ધા રૂપે પ્રગટ થઈ. શુકદેવજી હવે સમુદ્રમંથનની કથા કહે છે, હે રાજન! એક સમયે ઈન્દ્રને દુર્વાસા ઋષિ સામે મળ્યા. દુર્વાસાએ પુષ્પ માળા ઈન્દ્રને અર્પણ કરી, પરંતુ ઈન્દ્ર સંપત્તિમાં સાનભાન ભૂલ્યો હતો. એટલે સંતે મળેલી માળા તેણે હાથીની સૂંઢ ઉપર ફેંકી. હાથી તે પગ તળે કચડવા લાગ્યો. દુર્વાસાને લાગ્યું કે, ઈન્દ્ર મારું અપમાન કરે છે. મારું એકલાનું નહીં, પણ પુષ્પમાં રહેલાનું અપમાન કરે છે.તેથી તેમણે ઈન્દ્રને શ્રાપ આપ્યો કે, તું દરિદ્ર થઈશ. સંપત્તિમાં સાનભાન ભૂલ્યો છે તે દરિદ્ર ન થાય ત્યાં સુધી તેને સાનભાન આવતું નથી. તે પછી સ્વર્ગનું રાજ્ય દૈત્યોને મળે છે. દેવો ભગવાનને શરણે ગયા. અમને અમારું રાજ્ય પાછું મળે તેવું કરો. ભગવાને આજ્ઞા આપી કે, તમે સમુદ્રમંથન કરો. તેમાંથી અમૃત નીકળશે તે હું તમને પીવડાવીશ. તમે અમર થશો, પરંતુ આ મોટું કામ કરે છે. તેમાં દૈત્યોનો પણ સાથ લેજો. દૈત્યો આમ તો દેવોની મદદમાં ન આવે, પણ એક તો દેવોએ તેમનાં વખાણ કર્યા તેથી ફુલાયા ને બીજું અમૃતની લાલચ લાગી એટલે દેવોની સાથે જોડાયા. હવે દેવો અને દૈત્યો અમૃત મેળવવા સમુદ્રનું મંથન કરવા લાગ્યા.મંદરાચળ પર્વતની રવઈ બનાવવામાં આવી અને વાસુકી નાગનું દોરડું બનાવ્યું ને મંથન શરૂ કર્યું.સંસાર એ જ સમુદ્ર છે. સંસારસમુદ્રનું મંથન કરી જ્ઞાનરૂપી અને ભક્તિરૂપી અમૃત મેળવવાનું છે. જીવને ખરેખર અમર બનાવે.

### ૧૯૮૦થી ૯૦ના દશક સુધી સ્ક્રીન પર ખૂબ રાજ કર્યું છે

# શીખ પરિવારમાં જન્મી આ હિરોઇન, ૧૨ વર્ષ મોટા હીરો સાથે રહ્યું અફેર

### તેનો જન્મ ૯ ફેબ્રુઆરી ૧૯૫૮ના રોજ રુખસાના સુલ્તાના અને એક સેના અધિકારીના ઘરે થયો હતો

અમૃતા સિંહનો જન્મ ૯ ફેબ્રુઆરી ૧૯૫૮ના રોજ રુખસાના સુલ્તાના અને એક સેના અધિકારી શિવિંદર સિંહ વિર્કના ઘરે થયો હતો. તેના પિતા શીખ અને માતા મુસ્લિમ હતી. આ રીતે અમૃતા શીખ અને ઈસ્લામ બંને ધર્મોનું સન્માન કરતી હતી. જણાવી દઈએ કે, તેની મા ૧૯૭૦ના દશકમાં ભારતીય ઈમરજન્સી દરમિયાન સંજય ગાંધીની રાજકીય સહયોગી હતી. તેણે જૂની દિલ્હીના મુસ્લિમ વિસ્તારોમાં સંજય ગાંધીના નસબંધી અભિયાનનું નેતૃત્વ કરવામાં પણ પોતાનું યોગદાન આપ્યું હતું.અમૃતા સિંહે પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત સની દેઓલ સાથે બેતાબ (૧૯૮૩)થી કરી હતી જેને લોકો આજે પણ પસંદ કરે છે. સિંહે પોતાને ૧૯૮૦થી ૧૯૯૦ના દશકની શરૂઆતમાં એક લોકપ્રિય એક્ટ્રેસ તરીકે



સ્થાપિત કરી. એક્ટિંગના ક્ષેત્રમાં તેને ફિલ્મફેર અવોર્ડ અને ઈન્ડિયન ટેલી અવોર્ડ સહિત ઘણા અવોર્ડ મળ્યા છે. અમૃતા સિંહે સની દેઓલ બાદ સંજય દત્ત અને રાજ બબ્બર સાથે, તે ઉપરાંત ૧૯૮૦ના દશકના કેટલાંક પ્રમુખ અભિનેતાઓ જીતેન્દ્ર, વિનોદ ખન્ના, અનિલ કપૂર અને અમિતાભ બચ્ચન સાથે પણ લીડ રોલમાં જોડી બનાવી. તેને દરેક એક્ટર સાથે પસંદ કરવામાં આવી હતી. આ વાત તો તમે પણ ખૂબ જ સારી રીતે જાણતા હશો કે અમૃતાએ સૈફ અલી ખાન સાથે લગ્ન કર્યા હતાં પરંતુ સૈફ પહેલા તેના દિલમાં કોઈ બીજું પણ હતું.ખરેખર, શરૂઆતમાં અમૃતાની એક કોમન ફ્રેન્ડ દ્વારા ક્રિકેટર રવિ શાસ્ત્રી સાથે મુલાકાત થઈ હતી અને જલ્દી જ તેમની મિત્રતા ગાઢ બની ગઈ. પછી તેઓ એકબીજાના પ્રેમમાં પડ્યા અને સગાઈ પણ કરી લીધી. બંનેના પરિવાર તેમના લગ્ન કરાવવાના હતાંબાદમાં અમૃતા સિંહને રવિ શાસ્ત્રીની એક શરત સ્વીકાર્ય ન લાગી, કારણ કે તેઓ ઈચ્છતા હતા કે અભિનેત્રી તેની સાથે લગ્ન કર્યા પછી ફિલ્મો કરવાનું બંધ કરે. પરંતુ તે આવું બિલકુલ ઈચ્છતી ન હતી અને તેણે સગાઈ પછી પણ આ સિલસિલો ચાલુ રાખ્યો હતો.



# આલિયા ભટ્ટે મેટ ગાલા ૨૦૨૪માં દેશી લુકથી લોકોનું દિલ જીતી લીધુ છે


### મેટ ગાલા ૨૦૨૪થી આલિયા ભટ્ટના ટ્રેડિશનલ લુકની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા વાયરલ થાય છે

બોલિવૂડની ગ્લેમ ગર્લ આલિયા ભટ્ટે ફરી એક વાર મેટ ગાલા ૨૦૨૪ લુકથી દુનિયાને ચોંકાવી દીધા છે. મેટ ગાલામાં એક્ટ્રેસ ધાંસૂ એન્ટ્રી મારી હતી. આલિયા ભટ્ટ શાનદાર અંદાજમાં ભારતીય શિલ્પકલાના વિદેશી પ્લેટફોર્મ પર પ્રદર્શિત કરતી નજર આવી. હાઈવે એક્ટ્રેસ બીજી વાર મેટ ગાલા ઉપસ્થિતિ માટે મિન્ટ ગ્રીન રંગની સબ્યસાચી સાડી પહેરી. આલિયા ભટ્ટે પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે મેસી બન અને બહુ બધી જ્વેલરી પીસેજની સાથે પેયર કરી. આલિયાએ આ લુકને કમ્પ્લીટ કરવા માટે પિંક બ્લક મેક અપ કર્યો છે. આ સાથે લુકની ચર્ચાઓ હવે શરૂ થઈ ગઈ છે.આલિયા ભટ્ટનો મેટ ગાલા લુક ટ્વિટર અને ઈન્સ્ટાગ્રામ પર ટ્રેન્ડ કરી રહ્યો છે. એકમાત્ર મોટી ભારતીય અભિનેત્રી છે જે આ વર્ષના મેગા ઈવેન્ટમાં પહોંચી. વોગ સાથે વાત કરતા એક્ટ્રેસે એ વાતનો ખુલાસો કર્યો છે કે આ સાડી બનવામાં ૧૯૬૫ કલાક લાગ્યા છે અને ૧૬૩ શિલ્પકારોએ તૈયાર કરી છે. આ સાડી પૂરી રીતે હેન્ડમેડ છે. આલિયા ભટ્ટે ડિઝાઈન માટે ડિઝાઈનર સબ્યસાચી મુખર્જીને શ્રેય આપ્યો છે જેમને આ ડ્રેસ તૈયાર કર્યો છે. ગાઉન લુક આપતી આ સાડી એક ફ્રિન્ઝ સ્ટાઈલ સાડી છે.આ વર્ષ ૨૦૨૪ મેટ ગાલાનો ડ્રેસ કોડ ધ ગાર્ડન ઓફ ટાઈમ રાખવામાં આવ્યો છે.

# પરણેલા હોવા છતાં સગી ભાણેજ પર ફીદા થયો આ ડિરેક્ટર

### બાળપણમાં તેમના વાળ ગોલ્ડન કલરના હતા અને એટલા માટે તેમના પિતા તેમને ગોલ્ડી લોક્સ કહેતા હતા

બોલીવુડમાં આમ તો એકથી એક ચડીયાતા ડાયરેક્ટર્સ, ફિલ્મમેકર્સ અને સ્ટાર્સ છે. પણ એક એવા ફાઈનેસ્ટ ફિલ્મમેકર પણ છે, જેમણે એકથી એક ચડીયાતી ફિલ્મો આપી છે. ડાયરેક્ટર




વિદ ગોલ્ડન ટચ તેમના માટે ઈંડસ્ટ્રીમાં આજે પણ કહેવાય છે. સિનેમાપ્રેમી માને છે કે, તેઓ જે ફિલ્મને ટચ કરે છે, તે બોક્સ ઓફિસ જ નહીં, લોકોના દિલોમાં પણ કમાલ એવી કરતા હતા કે વર્ષો સુધી લોકો તેમની ફિલ્મની કહાની ભૂલી શકતા નહોતા અને ગીતો ગણગણાવતા હતા, જેમાં ખોયા ખોયા ચાંગ, પલ પલ દિલ કે પાસ, આઝ ફિર જીને કિ તમન્ના હેસ, એ એવા ગીતો છે, જેના માટે તેમને હંમેશા યાદ કરવામાં આવે છે, હવે તમે કદાચ તમે સમજી જ ગયા હશો.વિજય આનંદની કેટલીય ફિલ્મો તમે જોઈ હશે, પણ શું તમે જાણો છો કે તે ડિરેક્ટર કેવી રીતે બન્યા? કેમ જે ઓશોવાળા રજનીશના ફેન હતા, તે વિજય આનંદ, તેમની જ આપેલી માળાને તેમણે કમોડમાં ફ્લશ કરી દીધી અને કેવી રીતે પોતાના સગી ભાણેજની બાળકીના પિતા બની ગયા વિજય આનંદ. વિજય આનંદનો જન્મ પંજાબના ગુરદાસપુરમાં થયો, ત્યારે તેમણે મોટા ભાઈ દેવાનંદ અને ચેતન આનંદ ઈંડસ્ટ્રીમાં મોટું નામ કમાઈ ચુક્યા હતા. જ્યારે વિજય આનંદ ૭ વર્ષના હતા, ત્યારે તેમની માતાનું નિધન થઈ ગયું. માતાના ગયા બાદ તેમના પિતા અને ભાઈ -બહેનોએ તેમને ઉછેર્યા અને મોટા કર્યા, કહેવાય છે કે, બાળપણમાં તેમના વાળ ગોલ્ડન કલરના હતા અને એટલા માટે તેમના પિતા તેમને ગોલ્ડી લોક્સ કહેતા હતા, એટલા માટે તેમને લોકો ગોલ્ડી આનંદના નામથી ઓળખતા હતા.માતાના નિધન બાદ વિજય આનંદ પોતાની બહેનો સાથે મુંબઈ આવી ગયા અને ભાઈ દેવાનંદ સાથે રહેવા લાગ્યા. મુંબઈથી તેમણે અભ્યાસ પુરો કર્યો, કોલેજ દરમ્યાન ડ્રામાની તરફ તેઓ વળવા લાગ્યા અને પછી તેમણે પ્લે લખવાનું પણ શરુ કર્યુ કોલેજના દિવસોમાં જ તેમણે ફિલ્મોની સ્ક્રિપ્ટ લખવાની શરુ કરી દીધી હતી. કારણ કે તેમને વિશ્વાસ હતો કે, ભવિષ્યમાં ભાઈઓની માફક તે ફિલ્મોમાં જ હોય. દેવાનંદ અને ચેતન આનંદ નવકેતન પ્રોડક્શન હાઉસ ચલાવતા હતા અને તેઓ આ પ્રોડક્શન હાઉસમાં કામ કરતા હતા.

### હિમેશ રેશમિયાએ લગ્ન બાદ બોલીવુડમાં સિંગર બનવા માટે ખૂબ સ્ટ્રગલ શરુ કરી દીધી હતી

# બહેનપણીના પતિ હિમેશ પર ફીદા થઈ ગઈ સોનિયા કપૂર

બોલીવુડમાં કામ કરનારા કલાકારોની જિંદગી પણ કહાનીઓનું રુપ લઈ લે છે. મોટા ભાગના કલાકારોની કહાનીની માફક જિંદગીની ત્રાસદીમાં ગૂંચવાયેલી છે. એવા કેટલાય કલાકારો છે, જેમની અસલ જિંદગી પણ કોઈ ફિલ્મી કહાનીથી ઉતરતી નથી. આવી જ એક કહાની છે બોલીવુડ એક્ટ્રેસ સોનિયા કપૂરની. સોનિયા કપૂરે પોતાની પાક્કી સહેલીના પતિને જ પ્રેમ કર્યો અને તેના ૨૨ વર્ષના લગ્ન તોડાવી નાખ્યા. એટલું જ નહીં સોનિયા કપૂરે પોતાના પ્રેમ માટે ૧ બાળકના પિતા સાથે પણ લગ્ન કરી લીધા અને ખુશહાલ જીવન જીવી રહી છે. સોનિયા કપૂરે ૨૦૧૮માં બોલીવુડના સુપરસ્ટાર સિંગર અને મ્યૂઝિક કંપોઝર હિમેશ રેશમિયા સાથે લગ્ન કર્યા હતા. આ અગાઉ હિમેશ ૨૨ વર્ષ સુધી પરણેલો હતો અને ૧ બાળકનો પિતા પણ. આ બધામાં ચોંકાવનારી વાત એ છે કે સોનિયા કપૂર પહેલાથી જ હિમેશની પૂર્વ પત્ની કોમલની દોસ્ત હતી. મુંબઈની ૧ જ સોસાયટીમાં રહેનારી સોનિયા કપૂરની દોસ્તી કોમલ સાથે થઈ હતી. કોમલ અને સોનિયા કપૂર ખૂબ જ નજીકના મિત્રો હતા. સોનિયાની દોસ્ત કોમલના પતિ હિમેશ સાથે પણ થઈ. બંને લગભગ ૧૦ વર્ષ સુધી દોસ્ત રહ્યા અને બંનેને પ્રેમ થયો. કેટલાય વર્ષો સુધી રિલેશનશિપમાં રહ્યા બાદ હિમેશ રેશમિયાએ ૨૦૧૭માં પોતાની પત્ની કોમલને છુટાછેડા આપી દીધા. લગભગ ૨૨ વર્ષથી હિમેશ અને કોમલ પરણેલા હતા. હિમેશ અને કોમલના લગ્ન ૧૯૯૫માં થયા હતા. આ લગ્ન



પહેલા હિમેશ રેશમિયા સ્ટ્રગલ કરતો રહ્યો. હિમેશ રેશમિયાએ લગ્ન બાદ બોલીવુડમાં સિંગર બનવા માટે સ્ટ્રગલ શરુ કરી દીધી હતી. વર્ષ ૧૯૯૮માં હિમેશ રેશમિયાને કામ મળવા લાગ્યું. ૧૯૯૮માં આવેલી સલમાન ખાન અને કાજોલ સ્ટારર ફિલ્મ પ્યાર કિયા તો ડરના ક્યામાં હિમેશ રેશમિયાએ પોતાના સંગીતનો દમ દેખાડ્યો અને રાતોરાત સ્ટાર બની ગયો. આ ફિલ્મે હિમેશના કરિયરના તમામ દરવાજા ખોલી નાખ્યા.હિમેશ રેશમિયાએ આ ફિલ્મ બાદ સતત કામ મળવા લાગ્યું અને ફક્ત ૫ વર્ષમાં હિમેશે બોલીવુડના સૌથી મોટા સિંગર્સની યાદીમાં ટોપ સ્થાનમાં જગ્યા બનાવી લીધી, ત્યાર બાદ હિમેશ રેશમિયાની દોસ્તી સોનિયા સાથે થઈ હતી. વર્ષ ૨૦૦૬માં બંનેની દોસ્તી કેટલાય વર્ષો સુધી ચાલી અને થોડા વર્ષો બાદ બંનેને પ્રેમ થઈ ગયો. પ્રેમના થોડા જ વર્ષોમાં હિમેશે પોતાની પત્નીને છુટાછેડા આપવાની રાહ જોઈ. હિમેશ રેશમિયાએ ૨૦૧૭માં પોતાની પત્ની કોમલને છુટાછેડા આપી દીધા અને ૨૨ વર્ષના લગ્ન ખતમ કરી દીધા. ત્યાર બાદ ૨૦૧૮માં હિમેશ અને કોમલે પણ લગ્ન કરી લીધા.

# સલમાનના ઘરે ફાયરિંગ કરવાના કેસમાં વધુ એક વ્યક્તિની ધરપકડ



એપ્રિલમાં સલમાન ખાનના ઘર પર થયેલા ગોળીબારથી માત્ર સામાન્ય લોકો જ નહીં પરંતુ બોલિવૂડ ઈન્ડસ્ટ્રી પણ હચમચી ગઈ હતી. મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ આ મામલે તપાસમાં વ્યસ્ત છે. હવે સલમાનના ઘરે ફાયરિંગની તપાસમાં એક મોટું અપડેટ સામે આવ્યું છે. આ કેસમાં પોલીસે વધુ એક વ્યક્તિની ધરપકડ કરી છે. રાજસ્થાનમાંથી પકડાયેલ આ વ્યક્તિ આ કેસમાં ૫મો આરોપી કહેવાય છે. મળતી માહિતી મુજબ, આ વ્યક્તિએ સલમાનના ઘરે ફાયરિંગ કરનારા શૂટર્સની મદદ કરી હતી. સલમાનના ઘરે ફાયરિંગ કરવાના કેસમાં પોલીસે પાંચમા આરોપીની રાજસ્થાનથી ધરપકડ કરી છે. આ આરોપીનું નામ મોહમ્મદ ચૌધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મોહમ્મદ ચૌધરીએ સલમાનના ઘરે ગોળીબાર કરવા આવેલા બે શૂટર્સ - સાગર પાલ અને વિકી ગુપ્તાને પૈસા અને રેસી કરવા માટે મદદ કરી હતી. માહિતી અનુસાર મોહમ્મદ ચૌધરીને રાજસ્થાનથી મુંબઈ લાવવામાં આવી રહ્યો છે. મંગળવારે તેને મુંબઈની કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ૧૪ એપ્રિલના રોજ સવારે બાઈક પર આવેલા બે શૂટરોએ સલમાનના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટ પર ૫ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આમાંથી એક ગોળી સલમાનના ઘરની દિવાલ પર વાગી હતી. એક ગોળી સલમાનના ઘરની જાળીને વીંધીને સલમાનના ઘરની અંદરના ડ્રોઇંગ રૂમની દીવાલ પર વાગી હતી. આરોપીઓ બાઈક છોડીને ભાગી ગયા હતા જેના પર તેઓ સલમાનના ઘરે ફાયરિંગ કરવા આવ્યા હતા. ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈએ આ હુમલાની જવાબદારી લેતા સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી. આજ તક આ દાવાની પુષ્ટિ કરતું નથી. પરંતુ એ વાત ચોક્કસ છે કે પોલીસે આ કેસમાં લોરેન્સ બિશ્નોઈ અને તેના ભાઈ અનમોલ બિશ્નોઈને મુખ્ય આરોપી બનાવ્યા છે. થોડા દિવસો પહેલા પોલીસે કાર્યવાહી કરીને પંજાબમાંથી બે આરોપીઓની ધરપકડ કરી હતી. જેમાં ૩૭ વર્ષીય સોનુ સુભાષ ચંદ્રા અને ૩૨ વર્ષીય અનુજ થપનનો સમાવેશ થાય છે. પોલીસે દાવો કર્યો હતો કે બંનેએ શૂટરોને હથિયારો પૂરા પાડ્યા હતા. પરંતુ આ કેસમાં મોટો વળાંક એ આવ્યો કે અનુજે પોલીસ કસ્ટડીમાં આત્મહત્યા કરી લીધી.

# આઉટફિટ્સને કારણે ચર્ચામાં રહેતી દિશા

દિશા પટની બોલ્ડનેસની ક્વિન છે. હંમેશા લુક્સ અને આઉટફિટ્સને કારણે ચર્ચામાં રહેતી હોય છે. દિશા પટનીનો અંદાજ હંમેશા કાતિલ હોય છે જે ફેન્સને ફિદા કરી દે છે. આ વચ્ચે દિશા પટનીએ ફેન્સને મદહોશ કરી દે એવી તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં એક્ટ્રેસ સુપર બોલ્ડ લાગી રહી છે. દિશા પટનીએ કેટલીક તસવીરો એવી શેર કરી છે જેમાં સુપર બોલ્ડ એન્ડ હોટ લાગી રહી છે. બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટની આ દિવસોમાં થાઈલેન્ડમાં ક્વોલિટી ટાઈમ સ્પેન્ડ કરી રહી છે. આ વચ્ચે એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અપડેટ કરીને કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરો જોઈને તમે પણ ગરમીમાં પાણી-પાણી થઈ જશો. દિશા બિકીનીમાં સુપર બોલ્ડ તસવીરો શેર કરી છે. આ તસવીરો જોઈને ફેન્સ ફિદા થઈ ગયા છે. સામે આવેલી આ તસવીરોમાં તમે જોઈ શકો છો કે બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટનીએ



બિકીનીમાં સુપર બોલ્ડ પોઝ આપ્યા છે. દિશા પટનીનો આ અંદાજ જોઈને ફેન્સના ધબકારા વધી ગયા છે. આ તસવીરોમાં એક્ટ્રેસ પરફેક્ટ ફિગર દેખાડતી જોવા મળી છે. આ તસવીરો જોઈને ફેન્સ જાતજાતની કોમેન્ટ્સ કરી છે. એક્ટ્રેસે કેમેરાની સામે એકથી એક હટકે પોઝ આપ્યા છે.દિશા પટની પોતાના બોલ્ડ લુક માટે જાણીતી છે. દિશાની બોલ્ડનેસથી જાણે ઈન્ટરનેટમાં આગ લાગી જતી હોય એમ લાગે છે.

### પહેલા દીપિકાએ ડિલીટ કર્યો હતો

# લગ્નની તમામ તસવીરો હટાવી

### તેમના સંબંધોમાં ઘણીવાર ઉતાર-ચઢાવ આવે જ છે

રણવીર સિંહ અને દીપિકા પાદુકોણની જોડી ચાહકોની પસંદ છે. પરંતુ તેમના સંબંધોમાં ઘણીવાર ઉતાર-ચઢાવ આવ્યા છે. રણવીર અને દીપિકા પોતાના ફેન્સને કપલ ગોલ આપી રહ્યા છે. તેમની લવ સ્ટોરી કોઈ પરીકથાથી ઓછી નથી. પરંતુ તેમના સંબંધોને લઈને વારંવાર ચર્ચાઓ થતી રહી છે. છૂટાછેડાની અફવા, દીપિકાએ ‘કોફી વિથ કરણ’ પર કહ્યું કે તેમનો સંબંધ ગંભીર નથી કે બીજું કંઈક. અમે હંમેશા તેમના વિશે કંઈક અથવા અન્ય સાંભળવા મળે છે. આ દરમિયાન હવે રણવીર સિંહે વધુ એક ચોંકાવનારી વાત કરી છે. રણવીર સિંહે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી દીપિકા પાદુકોણ સાથેના લગ્નની તમામ તસવીરો હટાવી દીધી છે. આ સાથે તેણે ઈન્સ્ટાગ્રામ પરથી જાન્યુઆરી ૨૦૨૩ પહેલા શેર કરેલા તમામ ફોટો અને વીડિયો ડિલીટ કરી દીધા છે. આ પાછળનું કારણ શું છે તે કોઈ જાણતું નથી. પરંતુ સટોડિયાઓનું માનવું છે કે કદાચ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહના લગ્નમાં બધું બરાબર નથી ચાલી રહ્યું. આ આઘાતજનક પણ છે કારણ કે દીપિકા ગર્ભવતી




છે અને ટૂંક સમયમાં જ રણવીર અને તેના પહેલા બાળકને જન્મ આપવા જઈ રહી છે. આવી સ્થિતિમાં દરેકના મનમાં સવાલ છે કે એવું તો શું થયું કે રણવીરે લગ્નના ફોટા ડિલીટ કરી દીધા. રણવીર સિંહ પહેલા, દીપિકા પાદુકોણે ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ તેનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ કાઢી નાખ્યું હતું. તેણે તેની શરૂઆતથી લઈને ૨૦૨૦ ના અંત સુધી તમામ ફોટા અને વીડિયો ડિલીટ કરી દીધા હતા. અભિનેત્રીએ કહ્યું કે તે ૨૦૨૧ થી તેના જીવનમાં એક નવી શરૂઆત કરી રહી છે. તેણે ૨૦૨૦ના મુશ્કેલ સમયને યાદ ન રાખવાની વાત કરી હતી. દીપિકાએ કહ્યું કે આટલું ભયંકર વર્ષ પસાર કર્યા પછી તે હવે પાછું વળીને જોવા માંગતી નથી.

### શૂટિંગ શરૂ થયું ત્યારથી જ જોલી ફિલ્મ વિવાદોમાં

# વકીલોએ અક્ષયની ફિલ્મ જોલી LLB-3 વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

અજમેર ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશને સિવિલ જજ અજમેર નોર્થની કોર્ટમાં બોલિવૂડ ફિલ્મ જોલી એલએલબી-૩નું શૂટિંગ રોકવા માટે અરજી દાખલ કરી છે. તેમજ બાર એસોસિએશનના પ્રમુખે પ્રોડ્યુસર, ડાયરેક્ટર અને એક્ટર્સ વિરુદ્ધ વકીલો અને જજોની મજાક ઉડાવવાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીઓ ઈચ્છે છે કે મેકર્સ તેને બનાવવાનું બંધ કરે, આ માટે કોર્ટને નોટિસ જારી કરવાની વિનંતી કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે આવતીકાલે આ કેસની સુનાવણી થશે. ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનના પ્રમુખ ચંદ્રભાન સિંહ રાઠોડે જણાવ્યું હતું કે જોલી એલએલબીના પ્રથમ અને બીજા ભાગને ધ્યાનમાં રાખીને તેમણે આ નિર્ણય લીધો છે. એવું લાગે છે કે અભિનેતાઓ અને અન્ય કલાકારો સહિત ફિલ્મના નિર્માતાઓ અને દિગ્દર્શકો દેશના બંધારણના મુખ્ય સ્તંભ ન્યાયતંત્રની ગરિમા અને પ્રતિષ્ઠાને બિલકુલ માન આપતા નથી. રાઠોડે જણાવ્યું હતું કે હાલમાં જોલી એલએલબી ૩નું શૂટિંગ અજમેરની ડીઆરએમ ઓફિસ સહિત આસપાસના ગામો અને વિસ્તારોમાં ચાલી રહ્યું છે, જે ઘણા દિવસો સુધી ચાલુ રહેવાનું છે. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન પણ નિર્માતાઓ અને દિગ્દર્શકો વકીલો અને ન્યાયાધીશો સહિત ન્યાયતંત્રની ઈમેજ, પ્રતિષ્ઠા અને ગરિમાને લઈને બિલકુલ ગંભીર દેખાતા નથી. બાર પ્રમુખે કહ્યું




કે કલાકારો સમાજ માટે મૂર્તિ સમાન છે. તેમના દ્વારા કરવામાં આવેલા કાર્યોને સમાજ જેમ છે તેમ સ્વીકારે છે અને તેમના પોતાના વિચારો પણ એ ફિલ્મો જોયા પછી તેમના પાત્રોમાં ક્યાંક ને ક્યાંક પોતાને શોધવા લાગે છે. બાર પ્રમુખના જણાવ્યા અનુસાર, શૂટિંગ દરમિયાન વકીલો અને ન્યાયાધીશોને એવી રીતે બતાવવામાં આવે છે જે સામાન્ય રીતે ક્યાંય બનતું નથી. આ માત્ર હાસ્યાસ્પદ નથી પણ અશિષ્ટ પણ છે અને ન્યાયતંત્રની પ્રતિષ્ઠા, ન્યાયાધીશો અને વકીલોની પ્રતિષ્ઠા અને છબીને કલંકિત કરે છે. જોલી એલએલબી ૩ માં, વકીલને લાત મારવી, લાકડા લઈને તેની પાછળ દોડવું, ન્યાયાધીશનો ગુટખા ખાવો, પૈસાની લેવડ-દેવડ કોઈ પણ રીતે કોર્ટ, ન્યાયતંત્ર અને વકીલોની માન-સન્માન, પ્રતિષ્ઠા અને પ્રતિષ્ઠાને અનુકુળ નથી તેવા દ્રશ્યો શૂટ કરવામાં આવ્યા છે. અને ન્યાયાધીશ. તેમણે કહ્યું કે એક વકીલ હોવાના કારણે તેઓ સૌથી મોટા ગુનેગાર કે સાક્ષીને પણ કોર્ટ સમક્ષ રજૂ કરતી વખતે ઘણી બાબતોનું ધ્યાન રાખે છે, જેથી જજ અને કોર્ટની ગરિમા જળવાઈ રહે.

### આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ

# કેન્દ્રીય આરોગ્ય સચિવે થેલેસેમિયાનો સામનો કરવા માટે સમયસર તપાસ અને નિવારણના મહત્વ પર ભાર મૂક્યો



। અમદાવાદ, તા.૮ ।

સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનાં સચિવ શ્રી અપૂર્વ ચંદ્રાએ આ રોગની સમસ્યાનું સમાધાન કરવા માટે સમયસર થેલેસેમિયાની તપાસ અને તેની રોકથામનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે યોગ્ય સમયે તેને અટકાવીને જ આ રોગનો બોજ ઘટાડી શકાય છે. કેન્દ્રીય આરોગ્ય સચિવ આજે અહીં આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય સચિવે જણાવ્યું હતું કે, "સમયસર તપાસ અને નિવારણ એ થેલેસેમિયાનો સામનો કરવા માટેની સૌથી અસરકારક વ્યૂહરચના છે." તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં થેલેસેમિયાના લગભગ ૧ લાખ દર્દીઓ છે, જેમાં દર વર્ષે આશરે ૧૦,૦૦૦ નવા કેસ નોંધાય છે. તેમણે સ્ક્રિનિંગ મારફતે સમયસર તપાસ દ્વારા સહાયિત સક્રિય હસ્તક્ષેપ માટેની તાકીદ પર ભાર મૂક્યો. શ્રી અપૂર્વ ચંદ્રાએ આ વિષયમાં વિસ્તૃત જાગૃતિ લાવવાની મહત્ત્વપૂર્ણ જરૂરિયાત પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે "હજી પણ ઘણા લોકો આ રોગથી અજાણ છે અને આને કેવી રીતે રોકી શકાય છે. થેલેસીમિયા અંગે જાગૃતિ લાવવા માટે આ ક્ષેત્રના તમામ હિસ્સેદારો દેશવ્યાપી અભિયાન માટે સહયોગ કરે તે હિતાવહ છે. આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલા તરી-કે, તેમણે થેલેસેમિયા માટે અસરકારક નિવારણ પદ્ધતિઓ અને શ્રેષ્ઠ સારવારને પ્રોત્સાહન આપવા માટે ઈન્ડિયન એસોસિએશન ઓફ પેડિયાટ્રિક્સ એન્ડ થેલેસેમિક્સ ઈન્ડિયાના સહયોગથી બનાવેલ એક વિડિઓ લોન્ચ કર્યો હતો. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવે એનએચએમ હેઠળ વર્તમાન પ્રજોત્પતિ અને બાળ સ્વાસ્થ્ય (આરસીએચ) કાર્યક્રમોમાં ફરજિયાત થેલેસેમિયા પરીક્ષણને સામેલ કરવાની હિમાયત પણ કરી હતી, જેનો ઉદ્દેશ આ રોગનાં વ્યાપને ઘટાડવાનો છે. તેમણે ઉમેર્યું હતું કે, કેટલાંક રાજ્યોએ આ બાબતને તેમનાં જાહેર સ્વાસ્થ્ય કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં સામેલ કરી છે; અન્ય રાજ્યોને થેલેસેમિયા માટે સ્ક્રિનિંગ અને પરીક્ષણને શામેલ કરવા અને વિસ્તૃત કરવા વિનંતી કરવામાં આવશે. થેલેસેમિયા એ વારસાગત રક્ત વિકાર છે જે શરીરમાં સામાન્ય કરતા ઓછું હિમોગ્લોબિનનું કારણ બને છે. દર વર્ષે ઉજવવામાં આવતો, આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ રોગનિવારણના મહત્વ પર ભાર મૂકવા, જાગૃતિ લાવવા, હિતધારકોને સંવેદનશીલ બનાવવા, વહેલી તકે તપાસને પ્રોત્સાહન આપવા અને થેલેસેમિયાથી અસરગ્રસ્ત લોકો માટે ગુણવત્તાયુક્ત સંભાળ સુનિશ્ચિત કરવા માટે એક નિર્ણાયક મંચ તરીકે સેવા આપે છે. આ વર્ષની થીમ "એમ્પાવરિંગ લાઈવ્ઝ, એમ્બ્રેસિંગ પ્રોગ્રેસઃ ઈક્વિટેબલ એન્ડ એક્સેસિબલ થેલેસેમિયા ટ્રીટમેન્ટ ફોર ઓલ"માં વ્યાપક થેલેસેમિયા કેર માટે સાર્વત્રિક સુલભતા તરફના સામૂહિક મિશનનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે શ્રીમતી આરાધના પટનાયક, એએસએન્ડ એમડી (એનએચએમ); ડૉ. જી. વી. બાસવરાજા, પ્રેસિડન્ટ, ઈન્ડિયન એકેડેમી ઓફ પેડિયાટ્રિક્સ; સુશ્રી શોભા તુલી, સેક્રેટરી, થેલેસેમિક્સ ઈન્ડિયા; આઈએપીના પીએચઓ ચેપ્ટરના માનદ સચિવ ડૉ. માનસ કાલરા અને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દીકરીની હત્યા કરી લાશ ફેંકી દેવાનો ગુનો નોંધી પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી

। (એજન્સી) પટણા, તા.૮ ।

બિહારમાં એક હૃદયદ્રાવક ઘટના બની હતી, ૨૭ એપ્રિલના રોજ ગંડક નદીના સત્રઘાટ પુલ નીચે એક અજાણી કોથળી પડેલી મળી આવી હતી, જેમાં બાળકીનો મૃતદેહ હતો. તેના હાથ-પગ બાંધેલા હતા. આ મામલો જિલ્લાના કેસરિયા પોલીસ સ્ટેશન વિસ્તાર સાથે સંબંધિત છે. પોલીસે જ્યારે કેસ નોંધીને તપાસ કરી તો ખબર પડી કે આ હત્યા પ્રેમ પ્રકરણના કારણે થઈ છે અને ઓનર કિલિંગનો કેસ નોંધીને પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી છે. આ કેસમાં કાર્યવાહી કરીને પોલીસે મૃતકના પિતા, ભાઈ અને સાળાની ધરપકડ કરી છે. પોલીસ પોસ્ટ મોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહી છે.

સબ-ડિવિઝન પોલીસ અધિકારી સત્યેન્દ્ર કુમાર સિંહે જણાવ્યું કે મૃતકની ઓળખ ૨૨ વર્ષીય કાજલ કુમારી તરીકે થઈ છે. આરોપીઓના નામ પ્રભુવન દાસ, ચંદ્રમોહન ઉર્ફે અજય નિવાસી સુબૈયા અને આશુતોષ કુમાર ઉર્ફે મુનિક નિવાસી સાહેબગંજ મુઝફ્ફરપુર છે. પ્રભુવન પિતા છે અને ચંદ્રમોહન ભાઈ છે. આશુતોષ જીત્યા છે. ત્રણેય પાસેથી ૫ મોબાઈલ ફોન પણ મળી આવ્યા છે, જેનો ઉપયોગ તેઓએ છુપાવવા માટે કર્યો હતો.

આરોપીઓને પકડવા માટે ખાસ ટીમ બનાવવામાં આવી હતી.આરોપીઓએ પૂછપરછ દરમિયાન જણાવ્યું કે કાજલે આત્મહત્યા કરી હતી, જેના કારણે તેઓ ડરી ગયા હતા. જેથી તેઓએ તેની લાશને બોરીમાં ભરીને ઘરથી દૂર સત્રાઘાટ પુલ નીચે ફેંકી દીધી હતી. કાજલ કોઈ છોકરા સાથે ભાગી ગઈ હતી. જેના કારણે તેના લગ્નજીવનમાં મુશ્કેલીઓ આવતી હતી અને ઘરમાં રોજેરોજ તકલીફ પડતી હતી. જેના કારણે તેણે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

પોલીસ અધિકારી સત્યેન્દ્રએ જણાવ્યું કે પૂછપરછ દરમિયાન આરોપીએ કાજલના પ્રેમ સંબંધનો ખુલાસો કર્યો હતો. આરોપીએ જણાવ્યું કે કાજલ તેના પ્રેમી સાથે ૧૭ માર્ચે ભાગી ગઈ હતી. પ્રભુવને કેસરીયા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. કેસરિયા પોલીસ સ્ટેશને ૨૪ એપ્રિલે કાજલને તેના પ્રેમી સાથે પકડી હતી. કલમ ૧૬૪ હેઠળ કોર્ટમાં તેનું નિવેદન નોંધવામાં આવ્યું હતું અને તેને તેના પરિવારને સોંપવામાં આવ્યો હતો.

# ૧૦ મે ના રોજ પશ્ચિમ રેલવે અમદાવાદ અને પુરી વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવશે

### ઉનાળાની ઋતુમાં મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ અમદાવાદ-પુરી-પાલધી વચ્ચે વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે

। અમદાવાદ તા.૮ ।

ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ અમદાવાદ-પુરી-પાલધી સ્પેશિયલ ટ્રેન (કુલ ૨ ટ્રીપ)

ટ્રેન નંબર ૦૯૪૫૩ અમદાવાદ-પુરી સ્પેશિયલ અમદાવાદથી શુક્રવાર, ૧૦ મે ૨૦૨૪ના રોજ ૧૯.૧૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૧૩.૩૦ કલાકે પુરી પહોંચશે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૫૪ પુરી-પાલધી સ્પેશિયલ પુરીથી રવિવારે ૧૨ મે ૨૦૨૪ના રોજ ૧૬.૩૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૦.૪૫ કલાકે પાલધી પહોંચશે.

માર્ગમાં આ ટ્રેન બંને દિશાઓમાં જલગાંવ, ભુસાવલ, શેગાંવ, અકોલા, વર્ધા, નાગપુર, તુમસર રોડ, ગોંદિયા, દુર્ગ, રાયપુર, લખૌલી, મહાસમુંદ, ખરિયાર રોડ, કાંટાબંજી, ટિટિલાંગઢ, કેસિંગા, મુનિગુડા, રાયગડા, પાર્વતીપુરમ, બોબ્બિલિ, વિજયનગરમ, શ્રીકાકુલમ રોડ, પલાસા, બ્રહ્મપુર, છતરપુર, ખુર્દા રોડ અને સાક્ષીગોપાલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં ૨૦ કોચ સ્લીપર ક્લાસના હશે.

ટ્રેન નંબર ૦૯૪૫૩ અમદાવાદ-પુરી સ્પેશિયલને વડોદરા, સુરત, ઉધના અને નંદુરબાર સ્ટેશન પર અતિરિક્ત સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

ટ્રેન નંબર ૦૯૪૫૩ નું બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટર્સ અને આઈ આર સી ટી સી ની વેબસાઈટ પર શરૂ છે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indian-rail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# લોકશાહિનું હન્નઃ 'ગુજરાતમાં બિહારવાડી', દાહોદમાં બૂથ કેપ્ચરીંગ ઘટના

### ભાજપના નેતાનો પુત્રએ દારૂપીને બોગસ વોટિંગ કરતો વિડિયો વાઈરલ

। અમદાવાદ તા.૮ ।

ગુજરાત લોકસભાની ૨૫ બેઠકો પર મતદાન થયો બાદ દાહોદ બેઠકના મતવિસ્તાર સંત્રામપુર તાલુકાના પરથમપુરમાં બૂથ કેપ્ચરીંગ ઘટના સામે આવી હતી છે. આ ઘટનાનો ઈન્સ્ટાગ્રામ ઉપર બૂથ કેપ્ચરીંગ લાઈવ કરવામાં આવ્યું હતો.

ભાજપ નેતાના પુત્ર વિજય ભાભોરે બૂથમાં ઘૂસીને બોગસ વોટિંગ કર્યાનો આરોપ. વીડિયો વાઈરલ થતા કોંગ્રેસ ઉમેદવારે કરી કલેક્ટરને ફરિયાદ. ચૂંટણી પંચે જિલ્લા કલેક્ટર પાસેથી રીપોર્ટ મંગાવ્યો હતો. રીપોર્ટના આધારે ચૂંટણી પંચ નિર્ણય લેશે.

એટલું જ નહીં વિજય ભાભોરે મતદાન મથક પરથી જ તેમના સોશિયલ મીડિયામાં પ્લેટફોર્મ પર આખી ઘટનાનો વીડિયો લાઈવ કર્યો હતો. આ વીડિયોમાં વિજય ભાભોર કહી રહ્યો છે કે '૫-૧૦ મિનિટ ચાલે તે ચાલવા દો આપણે બેઠા છીએ. વિજય ભાભોર એટલે વાત ખલાસ, મશીન-બશીન આપણા બાપનું જ છે.'

'ગુજરાતમાં બિહારવાડી', લોકશાહિને હન્ન કરતી ઘટના દાહોદ લોકસભા બેઠકના મહીસાગરના સંતરાપુર તાલુકાના પરથમપુર ગામમાં ભાજપના નેતાના પુત્રએ બૂથ અધકારીઓને ડરાવી ધમકાવીને ઈવીએમ કેપ્ચર કરીને બોગસ મતદાન કરતા વિડિયો વાઈરલ કર્યો હતો જે વિડિયોમાં વિજય ભાભોરે દારુ પીને અભદ્ર ભાષનો ઉપયોગ કર્યું હતું. EVM પોતાના સાથે લઈ જવાની પણ વાત કરી હતી. સમગ્ર વીડિયો વાયરલ થતાં વિજય ભાભોરે વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી ડિલિટ કર્યો હતો. પરંતુ ત્યાં સુધી લાખો લોકોએ આ બુથ કેપ્ચરીંગની આ ઘટના લાઈવ નિહાળી હતી.

**કોંગ્રેસે કરી કલેક્ટરને ફરીયાદ**

કોંગ્રેસ ઉમેદવાર ડો પ્રભાબેન તાવિયાડે કલેક્ટરને આ અંગે ફરિયાદ કરી છે. કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીએ હાલ સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. બૂથના વાયરલ વાડિયા મામલે ચૂંટણી પંચે રિપોર્ટ મંગાવ્યો છે. ચૂંટણી પંચે જિલ્લા કલેક્ટર પાસેથી રીપોર્ટ મંગાવ્યો હતો. રીપોર્ટના આધારે ચૂંટણી પંચ નિર્ણય લેશે. આરોપી યુવકની ધરપકડની સ્થાનિક પોલીસે ધરપકડ કરી છે.

# રેલ્વેએ યૂટીએસ મોબાઈલ એપ પરથી જીઓ-ફેન્સિંગ પ્રતિબંધો હટાવ્યા

। અમદાવાદ તા.૮ ।

યૂટીએસઑન મોબાઈલ એપ પશ્ચિમ રેલ્વેના ગૈર-ઉપનગરીય અને ઉપનગરીય ખંડ પર ઉપલબ્ધ છે. ટિકિટ મેળવવાની આ પદ્ધતિ રેલવે મુસાફરોમાં ખૂબ જ લોકપ્રિય બની છે અને વધુને વધુ લોકો આ મોબાઈલ એપનો ઉપયોગ કરી રહ્યા છે, જેના કારણે એપ દ્વારા ટિકિટના વેચાણમાં નોંધપાત્ર વધારો થયો છે. મુસાફરોની સુવિધાને વધુ વધારવા અને મુસાફરો માટે ટિકિટ બુકિંગ પ્રક્રિયાને સરળ બનાવવા માટે, ભારતીય રેલ્વેએ હવે 'યૂટીએસ ઑન મોબાઈલ એપ' પર જિયો-ફેન્સિંગ પ્રતિબંધોની બાહ્ય મર્યાદા દૂર કરી છે. આ ત્રણ 'સી' ડિજિટલાઈઝેશન પહેલનો એક ભાગ છે જેનો હેતુ કોન્ટેક્ટલેસ ટિકિટિંગ, કેશલેસ વ્યવહારો અને ટિકિટ બુક કરતી વખતે ગ્રાહકની સુવિધા અને અનુભવને પ્રોત્સાહન આપવાનો છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુરે જારી કરેલી પ્રેસ રીલીઝ મુજબ, મોબાઈલ એપ પર યૂટીએસ લોન્ચ કરવાનો મુખ્ય ઉદ્દેશ ડિજિટલ ટિકિટિંગ મોડને પ્રોત્સાહિત કરવાનો, સેલ્ફ ટિકિટિંગ પ્રોત્સાહન આપવાનો અને એ સુનિશ્ચિત કરવાનો છે કે મુસાફરો કતારોની મુશ્કેલીનો સામનો કર્યા વિના ટિકિટ ખરીદી શકે. તાજેતરમાં, રેલ્વેએ અંતર પ્રતિબંધમાં ફેરફાર કર્યો છે અને હવે મોબાઈલ એપ્લિકેશન ઓન યુટીએસ પર જીઓ-ફેન્સિંગ પ્રતિબંધની બાહ્ય મર્યાદા દૂર કરી છે. જિયો-ફેન્સિંગની બાહ્ય મર્યાદા દૂર કર્યા પછી, મુસાફરો હવે ઘરે બેસીને કોઈપણ સ્થળેથી કોઈપણ ગંતવ્ય સ્થાનની ટિ-કિટ બુક કરી શકશે. જો કે, મુસાફરોએ ટિકિટ બુક કર્યાના એક કલાકની અંદર સબબર્ન સોર્સ સ્ટેશનથી તથા નોન-સબર્બન ટ્રેનોના કિસ્સામાં, વ્યક્તિએ ત્રણ કલાકની અંદર ટ્રેન પકડવી પડશે. યુટીએસ ઓન મોબાઈલ એપનો ઉપયોગ કરવાનો એક વધારાનો ફાયદો એ છે કે મુસાફરોને આર-વોલેટ રિચાર્જ પર ૩% બોનસ મળશે.

પશ્ચિમ રેલ્વે તેના આદરણીય ગ્રાહ-કોને મોબાઈલ ટિકિટિંગ એપ પર યુટીએસના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને તેના ઉપયોગ સાથે સંકળાયેલા લાભોનો લાભ લેવા વિનંતી કરે છે. પશ્ચિમ રેલવેએ આધુનિક ટિકિટિંગ મોડ્સના ઉપયોગને લોકપ્રિય બનાવવા માટે ઘણા પગલાં લીધાં છે અને આ મહત્વપૂર્ણ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવાનું ચાલુ રાખશે.

આ સંદર્ભે પશ્ચિમ રેલવે દ્વારા મહત્વના રેલવે સ્ટેશનો પર વિવિધ પ્રચાર અભિયાનો યોજવામાં આવી રહ્યા છે.પશ્ચિમ રેલ્વેના સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વધુ મુસાફરોમાં રસ પેદા કરવા, મોબાઈલ એપ્લિકેશન પર યુટીએસની સુવિધાઓ અને લાભો વિશે જાગૃતિ લાવવા અને મોબાઈલ ટિકિટિંગ એપ્લિકેશન પર યુટીએસના ફાયદાઓ વિશે યુવાનો સુધી પહોંચવા માટે ક્રિએટિવ અને ઈન્ફોટેનમેન્ટ આધારિત વેબકાર્ડ પોસ્ટ કરવાંમાં આવે છે.

# ઝારખંડમાં હવામાનમાં અચાનક પલટો; વાવાઝોડા સાથે વરસાદ

। (એજન્સી) રાંચી, તા.૮ ।

રાજ્યનું પાટનગર રાંચી સહિત લગભગ આખા ઝારખંડમાં હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો અને આ દરમિયાન વાવાઝોડા સાથે વરસાદ પણ પડ્યો હતો. ઘણી જગ્યાએ કરા પણ પડ્યા હતા અને ગાજવીજ પણ થઈ હતી. વાવાઝોડા, વરસાદ અને કરાથી અનેક વિસ્તારોમાં ભારે વિનાશ સર્જાયો હતો. વૃક્ષો પડવાથી અને વીજળી પડવાથી સાત લોકોના મોત થયા હતા. ત્યાં ડઝનેક ઘાયલ છે. રાંચી, પલામુ અને ધનબાદમાં બે-બે જ્યારે કોડરમામાં એકનું મોત થયું હતું. હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી રાજ્યમાં ભારે પવન અને વાવાઝોડા માટે યલો એલર્ટ જાહેર કર્યું છે.

ઝારખંડમાં તોફાન અને વરસાદના કારણે મહત્તમ તાપમાનમાં સાત ડિગ્રીનો ઘટાડો થયો છે. પૂર્વ સિંઘભુમના બહારગોરામાં સૌથી વધુ ૧૭.૬ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે પલામુમાં ધૂળની ડમરીઓ અને ઝરમર વરસાદ થયો હતો, તો ગઢવામાં સાંજે ૪ વાગ્યાની આસપાસ જોરદાર તોફાન સાથે વરસાદ અને કરા પડ્યા હતા. કરા પડતાં શાકભાજીના પાકને ઘણું નુકસાન થયું છે.

અચાનક આવેલા વાવાઝોડા બાદ વરસાદના કારણે રાંચીમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. તોફાન શરૂ થયા બાદ સલામતીના કારણોસર શહેરના ૧૬૦ ૧૧ હ્નફ ફીડરમાંથી વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. રાંચીના અડધા ભાગમાં લગભગ બે કલાક સુધી વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. કોકર વિસ્તારમાં સૌથી મોટી સમસ્યા સર્જાઈ છે. અહીં અનેક વિસ્તારોમાં ત્રણ થી ચાર કલાક સુધી વીજ પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો જેથી લોકોને હાલાકી ભોગવવી પડી હતી. રાંચીના તાતીસિલ્વેમાં વાવાઝોડાના પાણીને કારણે એક ઝાડ પડી ગયું. જેમાં એક યુવક અને એક યુવતીના મોત થયા હતા અને ત્રણ લોકો ઘાયલ થયા હતા. મૃતક સોનુ સાહુ ગોંડલીપોખાર બેદવારીનો રહેવાસી હતો. વિદ્યાર્થી જ્યોતિ સાહિબગંજની રહેવાસી હતી. ઘાયલોમાં ઉદિત મરાંડી (સાહિબગંજ), આશા મુર્મુ (ગોડ્ડા) અને ઝુંકી દેવી (હેસલ અંગદા)નો સમાવેશ થાય છે. બીજી તરફ પલામુના મોહમ્મદગંજમાં પણ એક કિશોરી અને એક છોકરીનું મોત થયું છે. ગાઝી બિહાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ધડાકાને કારણે એક બાળકીનું મોત થયું હતું. ગોલા પથ્થર ટોલામાં ૧૩ વર્ષના બસંતનું વીજળી પડવાથી મોત થયું હતું. કોડરમાના ચંદવાડામાં અથડામણને કારણે એક યુવકનું મોત થયું હતું.

# ઓસ્ટ્રેલિયા દ્વારા સ્ટુડન્ટ વિઝાનાં નિયમોને કડક બનાવ્યા

। (એજન્સી) કેનબેરા, તા.૮ ।



હવે જો કોઈ પણ ભારતીયને ઓસ્ટ્રેલિયા ખાતે સ્ટુડન્ય વિઝા જોઈએ તો ૧૯,૫૭૬ અમેરિકન ડોલર એટલે ૨૯૭૧૦ ઓસ્ટ્રેલિયન ડોલરની બચત દેખાડવી જરૂરી છે. તેમજ સાત મહિનાની અંદર ઓસ્ટ્રેલિયાએ સ્ટડન્ટ વિઝા માટે નાણાંની જરૂરિયાતમાં બીજી વખત વધારો કર્યો છે. ઓક્ટોમ્બર મહિનામાં આ રકમ ૨૧૦૦૦ ઓસ્ટ્રેલિયન ડોલરથી વધારીને ૨૪૫૦૫ ઓસ્ટ્રેલિયન ડોલર કરાઈ હતી. ત્યારે હવે ફરીથી આ રકમમાં વધારો કરી ૨૯૭૧૦ ઓસ્ટ્રેલિયન ડોલર કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયન સરકાર બાદ સ્થાનિક યુનિવર્સિટીઓ તેમજ કોલેજો દ્વારા પણ કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે. કોલેજો દ્વારા હવે જેન્યુઈન ન હોય તેવા લોકોની ભરતી પ્રક્રિયા બંધ કરવી પડશે. તેમજ જો તેવું કરવામાં નહી આવે તો તેમની સામે પગલા ભરવામાં આવશે. ઓસ્ટ્રેલિયામાં વિદેશી સ્ટુડન્ટની સંખ્યા પર અંકુશ મૂકવા માટે ઓસ્ટ્રેલિયન સરકાર દ્વારા સખ્ત પગલા ભરવામાં આવી રહ્યા છે. આ સમગ્ર બાબતે સરકાર દ્વારા કડક વલણ અપનાવતા કહ્યું કે, જેન્યુઈન સ્ટુડન્ટ ન હોય તેવા લોકોને પ્રવેશ આપવો નહી. તેમજ નાણાંકીય ક્ષમતાથી લઈને અંગ્રેજી ટેસ્ટની સમગ્ર પ્રક્રિયા પણ વધારી દેવામાં આવી છે.

કોવિડ સમયે ઓસ્ટ્રેલિયન સરકાર દ્વારા વિદ્યાર્થીઓને છૂટ છાટ આપવામાં આવી હતી. જેથી માઈગ્રેશનમાં રેકોર્ડ સર્જાયો હતો. જે બાદ ઓસ્ટ્રેલિયા દ્વારા સ્ટુડન્ટ વિઝાનાં નિયમોને કડક બનાવ્યા છે. તો બીજી તરફ ઓસ્ટ્રેલિયામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધવાથી મકાનોનાં ભાડા પણ વધી ગયા છે. જેથી સ્થાનિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ પ્રશ્ન હલ કરવાને બદલે ઓસ્ટ્રેલિયન સરકાર દ્વારા વિદ્યાર્થીઓની સંખ્યા પર અંકુશ મુકવામાં આવ્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે કદાચ થોડી બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. તમારા પ્રિય લોકો ખુશખુશાલ છે તથા તમારે તેમની સાથે સાંજ માટે કોઈક યોજના ઘડજો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ખાસ કરીને સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. તમારી માટે પ્રેમ પવનમાં છે.

**મિથુન (ક,છ,ઘ) :**
તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો.

**કર્ક (ડ,હ) :**
આજે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે. આજે તમારૂં જીવન એક સુંદર વળાંક લેશે. પ્રેમમાં હોવાની સ્વર્ગીય અનુભૂતિ તમને આજે થશે. તમે જે હંમેશાં કરવા માગતા હતા એ કામ કરવાની તક તમને આજે મળી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે। મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જયમદિવસ છે જ્યારે તમે રોમેન્ટિક ટ્રીપ પર જશો. સખત મહેનત તથા તમારી આસપાસના લોકો તમારા સંબધોમાં મતભેદ પાડવાની કોશિષ કરશે. બહારની વ્યક્તિની સલાહ મુજબ ચાલતા નહીં.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે એવું અનુમાન છે કે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે.

**મકર (ખ,જ) :**
આજે ના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે થોડુંક ટૅન્શન તથા કેટલાક મતભેદો તમને અજંપ તથા બેચેન કરી મુકશે. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે। જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

## નેધરલેન્ડમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં વિરોધ કરી રહેલા વિદ્યાથીઓ પર તંબુ તોડવામાં આવ્યા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

નેધરલેન્ડ પોલીસે પેલેસ્ટાઈન તરફી વિરોધ કરી રહેલા વિદ્યાથીઓ સામે બુલડોઝરનો ઉપયોગ કર્યો છે અને તેમને વિખેર્યા છે. નેધરલેન્ડની એમ્સ્ટરડેમ યુનિવર્સિટીમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં મોટી સંખ્યામાં વિદ્યાથીઓ હડતાળ પર બેઠા છે. પોલીસે તેમની છાવણીને ઉખેડી નાખવા માટે બુલડોઝરનો ઉપયોગ કર્યો હતો અને લગભગ ૧૨૫ વિરોધીઓની અટકાયત કરી હતી.નેધરલેન્ડ પોલીસે સોશિયલ મીડિયા સાઈટ એક્સ પર એક નિવેદન પણ બહાર પાડ્યું હતું કે વિરોધ હિંસક બન્યો હોવાથી પગલાં "કાયદો અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી" હતા.સોશિયલ મીડિયા પરના એક વીડિયોમાં જોવા મળે છે કે રમખાણ પોલીસ પેલેસ્ટાઈન તરફી વિદ્યાથીઓ દ્વારા લગાવવામાં આવેલા બેરિકેડ્સને હટાવવા માટે બુલડોઝરનો ઉપયોગ કરી રહી છે. પોલીસે દેખાવકારોને વિખેરવા માટે લાઠીઓ અને ઢાલનો ઉપયોગ કર્યો છે. પોલીસે બદમાશોને પણ માર માર્યો અને તેમના તંબુ હટાવ્યા.પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આ પ્રકારના વિરોધથી ખૂબ જ અસુરક્ષિત પરિસ્થિતિ સર્જાઈ હતી, જેમાં બેરીકેટ્સ ઈમરજન્સી સેવાઓને સ્થળ પર પહોંચતા અટકાવે છે."યુનિવર્સિટી ઓફ એમ્સ્ટરડેમ સાથે સંકળાયેલા એક અધિકારીએ જણાવ્યું હતું કે તેઓ દિવસ દરમિયાન વિરોધ પ્રદર્શનને લગતી પ્રવૃત્તિઓનું સમર્થન કરે છે, પરંતુ તેઓ વિદ્યાથીઓને રાત્રે પણ આવું કરવાની મંજૂરી આપી શકતા નથી. આ વિરોધ કરી રહેલા વિદ્યાથીઓની માંગ છે કે યુનિવર્સિટી ઈઝરાયેલ સાથેના તેના તમામ શૈક્ષણિક સંપર્કો સમાપ્ત કરે.ઈઝરાયલ વિરુદ્ધનું આ પ્રદર્શન અમેરિકન યુનિવર્સિટીઓમાંથી એમ્સ્ટર્ડમ યુનિવર્સિટી સુધી પહોંચ્યું છે. અમેરિકાની ઘણી યુનિવર્સિટીઓમાં હાલમાં વિદ્યાથીઓ પેલેસ્ટાઈનના સમર્થનમાં પ્રદર્શન કરી રહ્યા છે. આ વિદ્યાથીઓ પેલેસ્ટાઈન પર ઈઝરાયેલના હુમલાઓને તાત્કાલિક રોકવાની માંગ કરી રહ્યા છે.અમેરિકાથી શરૂ થયેલો આ વિરોધ યુરોપના અનેક રાજ્યોમાં ફેલાઈ રહ્યો છે. અહીં વિદ્યાથીઓ 'પેલેસ્ટાઈન'ના નારા લગાવી રહ્યા છે.તમને જણાવી દઈએ કે અમેરિકાની ઘણી યુનિવર્સિટીઓમાં ઈઝરાયેલ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. રાજધાની વોશિંગ્ટન સહિત દેશના ૨૨ થી વધુ રાજ્યોમાં આ વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે.



કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા સંસદીય ચૂંટણી રાયબરેલી માટે પાર્ટીના ઉમેદવાર રાહુલ ગાંધીના સમર્થનમાં ચૂંટણી રેલીમાં સમર્થકો સાથે નજરે પડે છે.

આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘનનો આરોપ

## કોંગ્રેસે 'રન ફોર ડેવલપ્ડ ઈન્ડિયા' રદ કરવાની માંગ કરી

### વિકાસ ભારત એમ્બેસેડર ક્લબના સહયોગથી દિલ્હી યુનિવર્સિટી દ્વારા આયોજિત, આ કાર્યક્રમનો હેતુ ભાજપના 'વિકાસ ભારત' અભિયાનને પ્રોત્સાહન આપવાનો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

દિલ્હી પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ દેવેન્દ્ર યાદવે ચૂંટણી પંચને પત્ર લખીને 'રન ફોર ડેવલપ્ડ ઈન્ડિયા' રદ કરવાની માંગ કરી છે, જેને તેમણે આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણાવ્યું છે. વિકાસ ભારત એમ્બેસેડર ક્લબના સહયોગથી દિલ્હી યુનિવર્સિટી દ્વારા આયોજિત, આ કાર્યક્રમનો હેતુ ભાજપના 'વિકાસ ભારત' અભિયાનને પ્રોત્સાહન આપવાનો છે અને તેમાં બેડમિન્ટન ચેમ્પિયન સાયના નેહવાલ, અભિનેતા રાજ કુમાર રાવ અને દિલ્હી યુનિવર્સિટીના કુલપતિ પ્રો. યોગેશ સિંઘ સહિતના અગ્રણીઓ ભાગ લેશે.૫,૦૦૦ વિદ્યાથીઓ ભાગ લેશે તેવી અપેક્ષા સાથે, યાદવ દલીલ કરે છે કે ભાજપના અગ્રણી નેતા કુલજીત ચહલ દર્શાવતી ઈવેન્ટ સ્પષ્ટપણે ભાજપ માટે ચૂંટણી લાભ તરીકે કામ કરે છે અને તેથી તેને તાત્કાલિક રદ કરવાની માંગ કરે છે. દેવેન્દ્ર યાદવે કહ્યું કે હકીકત એ છે કે વિવિધ કોલેજોના ૫૦૦૦ વિદ્યાથીઓ ભાગ લે તેવી અપેક્ષા છે કારણ કે 'વિકાસ ભારત ૨૦૪૭' એક મુખ્ય કાર્યક્રમ છે. શાસક ભારતીય જનતા પાટીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા પ્રચાર માટેનું એક પોસ્ટર પણ તૈયાર કરવામાં આવ્યું છે અને ચહલ નમો એપના રાષ્ટ્રીય સંયોજક હોવાથી રેસની તૈયારીઓની રૂપ રેખા આપવા માટે યોજાયેલી બેઠકમાં ભાજપના નેતા કુલજીત ચહલ હાજર હતા.દેવેન્દ્ર યાદવે કહ્યું કે દિલ્હી યુનિવર્સિટી હેઠળની દયાલ સિંહ કોલેજે પીએમ નરેન્દ્ર મોદીની તસવીર સાથે વિકાસ ભારત રન સંબંધિત પોસ્ટર પણ તૈયાર કર્યું છે, જે આદર્શ આચાર સંહિતાનું પણ સ્પષ્ટ ઉલ્લંઘન છે.દેવેન્દ્ર યાદવે તેમના પત્રમાં જણાવ્યું હતું કે આદર્શ આચાર સંહિતા નોટિફિકેશનમાં, 'ન જોઈએ' કેટેગરીમાં, એવું કહેવામાં આવ્યું છે કે 'કોઈપણ સત્તાવાર કાર્યને પ્રચાર/ચૂંટણી સાથે મિશ્રિત કરવું જોઈએ નહીં', અને આ રેસ આ 'ન જોઈએ' હેઠળ આવે છે.

મુંબઈ પોલીસે યુપીમાંથી ધરપકડ કરી

## ઘરેલું નોકર બે કરોડના સોના અને હીરાના દાગીના ચોરી ગયો

### ગયા મહિને મુંબઈમાં એક વ્યક્તિના ઘરમાંથી હીરા અને સોનાના દાગીના અને રૂ. ૨ કરોડથી વધુની રોકડની ચોરી થઈ હતી

। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

ગયા મહિને મુંબઈમાં એક વ્યક્તિના ઘરમાંથી હીરા અને સોનાના દાગીના અને રૂ. ૨ કરોડથી વધુની રોકડની ચોરી થઈ હતી. આ અંગે ફરિયાદ મળતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. સીસીટીવી અને ટેકનિકલ ટીમની મદદથી પોલીસે ઉત્તર પ્રદેશના ઘરેલુ મદદનીશની સાથે અન્ય બે લોકોની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું કે આરોપીઓ પાસેથી રોકડ અને દાગીના મળી આવ્યા છે.આ મામલાની માહિતી આપતાં પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ગયા મહિને મુંબઈમાં રહેતા એક વ્યક્તિના ઘરમાંથી કિંમતી ઘરેણાં અને ૭ લાખ રૂપિયાની રોકડની ચોરી થઈ હતી. આ ઘટના ત્યારે બની જ્યારે ઘરનો માલિક તેના પરિવાર સાથે લગ્ન સમારોહમાં હાજરી આપવા માટે ગોવા ગયો હતો. લગ્નમાંથી પરત ફર્યા બાદ મકાનમાલિકે જ્યારે ઘરમાં કબાટ તપાસ્યું તો અંદાજે ૨ કરોડ રૂપિયાના દાગીના અને ૭ લાખ રૂપિયાની રોકડ ગાયબ હતી.કબાટમાંથી દાગીના અને રોકડ ગાયબ જોઈને મકાન માલિક ચોંકી ઉઠ્યા હતા.

'જાતિવાદી', 'ફ્રી પેલેસ્ટાઈન'...

## હિન્દુ-અમેરિકન સાંસદના કોમ્યુનિટી સેન્ટર પર પેલેસ્ટાઈન સમર્થકોનો હુમલો

### ડેટ્રોઇટમાં ભારતીય-અમેરિકન સાંસદ શ્રી થાનેદારના કોમ્યુનિટી સેન્ટરને પેલેસ્ટાઈન તરફી વિરોધીઓએ નિશાન બનાવ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

અમેરિકામાં હાલમાં ઈઝરાયેલ વિરોધી દેખાવો થઈ રહ્યા છે. દરમિયાન, હિંદુ-અમેરિકન સાંસદ શ્રી થાનેદારના કોમ્યુનિટી સેન્ટરને પણ પેલેસ્ટાઈન તરફી વિરોધીઓએ નિશાન બનાવ્યું હતું. કોમ્યુનિટી સેન્ટરની દિવાલ પર અભદ્ર ટિપ્પણીઓ કરવામાં આવી હતી અને તેના ફોટોગ્રાફ પર ક્રોસ માર્ક પણ કરવામાં આવ્યા હતા.ભારતીય મૂળના અમેરિકન સાંસદ શ્રી થાનેદારે ઘણીવાર ઈઝરાયેલ પર હમાસના હુમલાની નિંદા કરી છે. આ જ કારણ છે કે પેલેસ્ટિનિયન સમર્થકો તેમનાથી નારાજ છે.ન્યૂઝ એજન્સી અનુસાર, અમેરિકાના મિશિગન રાજ્યના ડેટ્રોઈટમાં સ્થિત થાનેદાર કોમ્યુનિટી સેન્ટર પર પેલેસ્ટિનિયન સમર્થકોએ હુમલો કર્યો હતો. દેખાવકારોએ દિવાલ પર 'જાતિવાદી', 'સંઘવિરામ' અને 'ફ્રી પેલેસ્ટાઈન' જેવા શબ્દો લખ્યા હતા. તેના ફોટોગ્રાફ પર 'એક્સ' ચિહ્ન પણ બનાવવામાં આવ્યું હતું.થાનેદારના કોમ્યુનિટી સેન્ટર પર આ હુમલો એવા સમયે થયો છે.

નોકરીની લાલચ આપીને ફસાવતા હતા

## ભારતીય યુવાનોને રશિયા-યુક્રેન યુદ્ધમાં ધકેલનારા ૪ દાણચોરોની ધરપકડ કરી

### યુટ્યુબ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને તસ્કરોએ ભારતીય યુવાનોને સારા પગારના પેકેજો સાથે રશિયામાં નોકરીની લાલચ આપીને ફસાવ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

સીબીઆઈએ આંતરરાષ્ટ્રીય માનવ તસ્કરી ગેંગ સાથે સંકળાયેલા ૪ આરોપીઓની ધરપકડ કરી છે. આ આરોપીઓ યુક્રેન સામે યુદ્ધ લડવા માટે રશિયન આર્મીમાં જોડાવા માટે આકર્ષક નોકરીની આડમાં ભારતીય યુવાનોને છેતરતા હતા. સીબીઆઈએ મંગળવારે આમાંના બે શકમંદોની ધરપકડ કરી હતી, જેમની ઓળખ અરુણ અને યેસુદાસ જુનિયર તરીકે થઈ હતી, જેઓ કેરળના તિરુવનંતપુરમના રહેવાસી હતા.અગાઉ ૨૪ એપ્રિલે એક ઓપરેશનમાં સીબીઆઈએ આ કેસના સંબંધમાં બે શકમંદો નિજીલ જોબી બેન્સમ અને એન્થોની માઈકલ ઈલાન્ગોવનની ધરપકડ કરી હતી. બેન્સમ અને એલાન્ગોવન ન્યાયિક કસ્ટડીમાં છે. આ ધરપકડો ૬ માર્ચ, ૨૦૨૪ના રોજ પ્રકાશમાં આવેલા મોટા માનવ તસ્કરી નેટવર્કની ચાલી રહેલી તપાસનો એક ભાગ છે. આ નેટવર્ક દેશભરમાં કાર્યરત હતું અને વિદેશમાં આકર્ષક રોજગારની તકોનું ખોટું વચન આપીને ભારતીય યુવાનોને નિશાન બનાવતું હતું.યુટ્યુબ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને તસ્કરોએ ભારતીય યુવાનોને સારા પગારના પેકેજો સાથે રશિયામાં નોકરીની લાલચ આપીને ફસાવ્યા હતા. ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ દરમિયાન ખુલાસો થયો હતો કે ભારતીય નાગરિકોને જુઠ્ઠું બોલીને અને ઉજ્જવળ ભવિષ્યના સપના દેખાડીને ગેરકાયદેસર રીતે રશિયા મોકલવામાં આવ્યા હતા અને અહીં યુદ્ધમાં જોડાવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. તેની ઈચ્છા વિરુદ્ધ તેને રશિયા-યુક્રેન યુદ્ધ ઝોનમાં તૈનાત કરવામાં આવ્યો હતો. આ ટોળકીએ ઘણા ભારતીયોના જીવનને જોખમમાં મૂક્યું હતું અને કેટલાકને યુદ્ધના ક્ષેત્રમાં ગંભીર ઈજાઓ પણ થઈ હતી. સીબીઆઈએ ગુનાહિત કાવતરું, છેતરપિંડી અને માનવ તસ્કરી સંબંધિત ભારતીય દંડ સંહિતાની કલમો હેઠળ ભારતીય નાગરિકોને ગેરકાયદેસર રીતે રશિયા પહોંચાડવામાં સામેલ ૧૭ ખાનગી વિઝા કન્સલ્ટન્સી ફર્મ અને એજન્ટો સામે કેસ નોંધ્યો છે. આ એજન્ટોનું નેટવર્ક ભારતના અનેક રાજ્યોમાં અને તેની બહાર ફેલાયેલું છે. નિજીલ જોબી બેનસમ આ દાણચોરી ટોળકીનો મુખ્ય સભ્ય છે. તે રશિયન સંરક્ષણ મંત્રાલયમાં કરાર આધારિત અનુવાદક તરીકે કામ કરે છે.રશિયન આર્મીમાં ભારતીય નાગરિકોની ભરતી કરવામાં નિજિલે મહત્વની ભૂમિકા ભજવી હતી. એન્થોની માઈકલ ઈલાન્ગોવને દુબઈમાં રહેતા ફૈઝલ બાબા અને રશિયામાં રહેતા અન્ય લોકોને ચેન્નાઈમાં વિઝાની પ્રક્રિયા કરવામાં અને પીડિતો માટે હવાઈ મુસાફરીની વ્યવસ્થા કરવામાં મદદ કરી હતી. આ કેસમાં ફૈઝલ બાબા પણ સહઆરોપી છે. અરુણ અને યેસુદાસ જુનિયર કેરળ અને તમિલનાડુના ભારતીય યુવાનોને રશિયન આર્મી માટે ભરતી કરતા હતા.સીબીઆઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આરોપીઓ, તેમના એજન્ટો દ્વારા, ભારતીય નાગરિકોની હેરફેર કરતા હતા અને તેમને રશિયન સેનામાં ભરતી કરવાના બહાને રશિયા લઈ ગયા હતા અને તેમને સુરક્ષા ગાર્ડ અને હેલ્પર તરીકે નોકરી અપાવી હતી. તેમજ તેણે નાગરિકો પાસેથી મોટી રકમ એકઠી કરી હતી. એજન્ટોએ ભારતીય વિદ્યાથીઓ પાસેથી ઓછી ફી અને વિઝા એક્સ્ટેંશનની સુવિધા આપીને નાણાં પડાવી લીધા હતા અને તેમને રશિયાની બનાવટી યુનિવર્સિટીઓ અને શંકાસ્પદ સંસ્થાઓમાં પ્રવેશ અપાવ્યો હતો.

માયાવતીની મોટી જાહેરાત

## ભત્રીજા આકાશ આનંદને રાષ્ટ્રીય સંયોજક અને ઉત્તરાધિકારી બનાવવાનો નિર્ણય પાછો ખેંચાયો

### માયાવતીએ સૌપ્રથમ આકાશને સહારનપુરમાં એક જાહેર સભામાં લોન્ચ કર્યો હતા, જ્યાં તે પ્રથમ વખત માયાવતી સાથે મંચ પર દેખાયો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

બહુજન સમાજ પાટીના વડા માયાવતીએ તેમના ભત્રીજા આકાશ આનંદને પાટીના રાષ્ટ્રીય સંયોજક અને તેમના અનુગામી પદ પરથી હટાવી દીધા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આની જાહેરાત કરીમાયાવતીએ પોતાની પોસ્ટમાં લખ્યું, 'એ વાત જાણીતી છે કે બસપા એક પાટી હોવાની સાથે બાબા સાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરના સ્વાભિમાન અને સામાજિક પરિવર્તન માટેનું આંદોલન પણ છે, જેના માટે મેં અને કાંશીરામજીએ અમારું આખું જીવન સમર્પિત કર્યું છે. અને તેને વેગ આપવા માટે નવી પેઢીને પણ તૈયાર કરવામાં આવી રહી છે.તેણે લખ્યું, 'આ ક્રમમાં, પાટીમાં અન્ય લોકોને પ્રમોટ કરવાની સાથે, તેણે આકાશ આનંદને રાષ્ટ્રીય સંયોજક અને તેના અનુગામી તરીકે જાહેર કર્યા. પરંતુ પક્ષ અને ચળવળના વિશાળ હિતમાં તેઓ સંપૂર્ણ પરિપક્વતા સુધી પહોંચે ત્યાં સુધી તેમને આ બે મહત્વપૂર્ણ જવાબદારીઓથી અલગ રાખવામાં આવી રહ્યા છે. માયાવતીએ આગળ લખ્યું, 'જ્યારે તેમના પિતા આનંદ કુમાર પહેલાની જેમ પાટી અને આંદોલનમાં પોતાની જવાબદારી નિભાવતા રહેશે. તેથી, બસપાનું નેતૃત્વ પક્ષ અને આંદોલનના હિતમાં અને બાબા સાહેબ ડો. આંબેડકરના કાફલાને આગળ લઈ જવામાં દરેક પ્રકારનું ત્યાગ અને બલિદાન આપવામાં શરમાવાનું નથી. ગયા વર્ષે ડિસેમ્બરમાં યોજાયેલી બહુજન સમાજ પાટીની બેઠકમાં માયાવતીએ ભત્રીજા આકાશ આનંદને પોતાનો ઉત્તરાધિકારી જાહેર કર્યો હતો. માયાવતીએ સભામાં જાહેરાત કરી કે બહુજન સમાજ પાટી માં તેમના અનુગામી આકાશ આનંદ હશે. ૨૮ વર્ષના આકાશ આનંદે લંડનમાંથી એમબીએમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. ૨૦૧૭ માં, માયાવતીએ સૌપ્રથમ આકાશને સહારનપુરમાં એક જાહેર સભામાં લોન્ચ કર્યો હતો.

કોરોના દરેક સામે કારગર All-In-One રસી । જે વેક્સીન ડેવલપમેન્ટનો અભિગમ છે, જેણે ઉંદરમાં આશાસ્પદ પરિણામો દર્શાવ્યા છે

# વૈજ્ઞાનિકોએ સંયુક્ત રીતે એક નવી ઓલ-ઇન-વન રસી શોધી કાઢી

। (એજન્સી) નવીદિલ્હી તા.૮ ।

વિશ્વની અગ્રણી યુનિવર્સિટીઓના વૈજ્ઞાનિકોની ટીમે કોરોના વાયરસ સામેની લડાઈમાં મોટી સફળતા હાંસલ કરી છે. આ ટીમે કોરોનાને હરાવવા માટે એક નવો ઓલ-ઈન-વન ડોઝ વિકસાવ્યો છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ ડોઝ માનવોને કોરોના વાયરસના દરેક પ્રકારથી સુરક્ષિત કરી શકે છે. આમાં તે વેરિયન્ટ્સ પણ સામેલ છે જે હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. હકીકતમાં, કોરોનાને લઈને એ વાત સામે આવી છે કે આ વાયરસ તેના સ્વરૂપમાં લોકોની મુશ્કેલીઓ વધારે છે. આ વાયરસથી બચાવ માત્ર રસી દ્વારા જ શક્ય છે.અમેરિકા અને યુરોપના વૈજ્ઞાનિકોએ સંયુક્ત રીતે એક નવી ઓલ-ઈન-વન રસી શોધી કાઢી છે. આ રસી ઓમિક્રોન, ડેલ્ટા,







આલ્ફા, ગામા, એક્સ સહિત કોરોનાના તમામ પ્રકારો સામે રક્ષણ આપી શકે છે. વૈજ્ઞાનિકનું આ સંશોધન સોમવારે 'નેચર નેનોટેકનોલોજી'માં પ્રકાશિત થયું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે આ નવી શોધ પ્રોએક્ટિવ વેક્સિનોલોજી પર આધારિત છે, જે વેક્સીન ડેવલપમેન્ટનો અભિગમ છે, જેણે ઉંદરમાં આશાસ્પદ પરિણામો દર્શાવ્યા છે.

અમેરિકાની ઓક્સફર્ડ, કેમ્બ્રિજ યુનિવર્સિટી અને કેલ્ટેકના સંશોધકોએ સંયુક્ત રીતે આ અભ્યાસ હાથ ધર્યો છે, જેમાં કોરોના વાયરસના આઠ વિવિધ પ્રકારો પર તેની અસરની પણ તપાસ કરવામાં આવી હતી. આમાં **SARS-CoV-2** નો પણ સમાવેશ થાય છે જેના કારણે **COVID-19** ફાટી નીકળ્યો અને હાલમાં હવામાં ફરતા અનેક પ્રકારો અને માનવોમાં ફેલાવાની અને રોગચાળાનું કારણ બને તેવી સંભાવના ધરાવે છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના ફાર્માકોલોજી વિભાગના સ્નાતક સંશોધક રોરી હિલ્સે જણાવ્યું હતું કે, અમારું ધ્યાન એવા ડોઝ બનાવવા પર છે જે આપણને આગામી કોરોના વાયરસથી સુરક્ષિત કરે. તેને ટૂંક સમયમાં તૈયાર કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઉદાહરણ તરીકે, નવા ડોઝમાં **SARS-CoV-1** કોરોના વાયરસનો સમાવેશ થતો નથી. પરંતુ તે હજી પણ તે વાયરસ સામે મનુષ્યમાં રોગપ્રતિકારક પ્રતિક્રિયા પેદા કરી શકે છે. તેમણે કહ્યું કે નવા કોરોના વાયરસની મહામારી આવે ત્યાં સુધી આપણે રાહ ન જોવી જોઈએ.

હિલ્સે કહ્યું, અમે એક ડોઝ બનાવ્યો છે જે વિવિધ પ્રકારના કોરોના વાયરસ સામે રક્ષણ પૂરું પાડે છે, જેમાં એવા પ્રકારોનો સમાવેશ થાય છે કે જેના વિશે અમને હજુ સુધી ખબર નથી. તેની અસરકારકતાની ચાવી એ છે કે ચોક્કસ વાયરસ પ્રદેશો કે જેને રસી લક્ષ્યાંકિત કરે છે તે ઘણા સંબંધિત કોરોના વાયરસમાં પણ દેખાય છે. આ વિસ્તારો પર હુમલો કરવા માટે રોગપ્રતિકારક તંત્રને તાલીમ આપીને, તે અન્ય કોરોના વાયરસ સામે રક્ષણ પૂરું પાડે છે જેઓ રસીમાં દર્શાવવામાં આવ્યા નથી, જેમાં હજી સુધી ઓળખવામાં આવી નથી. તેમણે કહ્યું, આપણે કોરોનાના નવા પ્રકાર માટે રાહ જોવાની જરૂર નથી. રિપોર્ટના વરિષ્ઠ લેખક અને કેમ્બ્રિજ યુનિવર્સિટીના ફાર્માકોલોજી વિભાગના પ્રોફેસર માર્ક હોવાર્થે કહ્યું કે, અમે કોરોના અને તેની સામેની વિવિધ પ્રતિરક્ષાઓ વિશે પૂરતા પ્રમાણમાં જાણીએ છીએ. હવે આપણે કોરોના સામે રક્ષણાત્મક રસી તૈયાર કરી શકીએ છીએ.

### વિદ્યાર્થીઓમાં કૌશલ્યથી ખીલે તેવી પ્રવૃત્તિ કરાવાઈ | મંદિર, ફાયર સ્ટેશન જેવા સ્થળોની મુલાકાત કરાવી

# સુરતમાં શિક્ષણ સમિતિની શાળામાં સમર કેમ્પનું આયોજન

| (એજન્સી) સુરત, તા.૮ |

ઉનાળાનું વેકેશન શરૂ થાય ત્યારે બાળકોને સમર કેમ્પમાં મોકલવામાં આવતા હોય છે જ્યાં બાળકોનું કૌશલ્ય ખીલે તેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી હોય છે ત્યારે સુરતમાં મહાનગરપાલિકા શિક્ષણ સમિતિની શાળા દ્વારા ખાસ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઉનાળાનું વેકેશન શરૂ થાય ત્યારે વિવિધ સંસ્થાઓ દ્વારા મોંઘી ફી લઈને સમર કેમ્પનું આયોજન થાય છે પરંતુ પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કૂલો દ્વારા વિદ્યાર્થીઓમાં કૌશલ્ય ખીલે તે માટે તેમની ઉંમર પ્રમાણે વિવિધ પ્રવૃત્તિઓ શીખવવામાં આવી રહી છે. આ સમર કેમ્પ દરમિયાન સમિતિની શાળાના વિદ્યાર્થીઓને ફાયર સ્ટેશન, મંદિરની મુલાકાત સાથે એક્વેરિયમની મુલાકાત કરાવવા સાથે સાથે વિવિધ પ્રવૃત્તિઓ પણ શીખવવામાં આવી હતી. પાલિકાની શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ વેકેશનમાં પણ ઉપયોગી બને તે માટે પાલિકા સંચાલિત અડાજણની કંચનલાલ મામાવાળા પ્રાથમિક શાળામાં સમર કેમ્પનું આયોજન કરવામા આવ્યું છે. આ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં સર્વાંગી વિકાસ અને એમનામાં રહેલી કલાને બહાર આવે અને શિક્ષણનો ભાર વિના શીખે નવી શિક્ષણ નીતિ એટલે પ્રવૃત્તિ સભર શિક્ષણ જેમાં બાળકો આનંદની અનુભૂતિ મેળવી અને પોતાની આવડતને બહાર લાવે તે હેતુથી સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ શાળામાં ૩ થી ૮



મે દરમિયાન સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું તે અંગે માહિતી આપતા ફાલ્ગુની પટેલે જણાવ્યું હતું કે, આખું વર્ષ પુસ્તકનું જ્ઞાન પ્રાપ્ત કરે પણ સમર કેમ્પમાં થતી પ્રવૃત્તિ બાળકની વિચાર શક્તિ વિકાસ કરે છે અને સાથે તેને કઈ પ્રવૃત્તિ આનંદ કરીને પોતાના મનને પ્રફુલ્લિત કરે જેનાથી માનસિક તાણ નથી અનુભવતા અને બાળક મોબાઈલ થી દુર રહે તેવા આશયથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. પહેલા દિવસે કવીલીન વર્ક કરાવેલ જેમાં આપેલ પટ્ટીની કવીલ કરી અલગ અલગ આકાર થી ગોઠવણી કરી પોતાની પ્રવૃત્તિ કરવામાં આવી આ સમર કેમ્પમાં નાના બાલવાડી થી લઈ ધોરણ ૮ સુધીના બાળકો હતાં. એમના ગ્રુપ પણએ રીતે બનાવેલા કે જેમાં બાળવાડીનું બાળક પણ હોય અને ધોરણ ૮ના વિદ્યાર્થીઓ હોય જેથી મોટા નાનાને સમજે અને ધીરજ કેળવે પોતાની અને નાના મોટાનો આદર કરી માન કરતા શીખે તેવો હેતુ છે. ત્યારબાદ બીજા દિવસે માટીના વાસણો પર કરાવેલ પેઈન્ટિંગ વર્ક જેમાં ખૂબ સરસ રીતે વાત મર્યાદા મુજબની કામગીરી કરવામાં આવી હતી.

આવા પ્રકારની પ્રવૃત્તિ સાથે સાથે બાળકોને આનંદ મળે તથા વ્યવહારુજ્ઞાન મળે તે માટે બાળકોને ફાયર સ્ટેશન, શિવ મંદિર, રામજી મંદિર, બીલીના વૃક્ષ, પીપળાના વૃક્ષનું મહત્વ સમજાવ્યા બાદ બાળકોને એક્વેરિયમની મુલાકાત લેવડાવ્યા બાદ બાળકોને ચાની લારી પર ચાની ચુસ્કીની મજા પણ માણવા દેવામાં આવી હતી. આ સમર કેમ્પ દરમિયાન તમામ દિવસ કઈ અલગ અલગ આપવામાં આવેલ છે. જે ખાઈને મજા માણે અને પ્રવૃત્તિનો તમામ ખર્ચ શિક્ષક દ્વારા જ કરવામાં આવ્યો હતો, જેમાં ૭૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો

## ન્યૂઝ બ્રિફ

### પોલીસ દ્વારા કબજે કરાયેલા વાહનમાં અચાનક આગ લાગી

| (એજન્સી) વડોદરા, તા.૮ |

વડોદરા જિલ્લાના જરોદ પોલીસ સ્ટેશન પાસે આજે બપોરે લાગેલી આગના બનાવમાં પોલીસ સ્ટેશન દ્વારા કબજે કરવામાં આવેલા સંખ્યાબંધ વાહનોને નુકસાન થયું હતું. વાઘોડિયા તાલુકામાં વડોદરા હાલોલ રોડ પર આવેલા જરૂર પોલીસ સ્ટેશન પાસે ખુલ્લામાં પોલીસ દ્વારા જુદા જુદા ગુનામાં કબજે કરવા આવેલા વાહનો રાખવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર બપોરે ૧૨ વાગ્યાના અરસામાં કચરામાં આગ લાગ્યા બાદ નજીકમાં ખડકાયેલા વાહનોમાં પણ આગ પ્રસરતા અનેક વાહનો લપેટમાં આવી ગયા હતા. જેથી વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. પ્રાથમિક વિગતો મુજબ, આગમાં ૧૫ જેટલા ટુ-વ્હીલર, ૭ કાર, ટેમ્પો અને રીક્ષા જેવા વાહનોને નુકસાન થયું ફાયર બ્રિગેડ આગ કાબુમાં લઈ વધુ નુકસાન અટકાવ્યું હતું.

### તલાલા નજીક રિએક્ટર સ્કેલ પર ૩.૪ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો

| (એજન્સી) તલાલા, તા.૮ |

ગુજરાતના સૌરષ્ટ્રમાં બુધવારે ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટે આ અંગે જણાવ્યું કે આજે બપોરે ૩.૧૮ વાગ્યે સૌરાષ્ટ્રમાં તલાલાથી ૧૨ કિમી ઉત્તર-ઉત્તરપૂર્વમાં રિએક્ટર સ્કેલ પર ૩.૪ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. જોકે આ ભૂકંપથી કોઈ પણ પ્રકારનું જાનમાલનું નુકસાન થયું નથી. ભૂકંપના પગલે હાલ લોકોમાં ભયનો માહોલ છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ૨૦૨૩માં છેલ્લા બે માસથી એટલે કે નવેમ્બર અને ડિસેમ્બરમાં એક વાર વલસાડમાં, એક વાર રાજકોટમાં અને છ વખત કચ્છમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ગુજરાતના નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ 'એક્સ' પર પુષ્ટિ કરી હતી કે ૮મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે નવ વાગ્યે, ૩.૯ની તીવ્રતાનો ધરતીકંપ રાજકોટના ઉત્તરપશ્ચિમમાં ૧૩૩ કિમી દૂર, ૨૦ કિમીની ઊંડાઈએ નોંધાયો હતો. કચ્છમાં તેના અસામાન્ય પ્રાકૃતિક સ્થાન અને ભૂગોળને કારણે, દર થોડા મહિને ધરતીકંપના આંચકા અનુભવાય છે. આ ઉપરાંત જાન્યુઆરી, ૨૦૦૧માં આવેલ ભૂંકપે કચ્છમાં સર્જેલી તારાજીનાં દૃશ્યો પણ ઘણાને યાદ હશે.

### બૂથ કેપ્ચરિંગ મામલે બે લોકોની ધરપકડ કરાઈ

| (એજન્સી) દાહોદ, તા.૮ |

ગઈકાલે રાજ્યમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન સંપન્ન થયું હતું, ત્યારે આજે એક વાયરલ થયેલા વીડિયોથી ભારે હોબાળો મચી ગયો છે. દાહોદના પરથમપુર ગામે બૂથ કેપ્ચરિંગની ઘટના સામે આવી હતી. આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. સાથે જ કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. આ મામલે બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ફરજ પરના કર્મચારીઓને કારણદર્શક નોટિસ અપાઈ છે. પ્રિસાઈડિંગ ઓફિસર, આસિ.પ્રિસાઈડિંગ ઓફિસર, બે પોલિંગ ઓફિસરોને નોટિસ આપવામાં આવી છે. બૂથ કેપ્ચરિંગ મામલ ચૂંટણી પંચ એક્શનમાં આવ્યું છે. આ મામલે સંયુક્ત ચૂંટણી અધિકારીનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, પ્રાથમિક તપાસમાં બુથ કેપ્ચરિંગ જણાય છે. કલેક્ટર અને જીઁ સાથે ચર્ચા બાદ નિર્ણય લેવાશે. સમગ્ર મામલે ઈઁ પાસેથી રિપોર્ટ મગાવ્યો છે. બુથ કેપ્ચરિંગ મામલે બે લોકોની ધરપકડ કરાઈ છે. સંતરામપુરમાં બુથ કેપ્ચરિંગ મામલે કોંગ્રેસ ઉમેદવાર પ્રભાબેન તાવિયાડનું નિવેદન સામે આવ્યું છે.

### ઓછા મતદાનથી ભાજપમાં ચિંતા | ગુજરાતમાં લગભગ દાયકા પછી લોકસભા ચૂંટણીમાં ૬૦ ટકા કરતાં ઓછું મતદાન થયું છે

# અમિત શાહે કમલમમાં બેઠકોનો દોર ચલાવ્યો

| (એજન્સી) ગાંધીનગર, તા.૮ |

ગુજરાતમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ૨૫ બેઠકો પર સરેરાશ ૫૯ ટકાના ઓછા મતદાનના લીધે રાજકીય પક્ષોમાં સોંપો પડી ગયો છે. આ સંજોગોમાં ભાજપ બધી બેઠકો પર પાંચ લાખથી વધુ લીડથી જીતે તેવી સંભાવના ઘટી ગઈ છે. આમ ગુજરાતમાં લગભગ દાયકા પછી લોકસભા ચૂંટણીમાં ૬૦ ટકા કરતાં ઓછું મતદાન થયું છે.

ગુજરાતમાં સૌથી વધુ મતદાન વલસાડમાં ૭૨ ટકા મતદાન થયુ હતુ. જ્યારે અમરેલીમાં માંડ ૪૯ ટકા મતદાન થયું હતું. ઓછા મતદાનના આંકડાના લીધે ગાંધીનગરમાં બેઠકોનો ધમધમાટ થવા લાગ્યો છે. સરકારની સાથે કમલમમાં પણ અમિત શાહે



બેઠકોનો દોર હાથમાં લઈ લીધો છે. તેના લીધે તેમણે દિલ્હી જવાનું પણ ટાળ્યું હતુ અને ગાંધીનગરમાં રાતોરાત બેઠકો લેવા માંડી હતી અને દરેક સીટની સુધ તેમણે રાતે જ લઈ લીધી હોવાનું કહેવાય છે. તેની સાથે પરિણામની ચર્ચા કરી લીધી હોવાનું મનાય છે. તેને ધ્યાનમાં રાખતા હવે ભાજપ માટે પાંચ લાખની લીડ ભૂલી જવાનો વારો આવ્યો છે.

બપોરના ધીમા મતદાન પછી સાંજે મતદાન વધારે થાય તેવી સંભાવના હતી, પરંતુ તે પણ શક્ય બન્યું ન હતું. ક્ષત્રિય આંદોલનને લઈને ભાજપ આશ્વસ્ત છે, કારણ કે તેની અસર રાજ્યવ્યાપી નહીં પણ પરસોત્તમ રૂપાલાની બેઠક અને સૌરાષ્ટ્ર સુધી જ સીમિત છે અને સૌરાષ્ટ્રના અમુક વિસ્તારો પૂરતી જ સીમિત છે. સૌરાષ્ટ્રના કેટલાય વિસ્તારોમાં ઓછું મતદાન તેનો પુરાવો છે.

જો કે સરેરાશ કરતાં ઓછા મતદાનના લીધે અમિત શાહે હવે મોટા આગેવાનો ઉપરાંત સ્થાનિક આગેવાનો અને કાર્યકરોને કમલમમાં મળવા માંડ્યું છે. તે બધા સાથે આખી રાત બેઠકોનો દોર ચાલ્યો હતો. તેઓ હવે દરેક બેઠકનો રિપોર્ટ તૈયાર કરીને વડાપ્રધાનને મળવા જશે તેમ મનાય છે.તેમણે આ ઉપરાંત કઈ બેઠકમાં કોંગ્રેસને કેટલો ફાયદો થશે અને ભાજપને ક્યાં ફાયદો અને ક્યાં નુકસાન થશે તેની સમીક્ષા કરવાનું શરૂ કરી દીધું છે. કાર્યકર્તાઓની નારાજગી અંગે પણ ચર્ચા કરવામાં આવી છે. આ બેઠકમાં પક્ષના કયા નેતાઓ નારાજ છે અને ક્યાં-ક્યાં કાર્યકરો નારાજ છે તેની ચર્ચા થઈ હતી. આ ઉપરાંત આ બેઠકમાં કોંગ્રેસ પણ ચર્ચાનો મુદ્દો બન્યો હતો. કઈ બેઠકો પર કોંગ્રેસનું પલડુ ભારે છે. કેટલીક બેઠકો પર વિપક્ષનું પલડું ભારે છે અને આ બેઠકો પર શું ફાયદો થશે તે અંગે ચર્ચા થઈ હતી.

### મારા વક્તવ્યથી ભાજપને મુશ્કેલીમાં મૂકનારું થયું તેની જબાબદારી હુ સ્વીકારું છું : રૂપાલા

#### ફરી માફી માગું છું ભૂલના લીધે ક્ષત્રિય સમાજને ઉજ્વલિત થવાનું કારણ બન્યું



| અમદાવાદ, તા.૮ |

ગુજરાતમાં ચૂંટણી પુરી થયા બાદ ભાજપના રાજકોટ બેઠકના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાએ મોટી પ્રતિક્રિયા સામે આવી છે. મારા ૪૦ વર્ષના જાહેર જીનવની કારકિર્દી છે અને એ કારકિર્દીના આ દૌરમાં ચૂટણી લડ્યો, મારે તમારા બધા બચ્ચે એકદમ નિખાલસથી એકરાર કરવો છે કે, મારી સમગ્ર કારકિર્દીના દૌરનું સૌથી કઠીન સમયમાં પસાર થયો છું.

ક્ષત્રિય વિરુદ્ધ નિવેદના કારણે ચૂટણીમાં ખૂબ મોટા વમળો સર્જાયા અને મારી મારાથી ભૂલ થઈ એની પ્રતિક્રિયામાં ક્ષત્રિય સમાજ તરફથી એના સમાજને ઉજ્વલિત થવાનું નિમિત કે કારણ બન્યું. આખી ધટનાનું કેન્દ્રબિંદુનું કારણ હું જ હતો, પણ થયું એવું કે એમાં આખી ભાજપ પાર્ટી લપેટાઈ ગઈ આના કારણે પાર્ટીને પણ સહન કરવું પડ્યું, જે મારા માટે સૌથી કષ્ટ દાયક છે.

મારા વકતવ્યો મારી પાર્ટી માટે એસેટ (પ્રોત્સાહિત) હતા. મારું વક્તવ્ય સમગ્ર ભાજપ પાર્ટીને મુશ્કેલીમાં મુકનારું થયું તેની જબાબદારી હુ સ્વીકારું છું. 'હું પણ માણસ છું માણસ માત્ર ભુલને પાત્ર' છે. મેં તો ચૂટણી પૂર્વે સહજતાથી માફી પણ ક્ષત્રિય સમાજ વચ્ચે જઈને માફી માંગી લીધી હતી

હવે મતદાનની પ્રક્રિયા પુર્ણ થઈ છે. મતવાળો પ્રશ્ર્ન કે રાજકારણ વાળો કોઈ વિષય રહ્યો નથી. 'હુ પરશોત્તમ રૂપાલા ભારતીય જનતા પાર્ટીનો કાર્યકરતા તરીકે ક્ષત્રિય સમાજના લોકોની લાગણી દુભાઈ છે મારા વતી જેનાબદલ ફરીવાર એકવાર નમ્રતા પુર્વક માફી માગું છું સમ્રહ ક્ષત્રિય સમાજને અને માતૃશક્તિને પણ વિનંતી કરું છું. આ નિવેદ મારું રાજનીતી પ્રેરિત નથી.

દેશના વડાપ્રધાન મોદી સાહેબને પણ આ ધટનાના કારણે સાંભળ્યું પડ્યું હશે. એમને પણ મારા લીધે પીડા થઈ હશે.

### પાણીજન્ય રોગચચાળો બેકાબૂ બની રહ્યો છે

# અમદાવાદમાં ગરમીમાં વધારો થતાં ઓપીડીમાં દર્દીઓની સંખ્યા વધી

| (એજન્સી) અમદાવાદ, તા.૮ |

અમદાવાદમાં ગરમીમાં વધારો થતાં ઓપીડીમાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. સોલા સિવિલ હોસ્પિટલમાં ઓપીડીમાં એક જ સપ્તાહમાં ૧,૦૬૬ દર્દીઓ જોવા મળ્યા છે. તેની સાથે વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં પણ કેસમાં વધારો નોંધાયો છે.

આ કેસોમાં મેલેરિયાના ૨૨૩, ડેન્ગ્યુના ૮૩ અને ચિકનગુનિયાના છ કેસ સહિત વાઈરલ કેસોમાં નોંધપાત્ર ઉછાળો નોંધાયો છે. લોકોના આરોગ્ય પર કાળઝાળ ગરમીની અસર જોવા મળી રહી છે. અમદાવાદમાં પાણીજન્ય રોગચચાળો બેકાબૂ બની રહ્યો છે. ઝાડા ઉલ્ટીના ૧,૩૬૬ તથા કોલેરના ૧૮ કેસ નોંધાયા છે. વટવા અને અમરાઈવાડી, દાણીલીમડાની સાથે મણિનગર, લાંભાની જોડે વસ્ત્રાલમાં કોલેરાના કેસ મહિનામાં નોંધાયા છે. પાણીના સેમ્પલ પૈકી ૧૩૪ સેમ્પલ યુનિ.ના આરોગ્ય વિભાગે અનફીટ જાહેર કર્યા છે.

### યુવા મતદારોને આપ્યો ખાસ સંદેશ

# NRI મહિલા વોટિંગ કરવા ઓમાનથી ગુજરાત આવ્યા

| (એજન્સી) વડોદરા, તા.૮ |

મૂળ વડોદરાના પણ છેલ્લા ૧૧ વર્ષથી ઓમાન દેશની રાજધાની મસ્કતમાં રહેતા નેહાબેન વોરા ૧૫૦૦ કિલોમીટરની મુસાફરી કરીને ખાસ મંગળવારે ત્રીજા તબક્કાના લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે મતદાન કરવા વડોદરા આવ્યા હતા. નેહાબેને પોતાનો મત આપ્યા બાદ કહ્યું હતું કે, 'મેં યુવા મતદારોને સંદેશ આપવા માટે ખાસ વોટિંગ કરવા માટે ભારત આવવાનો નિર્ણય લીધો હતો. મતદાન દરેક ભારતીયનો અધિકાર છે. એનઆરઆઈ હોવા છતા મને મતદાન કરવાનુ ગૌરવ પ્રાપ્ત થયું છે. મતદાન કરવાનો અનુભવ પણ સુખદ રહ્યો છે.મતદાનની કાર્યવાહીનુ ઘણુ સારી રીતે સંચાલન થઈ રહ્યું હતું.

### વેશપલટો કરી પીછો કરી આરોપીને પકડયો

# ૧ કરોડના ડ્રગ્સ મામલામાં SOGની મળી મોટી સફળતા

| (એજન્સી) સુરત, તા.૮ |

૧ કરોડના ડ્રગ્સ મામલામાં SOGની મોટી સફળતા મળી છે. એક સપ્તાહ પહેલા પોલીસે મોટી માત્રામાં ડ્રગ્સનો જથ્થો પકડ્યો હતો. શહેરના લાલગેટ વિસ્તારમાં પોલીસે ૧ કરોડથી વધુનું હાઈપ્યોરિટી MD ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરતા ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો. દરમ્યાન પોલીસને જોતા જ આરોપીઓ ભાગી છૂટયા હતા. સીસીટીવીમાં પણ આરોપીઓ ભાગતા હોવાનું કેદ થયું છે. જો કે પોલીસે ભાગેડુ આરોપીઓને પકડવા એડીચોટીનું જોર લગાવી દીધું હતું. અને અંતે પોલીસને સફળતા મળી અને આરોપીઓને ઝડપી પાડ્યા. સપ્તાહ પહેલા જ પોલીસે શહેરના લાલગેટ વિસ્તારમાંથી ૧ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. પોલીસને બાતમી મળી હતી કે લાલગેટ વિસ્તારમાં બે ઈસમો ડ્રગ્સની હેરાફેરી કરી રહ્યા છે. SOGએ બાતમીના આધારે ઘટના સ્થળ પર વોચ રાખી હતી. દરમ્યાન એક શખ્સ પોતાના મોપેડ પર પ્રતિબંધિત એમડી ડ્રગ લઈને નીકળ્યો હતો. જે શખ્સ દ્વારા આ ડ્રગ્સનો ઓર્ડર આપવામાં આવ્યો હતો તેને આપવા લઈ જવામાં આવતું હતું. દરમ્યાન પોલીસને જોતા જ બે શખ્સ ત્યાંથી ભાગી છૂટયા હતા. પોલીસે આ રેડમાં પ્રતિબંધિ ૧ કિલો એમડી ડ્રગ ઝડપી પાડ્યું હતું. આ ડ્રગની કિમંત આશરે ૧ કરોડ હોવાની માનવામાં આવે છે. ડ્રગ્સની હેરાફેરી કરનારા બંને શખ્સને પકડવા પોલીસે તાત્કાલિક કામગીરી હાથ ધરી હતી. ભાગી છૂટેલા મોહમ્મદ કાસીફ ઉર્ફે પશીના અને શહેબાઝ શેખ નામના બે આરોપીમાંથી એસઓજી પોલીસે એકની ધરપકડ કરી છે. ૧ કરોડ ડ્રગ્સ મામલામાં પોલીસ તપાસમાં સામે આવ્યુ કે આ ડ્રગ્સ મોહમ્મદ કાસિફ શેખ નામના માણસે મંગાવ્યુ હતું. ડ્રગ્સ મંગાવનાર મોહમ્મદ કાસિફ મુંબઈ ગયો અને ત્યાંથી ઉત્તરપ્રદેશ ભાગી ગયો હતો. પોલીસે બાતમીના આધારે ફિલ્મી ઢબે આરોપીનો ૧૮૮કિમી પીછો કર્યો અને ઉત્તરપ્રદેશના લખનૌ સ્થિત દેવા શરીફ ખાતેથી વેશપલટો કરી ઝડપી પાડ્યો. ડ્રગ્સની હેરાફેરી કરનાર આરોપીઓને પકડવા SOGની ટીમે ફિલ્મી ઢબે કામગીરી કરી. પોલીસે વેશપલટો કરી બંને આરોપીઓને ઉત્તર પ્રદેશથી આરોપીઓને પકડી પાડ્યા. ઉત્તરપ્રદેશથી રાજ્યમાં આરોપીઓને લાવવામાં આવ્યા છે. પોલીસ તેમની અટકાયત કરી ડ્રગ્સ મામલે વધુ પુછપરછ કરશે.

### પોસ્ટમોર્ટમ રૂમ બહાર છુટાહાથની કરી મારામારી

# સુરતની સિવિલ હોસ્પિટલમાં બે ભાઈઓ અંદરો અંદર બાખડી પડ્યા

#### બંને ભાઈઓએ છુટા હાથની મારામારી કરી હતી પિતાના મૃતદેહને લઈ જવા મામલે બંને ભાઈ ઝગડી રહ્યા હતા

| (એજન્સી) સુરત, તા.૮ |

સુરતની સિવિલ હોસ્પિટલમાં બે ભાઈઓ અંદરો અંદર બાખડી પડ્યા હતા. પિતાના મૃતદેહ ને લઈ બંને ભાઈઓ સિવિલ હોસ્પિટલ ના પોસ્ટમાર્ટમ રૂમની બહાર જાહેરમાં બાખડી પડ્યા હતા બંને ભાઈઓએ છુટા હાથની મારામારી કરી હતી પિતાના મૃતદેહને લઈ જવા મામલે બંને ભાઈઓ જગડી રહ્યા હતા.

કહેવાય છે ને કે બુઢાપામાં સંતાન જ માતા પિતા ને સાચવે છે. પરંતુ સુરતમાં પિતાને મોત બાદ મોતનો મલાજો પણ તેમના સંતાનો એ જાળવી ન રાખ્યો નેપાળી પરિવારના એક વૃદ્ધનું



મોત થયું હતું ત્યારે લાશને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી તે દરમિયાન તેમનાથી જુદા રહેતા બે પુત્ર પણ આવ્યા હતા પિતાને જીવતા તો સાથે ના રાખી શક્યા પરંતુ મર્યા બાદ પણ બંને ભાઈઓએ જાહેરમાં મારામારી કરી હતી. પિતાના મૃતદેહને લઈ જવા બાબતે બંને ભાઈઓ જાહેરમાં જ બાખડી પડ્યા હતા. ૨૦૦ જેટલા સમાજના લોકો વચ્ચે પણ બંને ભાઈઓ ઝઘડતા રહ્યા પરિવારના વડીલોએ બંને ભાઈઓને સમજાવી ઝઘડો શાંત કરાવી મૃતદેહને લઈ ગયા હતા મહત્વનું છે કે સિવિલ હોસ્પિટલ ના પીએમ રૂમની પાસે જ પોલીસ ચોકી આવેલી છે તેમ છતાં આ બંને ભાઈઓ જાહેરમાં જ છુટા હાથની મારામારી કરતા હતા પિતાના મોત બાદ મૃતદેહ છે તે કોના ઘરે લઈ જવા છે તે બાબતને લઈને ચર્ચા ચાલતી હતી એકાએક વાતચીત મારામારી સુધી પહોંચી ગઈ હતી.

### આજે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થશે

| (પ્રતિનિધી) થરા, તા.૮ |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના નાયબ અધ્યક્ષ ડી.એસ.પટેલે એક અખબારી યાદી જણાવે છે કે માર્ચ-૨૦૨૪ માં યોજાયેલ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુ. પ્રવાહ, GUJCET-2024 અને સંસ્કૃત મધ્યમાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર તારીખ: ૦૯/૦૫/૨૦૨૪ ના રોજ સવારના ૦૯:૦૦ કલાકે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ પરીક્ષાનો બેઠક ક્રમાંક(Seat Number) ઈહીિકરી મેળવી શકશે. વિદ્યાર્થીઓ WhatsApp Number 6357300971 પર પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક, પ્રમાણપત્ર, અને S.R. શાળાવાર મોકલવા અંગેની જાણ હવે પછીથી કરવામાં આવશે. પરીક્ષા બાદ ગુણચકાસણી, દફતર ચકાસણી, નામ સુધારા, ગુણ-તૂટ અસ્વીકાર અને પરીક્ષામાં પુન.ઉપસ્થિત થવા માટેની જરૂરી સૂચનાઓ સાથેનો પરિપત્ર હવે પછીથી પ્રસિધ્ધ કરવામાં આવશે તથા ગુણપત્રક અને પ્રમાણપત્ર સાથે શાળાઓને મોકલી આપવામાં આવશે. જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતો એ નોંધ લેવી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨